lillam lillo liliyo (Gujarati Edition)

Oza , Manhar

VISIT...

LANZAROTE Caliente.COM

મનહર ઓઝા

લીલ્લમ લીલ્લો લીલીયો

મનહર ઓઝા

પ્રકરણ-૧
ડાંગ વનમાં એલીયન

ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોની સરહદ પર સહ્યાદ્રીની પર્વતમાળા આવેલી છે. આ પર્વતમાળા પાસે આવેલાં પીપલદહાદમાં પૂર્ણા નદીનું ઉદગમ સ્થાન છે. પીપલદહાદથી નીકળતી પૂર્ણા, કિશોરીની જેમ કલકલ વહેતી, ઉછળતી, કૂદતી ડાંગના ઘટાટોપ જંગલોમાં પ્રવેશે છે. ત્યાંથી એ ધીર-ગંભીર યૌવનાની જેમ રૂમઝૂમતી, મલપતી આગળ વધે છે. સુરત જિલાના જંગલ વિસ્તારોમાં થઈને તે સાસરે જતી નવોઢાની જેમ લજ્જાતી, હરખાતી, નવસારી નજીક આવેલાં અરબ સાગરને ભેટીને તેના ધવલ ફીણમાં એકરૂપ બની જાય છે. ડાંગનું મુખ્ય મથક આહવા છે. આહવા-મહાલથી ડાંગના ઘનિષ્ઠ જંગલો શરુ થાય છે. જેમાં 'પૂર્ણા વાઈલ્ડલાઈફ સેન્ચુરી' (અભયારણ્ય) આવેલી છે.

મધ્યરાત્રીનો સમય હતો. જંગલનાં સર્વે પ્રાણીઓ, પક્ષીઓ પોતપોતાના નિવાસોમાં જંપી ગયાં હતાં. નિશાચર પક્ષીઓ શિકારની શોધમાં ટાંપીને ઝાડપર છુપાઈને બેઠાં હતાં. તમરાં અને બીજાં જીવડાંઓના અવાજ સિવાય સર્વત્ર શાંતિ પથરાઈ હતી. શાંત અંધકારમાં ક્યાંક ઘુવડ કે ચીબરીની ચીસ જંગલ ધ્રુજાવી દેતી હતી. નીરવ રાત્રીમાં વહેતી પૂર્ણા નદી માટે જાણેકે દિવસ ને રાત સરખાં હતાં.

ગ્રીષ્મની ગરમીથી પશુ-પંખીઓ અકળાઈ ગયાં હતાં. હવે તેઓ તરસી આંખે વરસાદની રાહ જોતાં હતાં. જતાં જતાં તેનું પુંછડું પછાડીને રોષ વ્યક્ત કરતાં સાવજની જેમ ઉનાળો આકરો થયો હતો. રાત્રે પણ ઉકળાટ શમ્યો ન હતો. ઘણીવાર મે મહિનામાં જ વરસાદનું આગમન થઇ જતું. પણ આ વર્ષે જૂન શરુ થયો તોયે વરસાદ આવ્યો ન હતો.

આકરી અને અંધારી રાતમાં વાદળો ઘેરાવા લાગ્યાં. અંધકારમાં બિહામણું લાગતું જંગલ વાદળો ઘેરાવાથી વધારે ડરામણું બન્યું હતું. ઘોર અંધકારને ચીરતો એક તેજલીસોટો આકાશમાંથી જંગલપર ઉતર્યો. થોડીવારે કોઈ મોટુ અંતરીક્ષ યાન દેખાયું. ધીરે ધીરે તે પ્રકાશનો શેરડો મોટો થતો થતો જંગલ ઉપર વર્તુળાકારે ફેલાવા લાગ્યો. યાનની લાઈટોથી જંગલ ઝગમગવા લાગ્યું.

એક મોટું અજાણ્યું વિશાળકાય અંતરીક્ષ યાન સો સવા સો મીટર જેટલું ઉંચે, આકાશમાં સ્થિર થયું. તેનો નીચેનો દરવાજો ખુલ્યો. તેમાં એક માનવ જેવો આકાર દરવાજામાં દેખાયો. તેણે નીચે જોયું અને કુદી પડ્યો. જંગલની ઝાડીઓ પરથી પડતો-આખડતો ડાળીઓનો કચ્ચરઘાણ કાઢતો, તે એક મોટા ઝાડની ડાળી પર ફસડાયો. તેના હાથમાં એક મોટી ડાળી આવી ગઈ. ડાળી પકડીને તે હવામાં ઝૂલ્યો અને ઝાડ પરથી નીચે કુધો. પૃથ્વી પર પગ પડતાં જ તે ખુશ થઇ ગયો. તેણે નીચા નમીને બંને હાથોની મુઠ્ઠીમાં માટી ભરી અને ઉપર આકાશ તરફ જોઇને હાથ ઉંચો કર્યો. મુઠ્ઠીની પક્કડ ઢીલી કરીને તેણે માટી હથેળીમાંથી નીચે સરવા દીધી. તે સરતી માટીને તિક્ષ્ણ નજરે જોઈ રહ્યો.

ફરીથી તેણે ઉપર જોયું. તે કશુંક બબડ્યો. થોડીવારમાં ઉપર ઉભેલું યાન, ઉપરની તરફ ઊંચકાયું. આવ્યું હતું તેમ ખૂબજ ઝડપથી તે આકાશનાં વાદળોમાં અદૃશ્ય થઇ ગયું. તેનો તેજ લીસોટો અંધકારમાં ઓગળી ગયો, ત્યાં સુધી પેલો માણસ ઉંચે જોઈ રહ્યો.

તેણે આજુબાજુ કુતુહલથી નજર ફેરવી. ગાઢ જંગલમાં ચારેબાજુ ઝાડ અને વનરાજી છવાયેલી હતી. તે ઉત્તર દિશામાં મોટાં પગલાં ભરતો ચાલવા લાગ્યો. બે કિલોમીટર જેવું

ચાલ્યા પછી તે ઊભો રહ્યો. તે કશુંક વિચારવા લાગ્યો. થોડીવાર તે સુનમુન ઊભો રહ્યો. તેણે આગળ વધવા પગ લંબાવ્યો પણ તેના શરીરનું સમતોલન જાળવી ન શકાતાં તે ડોલ્યો. તેણે તેના બે હાથ પસારીને સ્થિર થવા પ્રયત્ન કર્યો. તે થોડો ડાબે-જમણે ઝૂક્યો અને ઢગલો થઈને નીચે પડ્યો. પડ્યો તેવો તે અચેતન થઇ ગયો. તેના પડવાની રાહ જોતો હોય તેમ ગોરંભાયેલો વરસાદ, ધોધમાર તૂટી પડ્યો.

$$$$

'પૂર્ણા વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરી'ના જંગલોમાં પૂર્ણા નદીની ઉત્તરે દંડકારણ્ય તરીકે ઓળખાતા વિસ્તારમાં, 'ડોક્ટર કામથ રીસર્ચ લેબોરેટરી' આવેલી છે. આ લેબોરેટરી પૂર્ણા નદીના પશ્ચિમ બાજુના કિનારે સાડા ચાર એકરમાં પથરાયેલી છે. જમીનની ચારેબાજુએ સાત ફૂટની દીવાલ અને તેના પર ચાર ફૂટ ઉંચી તારની વાડ લગાવેલી છે. તેમાં આવવા માટે ઉત્તર અને દક્ષિણ, એમ બે ગેટ આવેલાં છે. દક્ષિણ તરફનો ગેટ મોટાભાગે બંધ રહે છે. આવવા-જવા માટે ઉત્તર તરફના ગેટનો ઉપયોગ કરવામાં આવે છે. આગળના ગેટથી અંદર જઈએ એટલે બસો ફૂટ દૂર લેબોરેટરીનું એક જૂની બાંધણીનું ખખડધજ મકાન નજરે પડે છે. ડોક્ટર એસ.એસ.કામથ આ લેબોરેટરીના સ્થાપક છે. ડોક્ટર કામથ સાઉથ ઇન્ડિયન છે. એકાવન વર્ષના કામથે લગ્ન કર્યા નથી. તેઓ બાયોલોજીમાં અનેક જાતના સંશોધનો કરી રહ્યાં છે. તેમને ભારત સરકાર અને અમેરિકન ગવર્નમેન્ટ તરફથી આર્થિક સહાય મળે છે.

તેમના આસીસ્ટંટ તરીકે વલ્લરી સિંહા અને વિજય પગારે કામ કરે છે. પાંત્રીસ વર્ષની વલ્લરીએ માઈક્રો બાયોલોજીમાં માસ્ટર કર્યું છે. સાડા પાંચ ફૂટ ઉંચાઈ ધરાવતી વલ્લરી દેખાવે સાધારણ છે. ઘાટીલી હોવાના લીધે તેના વાંકડિયા વાળ અને શ્યામ સ્કીન હોવા છતાં તે જોવી ગમે તેવી છે. તે પણ સાઉથ ઇન્ડીયન છે. આજીવન કુંવારા રહેવાનું તેણે નક્કી કર્યું છે.

વિજય પગારે ત્રીસ વર્ષનો તરવરીયો યુવાન છે. સવા પાંચ ફૂટ હાઈટ ધરાવતો વિજય હીરો જેવો લાગે છે. મહારાષ્ટ્રના છેવાડાના ગામનો વતની છે. બે વર્ષથી તે આ લેબમાં જોબ કરે છે. ફીઝીક્સમાં તેણે ગ્રેજ્યુએશન કર્યું છે. તેના બે જ ગોલ છે. ખૂબ રૂપિયા કમાવા અને રૂપાળી છોકરી સાથે લગ્ન કરવાં.

બહારથી જૂનું દેખાતું મકાન, અંદરથી અદ્યતન અને સાફસુથરું છે. તેમાં નીચેના ભાગે એક નાનકડો હોલ, પચાસ બાય ત્રીસ ફૂટનો નાનકડો કોન્ફરન્સ હોલ, તેની બાજુમાં ત્રણ નાનકડી ઓફિસો અને બે કોમન બાથરૂમ તથા બે ટોઇલેટ આવેલાં છે. પાછળની બાજુએ અદ્યતન રસોડું ને ડાઈનીંગ રૂમ છે. મકાનની નીચેના મોટા ભોંયરામાં લેબોરેટરી બનાવી છે. જેમાં લેબોરેટરીના સાધનો, વિવિધ ઉપકરણો અને પ્રયોગ કરવા રાખેલાં કેટલાં પશુ-પક્ષીઓ છે. ભોંયરાને બે દરવાજા છે. એક દરવાજો આગળની બાજુ અને બીજો પાછળની બાજુ. ભોંયરામાં જવા-આવવા આગળના દરવાજાનો ઉપયોગ કરવામાં આવે છે. પહેલા માળ પર આઠ જેટલી નાનકડી એટેચ બાથરૂમવાળી રૂમ્સ આવેલી છે. રૂમ્સની વચ્ચે ખુલ્લી જગા છે.

લેબોરેટરીની પાછળની બાજુએ બે સર્વન્ટ કવાટર્સ છે. એકમાં અહીંનો ચોકીદાર ધોનુ રહે છે અને બીજામાં રૂપો અને તેની વાઈફ ચંપા રહેછે. ધોનુ લેબોરેટરીનો ચોકીદાર છે, ને રૂપો નોકર. તે અહીંનું બધુજ પરચુરણ કામ કરે છે. રૂપાની વાઈફ, રસોઈ અને સાફ-સફાઈનું કામ કરે છે.

મોડીરાતે શરુ થયેલો વરસાદ હજુ પણ ચાલુ હતો. ડોક્ટર કામથ અને વિજય, સવારે વહેલાં ઉઠીને તૈયાર થઇ ગયાં હતાં. આજે તેઓ સૂરત કોઈ કામ અર્થે જવાના હતાં. વલ્લરીને સાથે જવાનું ન હોવાથી તે તેના રૂમમાં ઊંઘતી હતી.

'વિજય.. નીચે આવ, હું ગાડી કાઢું છું.' કામથે વિજયને ઘોઘરા અવાજે બુમ મારીને કહ્યું.

'સર..હું તો નીચે જ છું.' નીચેથી વિજયે કહ્યું.

'ઓકે..ગુડ.' કહેતાં કામથ નીચે ઉતરીને લેબોરેટરીની બહાર આવ્યાં. વિજય નીચે છત્રી લઈને ઊભો હતો. કામથે તેમની રીમોટ કીથી ગાડી ખોલી. બંને છત્રી ઓઢીને કાર પાસે આવ્યાં. વિજયે ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલ્યો. કામથ અંદર બેઠાં. વિજય બીજી સાઈડથી આગળની સીટમાં બેસી ગયો.

જંગલના ઉબડ-ખાબડ રસ્તા પર સ્કોર્પીઓ દોડવા લાગી. કામથને ડ્રાઈવિંગ કરવું ગમતું હતું. જયારે પણ બહાર જવાનું થાય ત્યારે ગાડી પોતે જ ચલાવતાં. સવારના સાત વાગ્યા હોવા છતાં હજુપણ અંધકાર છવાયેલો હતો. તેનું કારણ વાદળાં અને વરસાદ હતો. કામથે સ્પીકર ઓન કરીને મોબાઈલને બ્લુટુથથી કનેક્ટ કર્યો અને તેમનું મનગમતું સાઉથ ઇન્ડીયન મ્યુઝીક શરુ કર્યું. વિજયને તે ન ગમ્યું પણ તેણે અણગમાનો ભાવ ચહેરા પર આવવા દીધો નહિ.

'વરસાદ પડ્યો તે સારું થયું.' વિજયે રસ્તા પર નજર કરતા કહ્યું.

'યસ, હવે ચોમાસું જામશે.'

'ખબર નહિ, જામશે કે નહિ. આ પ્રકૃત્તિનું કંઈ કહેવાય નહિ.'

'પ્રકૃત્તિની અનિયમિતતાનું કારણ આપણે માણસો જ છીએ.'

'યુ આર રાઈટ સર.. એના કારણે જ આવનારાં વર્ષોમાં પાણીનો દુષ્કાળ પડશે.'

'હા, એ વાત ખરી. તું જોજે, પાણી માટે યુદ્ધ થાય તે દિવસો બહુ દૂર નથી.' કામથે જમણીબાજુ વળાંક લેતાં કહ્યું.

બંને પર્યાવરણની વાતો કરતાં જતાં હતાં. વરસાદ હવે થોડો ધીમો પડ્યો હતો. આછાં વાદળોમાંથી સુરજે ડોકિયું કર્યું. તેનાં સોનેરી કિરણો ભીનાં ઝાડ અને પત્તાં પર પડતાં, તે લાઈટની જેમ ચમકી ઉઠ્યાં. અચાનક કામથે કારને બ્રેક મારી.

'શું થયું સર..?'

'ઝાડીમાં કંઇક પડેલું દેખાયું.' કામથે કાર રીવર્સ લેતાં કહ્યું.

'કોઈ પ્રાણી હશે. દીપડાએ મારી નાખ્યું હશે.' વિજયે અનુમાન કર્યું.

કામથે કાર થોડી પાછળ લઈને ઉભી રાખી. કારની જમણીબાજુ થોડેક દૂર ઝાડીમાં કંઇક પડેલું દેખાતું હતું. વિજયે ઊંચા થઈને જોયું.

'ચાલો, નીચે ઉતરીને જોઈએ.' કામથે તેની નાનકડી બેગમાં છુપાવેલી રિવોલ્વર કાઢતાં કહ્યું.

'રહેવાદોને સર..ત્યાં જઈને જોવાની શી જરૂર છે?'

'ચાલ તો ખરો...!' કહેતાં કામથ નીચે ઉતર્યા.

વિજય પણ ઉતરીને તેમની પાછળ ડરતો ડરતો ચાલ્યો. થોડાં નજીક ગયાં ત્યારે તેમને માણસ જેવું કોઈ પ્રાણી નજરે પડ્યું. ઊંધું પડેલું નગ્ન શરીર જોઇને બંનેને નવાઈ લાગી. થોડો ડર પણ લાગ્યો. બંન્નેની આંખોમાં એકજ સવાલ રમતો હતો. 'કોણ હશે..?'

કામથે હિમ્મત કરીને નજીક જઈને જોયું. માણસ જેવું દેખાતું પ્રાણી, ઝાડીઓમાં ગૂંચળું વાળીને પડ્યું હતું. તેની ચામડી લીલા કલરની હતી. કામથે પગેથી તેને હલાવ્યું પણ તે જરાયે હાલ્યું નહિ.

'સર..મરી ગયું લાગે છે.' વિજયે નજીક આવતાં કહ્યું.

'જોઈએ તો ખરાં. આને સીધું કરીએ. ચાલ હાથ લગાવ.'

'કપડાં પણ પહેર્યા નથી..' ડરતાં ડરતાં વિજય તેની નજીક આવ્યો.

કામથ અને વિજયે ભેગાં થઈને તેને સીધો કર્યો. તેનો વિચિત્ર ચહેરો જોઇને વિજય બે ડગલાં પાછળ હટી ગયો. તેને જોઇને બંને વિચારમાં પડી ગયાં. તેના માથા પર લગાવેલી સ્ટીલ

જેવા ધાતુની પ્લેટ ચમકતી હતી. નિરીક્ષણ કરતાં કામથ બોલ્યા.

'વિજય..આ કોઈ સામાન્ય માણસ નથી. કોઈ પરગ્રહવાસી લાગે છે.'

'યુ મીન, એલીયન.. એ મેલ છે..!'

'યસ.. દેખાય છે. આપણે તેને લેબોરેટરીમાં લઇ જઈએ. તું ગાડીની ડીકીમાંથી દોરડું લાવ.'

'પણ સર...આપણે હાથે કરીને શું કામ મુસીબત ઉભી કરવી છે?'

'આ મુસીબત નથી, મોટો ખજાનો છે. તને એ નહિ સમજાય. તું દોરડું લાવ.'

'ખજાનો..?' મનમાં ગૂંચવાતો વિજય ગાડી તરફ દોડ્યો.

ડીકીમાંથી તે એક મોટું દોરડું લઈને આવ્યો. બંનેએ ભેગાં થઈને તેને કસકસાવીને બાંધ્યો. બંનેએ ભેગા થઈને ઊંચક્યો.

'બાપરે બહુ વજનદાર છે.' વિજય બોલ્યો. ગાડી સુધી લઇ આવતાં તો બંને થાકી ગયા. તેને પાછળની સીટમાં સુવડાવતા વિજય ફરીથી બોલ્યો.

'બહુ વજનદાર છે. સિત્તેર એંસી કિલો હશે. દમ નીકળી ગયો...!' વિજય હજુ પણ હાંફતો હતો.

'વિજય તું રિવોલ્વર લઈને તેની બાજુમાં બેસ. કદાચ ભાનમાં આવીને હુમલો કરે તો..સેફટી માટે.'

'પણ સર...હું..'

'કમોન વિજય, એ બંધાયેલો છે એટલે કશું નહિ કરે.'

વિજય કમને પાછળ બેઠો. કામથે ગાડી સ્ટાર્ટ કરીને રીવર્સમાં લીધી. કામથ ઊંડા વિચારોમાં ડૂબી ગયાં હતાં. વિજય પણ વિચારે ચઢી ગયો હતો. તેને મનમાં થતું હતું,

'કામથ સાહેબ આ એલીયનનું શું કરવા માંગતા હશે? કદાચ તેઓ ઇન્ડીયન ગવર્નમેન્ટમાં તેની જાણ કરીને ઇનામ મેળવવા માગતા હશે. તેનાથી કદાચ તેમને રૂપિયા ઉપરાંત એવોર્ડ પણ મળે. જે હોય તે, તેમાંથી મને પણ કંઇક તો મળશે જ..!'

કામથે તેની ગાડી લેબોરેટરીના પાછળના દરવાજા પાસે ઊભી રાખી. લેબોરેટરીની એક ચાવી કામથ હંમેશાં પોતાની પાસે રાખતાં. બંને ગાડીમાંથી નીચે ઉતર્યા. કામથે અવાજ ન થાય તે રીતે તાળું ખોલીને દરવાજો ખોલ્યો. તેણે સર્વન્ટ ક્વાટર્સ તરફ નજર કરી. કોઈ બહાર દેખાતું ન હતું. વિજયને ચૂપચાપ ગાડી પાસે ઊભા રહેવાનો ઈશારો કરીને કામથ ભોંયરાના દરવાજા તરફ ગયાં. ચાવીથી ભોંયરાનો દરવાજો ખોલીને તેઓ અંદર ગયાં.

થોડીવારે કામથ ભોંયરામાંથી એક ચાદર લઈને બહાર આવ્યા. બંને ગાડી પાસે આવ્યા. નીચે ચાદર પાથરીને પેલા એલીયનને ઊંચકીને તેના પર સુવડાવ્યો. હજુપણ એલીયન અચેતન હતો. એક બાજુ કામથ અને બીજીબાજુ વિજય, બંને ચાદરના છેડા પકડીને એલીયનને ઊંચકીને માંડ માંડ ભોંયરામાં લઇ આવ્યા.

ભોંયરામાં તેમણે એક મોટા લાંબા ટેબલ પર તેને ચત્તો સુવડાવ્યો. તેના શરીર પરથી દોરડું ખોલી નાખ્યું. તેના પગ ખેંચીને સીધા કર્યા. તેનું કદ પાંચ ફૂટ જેટલું હતું. વિજયે ચાદરનો એક ટુકડો ફાડીને તેને કચ્છાની જેમ કમર પર લપેટીને ગાંઠ મારી દીધી. તેના બે હાથ અને બે પગ લોખંડની જાડી સાંકળો સાથે બાંધી દીધાં, જેથી તે હોશમાં આવે તો પણ ભાગી ન શકે.

'વિજય, આજે આપણા હાથમાં એવી વસ્તુ આવી છે, કે જેની મેં કલ્પના પણ નહોતી કરી. આપણે આ એલીયનની વાત ગુપ્ત રાખવાની છે.'

'કેમ સર..?'

'કેમ કે આપણી પાસે એલીયન છે, તેની જાણ હું કોઈને થવાદેવા માગતો નથી. તું

પણ કોઈને આ બાબતે કશું કહેતો નહિ.'

'વલ્લરીને પણ નહિ?'

'વલ્લરી અને તારી વાત જુદી છે. તમારા બે સિવાય કોઈને નહિ કહેવાનું.'

'યસ સર..પણ આનું આપણે શું કરીશું?' હજુપણ વિજયને કામથની વાત સમજાતી ન હતી.

'અરે.. હું આના ઉપર સંશોધન કરીશ, પ્રયોગો કરીશ. તેની શારીરિક રચનાનો અભ્યાસ કરીશ અને પછી તેનું રીસર્ચ પેપર તૈયાર કરીને નાસામાં મોકલીશ. મારું રીસર્ચ જોઇને દુનિયાભરના વૈજ્ઞાનિકો દંગ રહી જશે. તે લોકો મારી પાસેથી એલીયન મેળવવા મ્હો માગી કિંમત આપવા તૈયાર થશે. હું જે કહીશ તે કરવા તૈયાર થશે. તને મારી વાત સમજાય છે?' કામથના મનમાં આનંદ સમાતો ન હતો.

'હા, હું સમજી ગયો. પણ મારું શું? મને શું મળશે?' એકલા કામથ, યશ અને રૂપિયા મેળવે તે વિજયને પસંદ ન હતું.

'અરે..તું અને વલ્લરી પણ મારી સાથે જ છોને! જોજેને હું તમને બંનેને પણ માલામાલ કરી દઈશ.' કામથે વિજયના ખભે હાથ મૂકીને આશ્વાસન આપતાં કહ્યું.

ત્યાં બહાર કંઇક ખખડાટ સંભળાયો. ડૉક્ટર કામથ અને વિજય ચમકી ઉઠ્યા. બંનેના મનમાં એક જ વિચાર ઝબકયો. 'કોઈ અમને જોઈ તો નથી ગયુંને!'

$$$$

પ્રકરણ-૨
ડાંગની સફરે

ખખડાટ સાંભળીને ડોક્ટર કામથ અને વિજય થોડાં ગભરાઈ ગયાં. તેમને લાગ્યું કે કોઈ તેમનો પીછો કરતુ અહીં સુધી આવ્યું હશે. અવાજ આગળની બાજુના દરવાજા તરફથી આવ્યો હતો. કામથ રિવોલ્વર લઈને દબાતા પગલે તે તરફ આગળ વધ્યા. તેમની પાછળ વિજય પણ ખેંચાયો. લેબોરેટરીમાં જવા માટે ભોંયરામાં ઉતરીએ કે તરત સામે એક દરવાજો આવતો. તે દરવાજો ખોલો એટલે એક ગેલેરી આવતી હતી. તે ગેલેરીની જમણીબાજુના છેડે બીજો એક દરવાજો આવતો હતો. તે ખોલીને અંદર જવાતું હતું. કામથ અંદરની બાજુ બરાબર દરવાજા પાસે આવીને ઉભા રહ્યાં. તેમની બાજુમાં ગભરાયેલો વિજય પણ ઊભો રહ્યો.

બહાર ભોંયરાનો પહેલો દરવાજો ખોલીને કોઈ અંદર પ્રવેશ્યું હતું. તેના પગલાંનો અવાજ સંભળાતો હતો. દરવાજો ખુલવાનો અવાજ આવ્યો. કામથે સતર્ક થઈને રિવોલ્વરવાળો હાથ દરવાજા તરફ ફેરવ્યો. દરવાજો ખુલ્યો.

'હેન્ડઝ અપ...' કામથ બોલ્યાં પણ અંદર આવનાર વ્યક્તિને જોઇને તે ભોંઠા પડી ગયાં.

'હુ આર યુ? ઓહ..સર તમે? ભોંયરામાંથી અવાજ આવ્યો એટલે હું તપાસ કરવા આવી.' વલ્લરીને જોઇને કામથને હાશ થઇ. તેમણે રિવોલ્વર નીચી કરતાં કહ્યું,

'ઓહ..મને એમ કે કોઈ અજાણ્યું માણસ ઘુસી આવ્યું છે.'

'થેંક ગોડ, તમે મને ઓળખી લીધી. ક્યાંક ફાયર થઇ ગયું હોત તો?'

'ડોન્ટ વરી વલ્લરી...સરે સેફ્ટી લોક ખોલ્યું જ ન હતું.' વિજયે વલ્લરીને હસતાં હસતાં કહ્યું.

'ઇટ્સ ઓકે પણ તમે બંને લેબમાં શું કરો છો? અને તે પણ વહેલી સવારે? તમે સુરત જવાના હતાંને!'

વલ્લરીનો પ્રશ્ન સાંભળીને કામથ અને વિજય એકબીજા સામે જોઈ રહ્યાં. વલ્લરીને શો જવાબ આપવો તે બંનેમાંથી કોઈએ વિચાર્યું ન હતું. વલ્લરી બંને સામે વારાફરથી જોવા લાગી.

'એ બધું પછી કહું, પહેલા તું મારી સાથે આવ.' કહેતાં કામથ આગળ થયાં. વલ્લરી તેમની પાછળ કુતુહલવશ ખેંચાઈ. વિજય પણ વલ્લરી પાછળ ચાલ્યો. કામથ વલ્લરીને અંદરની તરફ બનાવેલાં એક પાર્ટીશન તફર લઇ ગયા.

'લુક એટ ધીસ.' ત્યાંની લાઇટ ચાલુ કરતાં કામથે કહ્યું. લાઈટના પ્રકાશમાં વલ્લરીને ટેબલ પર સૂતેલો એક માનવ આકાર દેખાયો.

'ઓ માય ગોડ..વોટ ઈઝ ધીસ..?' વલ્લરી ચીસ પાડીને બોલી. તેના અંગેઅંગમાં રોમાંચ વ્યાપી ગયો.

'એલીયન...' વિજયે તેના ખભે હાથ મુકતાં કહ્યું.

'યસ, હી ઈઝ અ એલીયન..!' ડોક્ટર કામથે વલ્લરી સામે જોતાં કહ્યું. તેમની આંખોમાં અજબ પ્રકારની ચમક દેખાતી હતી.

'વોટ..? આઈ..આઈ..કાન્ટ બીલીવ ધીસ..ઓહ..ઇટ્સ અ બીગ સરપ્રાઈઝ.' વલ્લરી એલીયનના શરીરને ધીરેથી સ્પર્શતાં બોલી.

'યસ, અમારા માટે પણ એ સરપ્રાઇઝ હતું. હવે આપણે ઝડપથી તેની બોડીનો અભ્યાસ કરવો પડશે. વલ્લરી-વિજય તમે બંને ચાલો ઉપર. મારા રૂમમાં બેસીને બધું પ્લાનિંગ

કરીએ.'

'પણ તમને આ ક્યાં મળ્યો? એને કેવી રીતે લાવ્યાં?'

'પહેલાં ઉપર જઈએ. વલ્લરી ધીરજ રાખ હું તારા બધાં પ્રશ્નોના જવાબ આપું છું.' કહેતાં કામથ બંનેને ઉપર લઇ આવ્યાં.

ચંપા પાસે ચા-નાસ્તો ઉપર મંગાવીને કામથ, વલ્લરી અને વિજય, કામથના રૂમમાં બેઠાં. અંદરથી રૂમ બંધ કરીને કામથે વલ્લરીને આખી વાત કહી. વલ્લરી પેથોલોજીસ્ટ હતી. તેણે માઈક્રોબાયોલોજીમાં માસ્ટર ડીગ્રી લીધી હતી. કોઇપણ પરિક્ષણ કરીને તેનું સચોટ નિદાન કરવામાં તેની માસ્ટરી હતી. કામથે વલ્લરીને એલીયનના બ્લડનું પરિક્ષણ કરવાનું કામ સોંપતાં કહ્યું,

'તેના બ્લડ ઉપરથી આપણને ઘણીબધી બાબતો જાણવા મળશે. તેની ચામડી ગ્રીન કલરની છે, તેનું બ્લડ પણ કદાચ અલગ રંગનું હશે.'

'યસ સર..એ બધું હું કરી લઈશ પણ તે ભાનમાં આવશે તો?'

'એટલા માટેજ તેનાં બધાં ટેસ્ટ જેમ બને તેમ વહેલાં કરવાં પડશે. જેથી તેને કંટ્રોલ કરવા માટે કયું ઈન્જેકશન આપી શકાય તેની ખબર પડે.'

'યુ આર રાઈટ સર. બીજું એ પણ જાણવું પડશે, કે તેને કઈ દવા માફક આવશે અને કયા વિટામિન્સ આપી શકાય?' વિજયે મહત્વની વાત કહી.

'તેની નર્વ સીસ્ટમ શોધી કાઢવી પડશે. જેથી આપણે તેને કંટ્રોલ કરી શકીએ. રશિયાના વૈજ્ઞાનિક 'પુતિને' તેના એક આર્ટીકલમાં જણાવ્યું હતું, કે એલિયન્સ માણસો કરતાં અનેકગણી શારીરિક તાકાત અને બુદ્ધિ ક્ષમતા ધરાવે છે.'

'રાઈટ. મેં પણ ક્યાંક વાંચ્યું હતું.' વિજયે કામથની વાતને ટેકો આપતાં કહ્યું.

'ઓકે, તો આજથી 'મિશન એલીયન' શરુ.' વલ્લરીએ હથેળી ખુલ્લી કરીને હાથ લંબાવતાં કહ્યું. વલ્લરીની હથેળીમાં વિજયે અને કામથે તેમનો હાથ મૂકયો. ત્રણેયના ચહેરા ખીલી ઉઠ્યાં.

&&&

ડોરબેલ વાગતાંની સાથે જ પાર્થ દરવાજો ખોલવા દોડ્યો. બીજીવાર ડોરબેલ વાગે તે પહેલાં તો તેણે દરવાજો ખોલી નાખ્યો. જોયું તો સામે શ્રીયા ઊભી હતી.

'શું પાર્થ..?' કહેતાં તે ઘરમાં આવી. દરવાજો બંધ કરીને પરાગ તેની પાછળ અંદર આવ્યો. શ્રીયાએ તેની બેગ સોફા ઉપર છુટ્ટી ફેંકી અને પોતે પણ બેગની બાજુમાં ધબ કરતી બેસી પડી. પાર્થ તેની સામે ઊભો રહ્યો.

'તું શું કરતો'તો?'

'હજામત..' પાર્થ ચિઢાઈને બોલ્યો.

'કેમ આમ બોલે છે? કંઇ થયું?' શ્રીયા ઊભી થઇ. ફ્રીઝમાંથી બોટલ કાઢી ગ્લાસમાં પાણી રેડીને તે પીવા લાગી. પાર્થ તેની સામે જોઈ રહ્યો.

'કેમ આમ જુએ છે? તારે પાણી પીવું છે?'

'મારે કંઈ પીવુંયે નથી ને ખાવુંયે નથી.'

'શું થયું એ તો કહે?' શ્રીયાએ પાર્થનો હાથ પકડીને સોફાપર બેસાડ્યો.

'કંઈ નહિ, હું કાલે મેસાંણા જવાનો સું.'

'કેમ અચાનક મહેસાણા જવાનું ક્યાંથી સુઝ્યું? મમ્મી યાદ આવી?'

'ના, પણ અહીં રોકાઇને સું કરુ? તને કે ફોઈ-ફુઆને તો ટાઈમ જ નથી. આખો દા'ડો ઘરમાં પુરાઈ રે'વાનું. મારે આવી જેલમાં નથી રે'વું.'

'અરે યાર..હમણાં ચાર વાગ્યા સુધી તો હું તારી સાથે હતી. અને બે દિવસ પહેલાં તો આપણે સાયન્સ સીટી જોવા ગયાં'તા.'
'તું તો કે'તી'તી, આપણે ડાંગ ફરવા જઈશું. હવે તો વેકેશન પણ પૂરું થવા આવ્યું.'
'પાર્થુડા તું સમજને યાર..મારે ટ્યુશન છે એટલે શું કરું? મમ્મી-પપ્પા પણ લઇ જવાની ક્યાં ના પાડે છે?'
'તો લઇ પણ ક્યાં જાય સઅ?'
'પપ્પાને આવવા દે, આજે જ ફેંસલો. બસ..! મમ્મી કહેતી'તી, વેકેશન પૂરું થાય તે પહેલાં ફરવા જઈશું. કેમ કે આવતાં વર્ષે હું ટ્વેલ્થમાં આવીશ, એટલે ક્યાંય નહિ જવાય.'
'એ તો મને ખબર જ હતી. સાયન્સવાળાને વેકેશન હોય જ નહિ. સારું સઅ, ક મેં સાયન્સ નહિ રાખ્યું.'
'ભણવું તો પડેજ ને, તારી જેમ થોડું છે? તું હજુ હવે નવમામાં આવ્યો એટલે ચાલે.'
શ્રીયાના મમ્મી-પપ્પા આવ્યાં ત્યાં સુધી બંને જીભાજોડી કરતાં રહ્યાં. વાત એવી હતી, કે પાર્થ શ્રીયાના મામાનો દીકરો હતો. તે મહેસાણા રહેતો હતો. તે ઉનાળું વેકેશનમાં અમદાવાદ તેની ફોઈને ત્યાં ફરવા આવ્યો હતો. શ્રીયાએ આ વર્ષે એસ.એસ.સી.ની એક્ઝામ આપી હતી. તેણે સાયન્સ રાખ્યું હતું એટલે વેકેશનમાં જ તેનું ટ્યુશન શરુ થઇ ગયું હતું.
શ્રીયાના પપ્પા સૌરભ શાહ કોર્પોરેટ બેંકમાં મેનેજર હતાં અને તેની મમ્મી યામિની વ્યાસ એક એન.જી.ઓ.માં (નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન) કોઓર્ડીનેટર હતાં. બંનેએ લવ મેરેજ કર્યા હતાં. પાર્થ એકલો એકલો કંટાળ્યો હતો, એટલે તે મહેસાણા પાછા જવાનું કહેતો હતો.
તે દિવસે રાત્રે શ્રીયાએ તેના મમ્મી-પપ્પાને ફરવા જવાની વાત યાદ કરાવતાં કહ્યું.
'પપ્પા આ વેકેશનમાં આપણે ફરવા જવાનું છે કે નહિ?'
'કેમ આવું પૂછે છે બેટા..?'
'જો પ્રોગ્રામ કેન્સલ કર્યો હોય તો પાર્થને મહેસાણા મોકલી દઈએ. તે એકલો બોર થાય છે.'
'સૌરભ...શ્રીયા સાચું કહે છે. છોકરાઓ ઘરમાં કંટાળે તે સ્વાભાવિક છે.' શ્રીયાની મમ્મી બોલી.
'હું તો હમણાં ગોઠવી દઉં પણ મને શ્રીયાના ટયુશનની ચિંતા છે.'
'પપ્પા..મારાં ટયુશનની ચિંતા કરવાની જરૂર નથી. એ હું સંભાળી લઈશ.'
'જો એમ હોય તો હમણાં જ બુકિંગ કરી દઉં. શ્રીયા મારો મોબાઈલ આપને! યામિની તારે રજાનો પ્રોબ્લેમ નથીને?' શ્રીયાની મમ્મીએ ડોકું ધુણાવીને ના પાડતાં કહ્યું.
'ના, હું ગમે ત્યારે આવી શકું એમ છું.' શ્રીયાના પપ્પાએ તેમના મોબાઈલ પર સર્ચ કરીને જણાવ્યું.

'બે દિવસ પછીનું બુકિંગ મળે છે. બોલો લોક કરું?'

'યસ, લોક કરીદો, પપ્પા...મારી ફ્રેન્ડ ઝકીયા આવવાનું કહેતી હતી. તેનું પણ બુકિંગ કરી દો.'

'ઓકે, પણ પછી પ્રોગ્રામ કેન્સલ નહિ થાય.'

'વાંધો નહિ, બુક કરીદો.'

'યે લો, હો ગયા બુકિંગ..હેપ્પી..?' શ્રીયા તેના પપ્પાને વળગીને કિસ કરતાં કહેવા લાગી.

'થેન્કયુ પપ્પા..લવ યુ. પાર્થ, હવે તો મેસાંણા જવાનું કેન્સલને?' પાર્થનો ચહેરો ખુશીથી ખીલી ઉઠ્યો. તે દોડીને શ્રીયાને વળગી પડ્યો. શ્રીયાએ તેના માથામાં ટપલી મારતાં પૂછ્યું.

'હવે તો ખુશને પાર્થીયા?'

ડાંગમાં આવેલાં 'મહાલ ઇકો કેમ્પ'માં ત્રણ દિવસનું ઓનલાઈન બુકિંગ થઇ ગયું હતું. ફરવા જવાનો પ્રોગ્રામ નક્કી થઇ ગયો હતો. શ્રીયાએ તેમની સાથે ઝાકીયાને મોકલવા તેના મમ્મી-પપ્પાને મનાવી લીધા હતા. ઝકીયા સાથે તેને સારું બનતું હતું. તે તેની ખાસ ફ્રેન્ડ હતી. ઘણીવાર તે શ્રીયાના ઘરે પણ આવતી હતી. બંનેના મમ્મી-પપ્પા એકબીજાને સારી રીતે ઓળખતાં હતાં.

શ્રીયા ભણવામાં હોંશિયાર હતી. તેને સાયન્સમાં ખુબ જ રસ હતો. મોટી થઈને તે સાયન્ટીસ બનવા માગતી હતી. એટલા માટેજ તેણે સાયન્સની લાઈન પસંદ કરી હતી. કસાયેલા શરીરવાળી ઝકીયા, શ્રીયાની સ્કુલમાં જ ભણતી હતી. તેણે કોમર્સ રાખ્યું હતું. ઝકીયાને ભણવા કરતાં રમતમાં વધારે રસ હતો. તે તેની સ્કુલની સ્પોર્ટ એક્ટીવીટીમાં ભાગ લેતી હતી. ગઈ સાલ તો સો મીટરની દોડમાં તેનો જીલ્લા કક્ષાએ પહેલો નંબર આવ્યો હતો. દોડ સિવાય તે કબ્બડી, બરછી ફેંક અને ક્રિકેટમાં પણ ભાગ લેતી હતી.

ડાંગમાં પૂર્ણા નદીની આસપાસ આવેલો વિસ્તાર મહાલ કોટ તરીકે જાણીતો હતો. ગુજરાત સરકાર દ્વારા મહાલ કોટને અભ્યારણ્ય તરીકે વિકસાવવામાં આવ્યો છે. પૂર્ણા નદીના કિનારે વસેલું ગામ 'મહાલ' તરીકે ઓળખાય છે. મહાલના જંગલ સાગ અને વાંસના ઝૂંડના કારણે અતિશય ગીચતા ધરાવે છે. જેના લીધે જંગલના પશુઓ-પ્રાણીઓ આ જગાએ રહેવાનું પસંદ કરે છે. લીલીછમ ગીચ વનરાજી, મસ્તીમાં વહેતી પૂર્ણા નદી, ટેકરીઓ પરથી દદડતા અનેક ઝરણાઓ, જાણેકે કુદરતે ચીતરેલું કોઈ સુંદર દૃશ્ય જ લાગે. ડાંગની આ કુદરતી સુંદરતા માણવા માટે સહેલાણીઓ અહીં આવતાં હોય છે.

શુક્રવારે વહેલી સવારે સાત વાગે, સૌરભ તેમની ઈનોવા કાર લઈને નીકળ્યાં. તેમની સાથે શ્રીયા, પાર્થ, ઝકીયા અને શ્રીયાની મમ્મી યામિની હતી. અમદાવાદથી મહાલનો છ કલાકનો રસ્તો હતો. સ્ટોપેજનો ને ખાવા-પીવાનો એક કલાકનો સમય ગણીએ તો કુલ સાત કલાકની જર્ની થાય. ત્યાં પહોંચતાં સહેજેય બપોરના બે-ત્રણ વાગી જાય. સુરત સુધી નેશનલ હાઈવે અને આગળ પણ પાકો રોડ હતો એટલે વાંધો ન હતો. શ્રીયાના મમ્મી-પપ્પા બંનેને ડ્રાઈવિંગ આવડતું હતું, એટલે નિરાંત હતી.

પાર્થ, શ્રીયા અને ઝકીયા ફૂલ ટુ મૂડમાં હતાં. શ્રીયાએ તેનો મોબાઈલનો કેમેરો ઓન કરતાં પાર્થને ઈશારો કર્યો. પાર્થે તેની આર.જે.ની સ્ટાઈલમાં બોલવાનું શરુ કર્યું.

'હેલો ફ્રેન્ડસ...અમે જઈ રહ્યાં સીએ એક અદભૂત જગ્યાએ. અને તે જગ્યા સે, ડાંગનું જંગલ. જંગલનું નામ સાંભળીને ડરી ગયાને? પણ અમે ડરી જઇએ એવાં નથી. મારી સાથે સે શ્રીયા, ઝકીયા અને મારાં ફોઈ ફુઆ. તો ચાલો તમેય અમારી સાથે.' પાર્થને મઝા પડી ગઈ હતી. તેને આર.જે. અને વી.જે. બનવાનો શોખ હતો એટલે મોકો મળે ત્યારે તે આર.જે.ની સ્ટાઈલમાં મચી પડતો. પાર્થ મહેસાણાની બોલી બોલતો હોઈ, શ્રીયા અને ઝકીયાને તે ફની લાગતું હતું.

પોતાની મસ્તીમાં ફરવા જઈ રહેલાં આ લોકો ખૂબજ ખુશ હતાં. જોકે મહાલના જંગલોમાં એવું કંઇક બનવાનું હતું, જેની આમાંથી કોઈએ કલ્પના પણ કરી ન હતી.

$$$$

પ્રકરણ-૩
જંગલમાં ભૂલા પડ્યા

સવારનો સમય હતો એટલે ખુશનુમા વાતાવરણ હતું. રસ્તામાં ટ્રાફિક પણ ઓછો હતો. ભરૂચ પાસે એકવાર રીલેક્સ થવા માટે કાર થોભાવી હતી. તે પછી સડસડાટ નવસારી આવી ગયું હતું. સવા બારે તો તેઓ નવસારીમાં હતાં. નવસારીના હાઈવે પર એક ધાબા જેવી હોટલમાં બધાંએ જમવાનું પતાવ્યું. આમ તો તેઓ થેપલાં, લસણની ચટણી, અથાણું, સુખડી, વેફર, બિસ્કીટ, ચોકલેટ, પીપર મીંટ, ચીંગમ વગેરે સાથે લઈને જ નીકળ્યાં હતાં પણ ગરમ ખાવાનું મળે ત્યાં સુધી આ બધી વસ્તુઓને કોઈ અડે તેમ ન હતું.

નવસારી આવ્યું ત્યાં સુધી શ્રીયા અને ઝકીયા ઊંઘતા રહ્યાં. પાર્થને ઊંઘ આવતી ન હતી. તે બારી બહારનું દ્રશ્ય જોવામાં મશગુલ હતો. તેને હરવું-ફરવું બહુ ગમતું હતું. તેની સ્કૂલમાંથી જતી ટુરમાં તે દર વર્ષે જતો હતો.

લંચ પતાવીને તેમણે આગળની મુસાફરી શરુ કરી. શ્રીયાની મમ્મી કાર ડ્રાઈવ કરતી હતી. તેના પપ્પાએ સ્પીકર ઓન કરીને જુના ગીતો ચાલુ કર્યા. શ્રીયા તરત જ બોલી.

‘પપ્પા પ્લીઝ...તમારાં આ ગીતો સાંભળીને તો અમને ઊંઘ આવી જશે.’

‘ફુઆ એને ઊંઘ આવે છે એટલે એ બહાનું કાઢે છે.’ તરત જ પાર્થ બોલ્યો.

‘તું બહુ ચાંપલાશ ના કરીશ. પપ્પા અવાજ થોડો ધીમો કરી દો.’

‘ના હોં ફુઆ, તમેતારે જોરથી વગાડો.’ શ્રીયાને ચીડવતાં પાર્થ બોલ્યો.

‘હા હા એના કરતાં તારા બંને કાનમાં સ્પીકર્સ લાગવી દઈએ તો?’

‘બસ હવે, તમે બંને શાંત રહેશો?’ શ્રીયાની મમ્મીએ અકળાઈને કહ્યું.

‘એ ચાલોને આપણે પત્તાં રમીએ.’ ઝકીયા બોલી.

‘ગુડ આઈડિયા, પણ આ પાર્થને આપણી ગેમ નહિ આવડે. તેને તો ઢગલાબાજી જ આવડે છે.’

‘જા જા હવે, મને તો મેંડી કોટ પણ આવડે સે.’

‘મેંડી નહિ, મીંડી કોટ.’ ઝકીયાએ તેની ભાષા સુધારતાં કહ્યું.

‘એ જે કો’ એ. ચાલો રમીએ.’

ત્રણેય જણા પત્તાં રમવા લાગ્યાં. વ્યારા વટાવ્યા પછી સોનગઢ આવ્યું. સોનગઢથી આગળ જતાં અંબા આવ્યું. અહીંથી ગ્રીનરીની શરૂઆત થઇ ગઈ હતી. થોડાં કિલોમીટર આગળ જતાં ઘટાટોપ વનરાજી આવી. રોડની બંને બાજુએ સાગ, સાદડ, મહુડો અને ઊંચા ઊંચા વાંસ નજરે પડતાં હતાં. ચાર દિવસથી સતત વરસાદ ચાલુ હતો. આજે થોડું કોરું નીકળ્યું હતું. ડાંગમાં વધુ વરસાદ પડતો હોવાના લીધે તે ગુજરાતના ચેરાપૂંજી તરીકે ઓળખાય છે. વરસાદના લીધે ઉંચી ટેકરીઓ પરથી નાનાં નાનાં ઝરણાં ફૂટી નીકળ્યાં હતાં. કુદરતનો આ નજરો જોવામાં બધાં ખોવાઈ ગયાં હતાં.

તેઓ મહાલ ઇકો કેમ્પ સાઈટ પર પહોંચ્યા ત્યારે બપોરના પોણા ત્રણ વાગી ગયાં હતાં. કેમ્પની ઓફિસે જઈને શ્રીયાની મમ્મીએ રજીસ્ટ્રેશનની વિધી પતાવી. તેમને એક નાનકડું કોટેજ ફાળવ્યું હતું. બહારથી છાણ-માટીથી લીંપેલું કોટેજ, અંદરથી અધતન સુવિધાઓવાળું હતું. કારમાંથી બધાએ સામાન કાઢીને કોટેજમાં મુક્યો.

‘બહુ મસ્ત છે નહિ?’ કહેતાં પાર્થે ડબલ બેડના કોટ પર લંબાવ્યું.

‘એમ કંઈ સુઈ જવાનું નથી. ચલ બહાર જઈએ.’ શ્રીયાએ પાર્થનો હાથ ખેંચતાં કહ્યું.

‘થોડો આરામ કરીને જાવ.’

'મમ્મી કારમાં બેસી બેસીને કંટાળી ગયાં છીએ. અમે થોડું રખડી આવીએ. ચાલ..ઝકીયા.'
'સારું પણ બહુ દૂર જતાં નહિ.' યામીનીની વાત સાંભળ્યા પહેલાં જ ત્રણેય નીકળી ગયાં.
ત્રણેય કેમ્પમાં ફરવા લાગ્યાં. કેમ્પમાં થોડાંક કોટેજ અને થોડાંક ટેન્ટ લગાવેલાં હતાં. દરવાજા પાસે જ ઉત્તર ડાંગ વનવિભાગે મોટું હોર્ડિંગ લગાવેલું હતું. તેમાં પ્રવાસીઓ માટેની સૂચનાઓ લખેલી હતી.
'શ્રીયા...જો તો આ બોર્ડમાં કેવી સૂચનાઓ લખી છે!' ઝકીયા બોર્ડ ઉપરનું લખાણ જોઇને બોલી. શ્રીયા અને પાર્થ હોર્ડિંગ જોઇને તે વાંચવા ઊભાં રહી ગયાં.
'મહાલ કેમ્પ સાઈડ કમ્પાઉન્ડમાં અથવા વન ભ્રમણ દરમ્યાન કોઇપણ ઇસમે બિનજરૂરી વાતચીત કે અવાજ કરવો નહિ.' પાર્થ મોટેથી વાંચવા લાગ્યો. ઝકીયાએ તેને ટોકતાં કહ્યું.
'પાર્થ મોટેથી અવાજ કરીને તું જ નિયમનો ભંગ કરે છે.' પાર્થ ઝકીયા સામે આંખો ફાડીને જોઈ રહ્યો, પછી ડોકું હલાવતાં કહેવા લાગ્યો.
'ઈમ...? એવું સઅ..? મને તો ખબર જ નહિ. સારું કર્યું તેં યાદ કરાવ્યું તે.'
'હવે યાદ રહી ગયુંને? ચાલો આગળ..' કહેતાં શ્રીયા ચાલવા લાગી.
'અરે પણ મને વાંચવા તો દે?'
'મેં બધું વાંચી લીધું છે. ચલ હવે..' ત્રણેય કેમ્પની પાછળની બાજુ ચાલવા લાગ્યાં.
કેમ્પ સાઈડની પાછળની બાજુ નજીકમાં આવેલાં વોટર ફોલ પાસે શ્રીયા, ઝકીયા અને પાર્થ પહોંચી ગયાં. પથ્થરો પરથી પડતાં પાણીના ધોધને જોઇને ત્રણેય રોમાંચિત થઈ ગયાં. પાર્થની અંદરનો વી.જે. (વિડીઓ જોકી) જાગી ગયો. તે લાંબો હાથ કરીને ધોધ બતાવતાં સ્ટાઇલથી કહેવા લાગ્યો.
'દોસ્તો..તમે જેની રાહ જોતાં'તા તે જળધોધ તમારી સામે છે. જૂઓ, પથ્થર ઉપરથી કુદકા મારતાં નાનાં ભુલકાં જેવાં ઝરણાં, જાણે લંગડી રમતાં હોય તેવું લાગે સે. શ્રીયા અને ઝકીયા તમે પણ આ ઝરણાનો આનંદ લઇ સકો સો.'
'ઓયે વી.જે.ની આત્મા, બસ કર હવે.'
'કેમ તને સું થાય સે?'
'પહેલાં તો તું તારી ભાષા સુધાર. વી.જે.ની આવી ભાષા હોય?'
'હા હોં પાર્થ. મહેસાણાની ભાષા ના ચાલે. વી.જે.ની ભાષા તો શુદ્ધ હોવી જોઈએ.' ઝકીયાએ પણ શ્રીયાની હામાં હા મીલાવતા કહ્યું. પાર્થનું મ્હો બગડી ગયું.
'અરે..એમાં મ્હો શેનું બગાડે છે? અમે તો તારા સારા માટે કહીએ છીએ.'
'હાસ્તો, પાર્થ તારી બોલવાની સ્ટાઈલ બહુ સરસ છે પણ ભાષા તો આવી ના જ ચાલે.' ઝકીયાએ સમજાવતાં કહ્યું.
'હા, પણ મને તો જે ભાસા આવડે તે જ બોલુંને?'
'કંઈ વાંધો નહિ, પાર્થીયા તને ફાવે તે રીતે બોલ. તમે ગમે તે ભાષા બોલો, લોકોને ગમવી જોઈએ.'
'હું એજ કહું સું.'
'ઓકે ઓકે, કેરી ઓન પાર્થીયા.' બોલતાં ઝકીયા હસી પડી.
'હવે તુંયે પાર્થીયો કે'તાં સીખી ગઈ? આ સીયાડીએ મારું નામ બગાડ્યું સઅ.'
'તું હમણાં શું બોલ્યો?' પાર્થ હસવા લાગ્યો.
'પોતે નામ બગાડે એનું કંઈ નહિ!'
'કેવાં મરચાં લાગ્યાં? તું બોલે તો મારે બોલવું જ પડેને?'
'અરે યાર તમે બે જણ અહીં ઝઘડવા આવ્યાં છો?' ઝકીયા ચિડાઇને બોલી.

'સારું હવે નહિ બોલું. એ ચાલને આપણે આગળ જઈએ.' શ્રીયા પાર્થના ખભે હાથ મૂકીને બોલી. ખભેથી હાથ હટાવતાં પાર્થ કહ્યું.

'ચલો જઈએ, જોઈએ તો ખરાં કે આ પાણી આવસઅ ક્યાંથી?'

ત્રણેય વાતો કરતાં આગળ ચાલવા લાગ્યાં. આગળ જંગલ શરુ થતું હતું. તે જંગલમાં એક કેડી પડેલી હતી. ત્રણેય તે કેડી પર લાઇનમાં ચાલતાં આગળ જવા લાગ્યાં. વરસાદ રહી ગયો હતો પણ આકાશમાં હજુયે કાળા ડીબાંગ વાદળો એકબીજાની સાથે મસલત કરતાં હોય, તેમ ઘેરાયેલાં હતાં. વાદળો અને ગીચ ઝાડીઓને કારણે જંગલમાં અંધારું છવાયેલું હતું.

&&&

લેબોરેટરીનો આગળનો દરવાજો ખોલીને વલ્લરી અંદર દાખલ થઇ. આજે કામથ અને વિજય સવારના સુરત ગયાં હતાં. વલ્લરી એકલી જ હતી. ગઈકાલે સુરત જવા નીકળેલાં વિજય અને કામથને રસ્તામાં 'એલીયન' મળી જતાં તેમને પાછાં આવવું પડ્યું હતું. ઘણા સમયથી કામથ સુરત જવાનું વિચારતાં હતાં પણ કોઈને કોઈ કારણોસર જવાતું ન હતું. ગઈકાલે પણ એવું જ થયું હતું. અગત્યની દવાઓ, કેમિકલ અને બીજી જરૂરી વસ્તુઓ લાવવાની હોવાથી બંને સુરત જવા રવાના થઇ ગયાં હતાં.

એલીયન હાથમાં આવ્યાં પછી કામથ તેને મૂકીને ક્યાંય જવા માગતાં ન હતાં પણ ગયાં વિના ચાલે તેમ ન હતું. વલ્લરી હાજર હતી એટલે તેમને બીજી ચિંતા ન હતી. એલીયન પકડાયો તેનાથી કામથ ખુશ થઇ ગયાં હતાં. કાલે રાત્રે તો તેમને ઊંઘ જ આવી ન હતી. મોડી રાત સુધી તેઓ લેપટોપમાં શોધ-સંશોધન કરતાં રહ્યાં. તેમણે એલીયન વિષે વધું જાણવા માટે યુએસએના વિજ્ઞાની અને બીજાં એક ફ્રાન્સના વૈજ્ઞાનિકને પણ મેઈલ કર્યો.

કામથ અને વિજયના ગયા પછી વલ્લરી ક્યાંય સુધી સુતી રહી. પોણા બારે તે એલીયનને ચેક કરવા લેબોરેટરીમાં આવી. આજે એલીયનનું બ્લડ લઈને તેનું પરિક્ષણ કરવાનું ડોક્ટર કામથે તેને કહ્યું હતું. તેના મનમાં થોડોક ભય હતો. ક્યાંક એલીયન ભાનમાં આવી ગયો હોય તો? જોકે કાલે રાત્રે જ તેને બેહોશ થવાની દવાનું ઈન્જેકશન આપ્યું હતું એટલે ભાનમાં આવવાની શક્યતા ઓછી હતી.

એલીયનને પાર્ટીશન કરીને બનાવેલાં એક રૂમમાં મોટાં ટેબલ પર સુવાડ્યો હતો. તેના હાથ, પગ, ડોક અને કમરને સાંકળોથી જડબેસલાક ટેબલ સાથે બાંધ્યા હતાં. લેબોરેટરીમાં ઘણીવાર જાતજાતનાં પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવા માટે લાવવામાં આવતાં. થોડાંક દિવસોથી એક વાંદરાના બચ્ચાને લાવીને નાનકડાં પાંજરામાં રાખ્યું હતું. તેના ઉપર કેન્સરની દવાના પ્રયોગો શરુ કર્યા હતાં. દવાની આડ અસરથી તે ઘણીવાર ચીસાચીસ કરવા લાગતું હતું. બે દિવસથી તેને ભૂખ્યું રાખ્યું હતું.

આજે તે માંદાની જેમ પાંજરામાં પડ્યું રહ્યું હતું. તેની ચકળવકળ થતી આંખો દયા ઉપજાવતી હતી. વલ્લરી તેની સામે નજર નાખતાં કહેવા લાગી.

'સોરી..આજે પણ તને ખાવાનું નહિ મળે.' બચ્ચું તેની સામે ટગર ટગર જોઈ રહ્યું. ઊભા થવાની કે ચીસો પાડવાની તેનામાં તાકાત ન હતી. વલ્લરી ખભા ઊંચા કરીને આગળ ચાલવા લાગી. તે એલીયન પાસે આવી. દૂરથી તેને જોઈને ખાતરી કરી લીધી. હજુ તે હોશમાં આવ્યો ન હતો. વલ્લરીએ તેનાં થોડાંક બ્લડ સેમ્પલ લીધાં. એલીયનનું લીલું લોહી જોઇને વલ્લરીને નવાઈ લાગી.

વલ્લરીએ તેના મોબાઈલમાં એલીયનના અલગ અલગ એન્ગલથી ફોટા પાડ્યાં. જતાં પહેલાં તેને બેહોશીનું ઇન્જેક્શન આપવાનું હતું. ઇન્જેકશનની સિરીંજ ભરીને તે આપવા જતી હતી, ત્યાં તેને વિચાર આવ્યો. 'એલીયન ભાનમાં આવે તો તેનો વિડીઓ બનાવી શકાય. તેનો

મુવમેન્ટ કરતાં વિડીઓની બહુ કીમત ઉપજે. યસ, વિડીઓ શૂટ કરીને પછી ઈન્જેકશન આપીશ.' વિચારીને વલ્લરીએ ઇન્જેક્શન બોક્ષમાં પાછું મૂકી દીધું. તેનું શેતાની દિમાગ બીજા જ વિચારે ચઢી ગયું. વિચારોમાં ને વિચારોમાં તે લેબોરેટરીનો દરવાજો બંધ કરવાનું ભૂલી ગઈ હતી. ઉપર આવીને વલ્લરી તેના રૂમમાં ભરાઈ ગઈ.

&&&

શ્રીયા, પાર્થ અને ઝકીયા, ત્રણેય સ્કુલની વાતો કરતાં કરતાં દૂર દૂર પહોંચી ગયાં. તેઓ ઝરણાંનું મૂળ શોધવા નીકળ્યાં હતાં. વાતોવાતોમાં તેઓ ક્યાંયના ક્યાંય પહોંચી ગયાં હતાં. ઝરણું પણ દૂર રહી ગયું હતું. અચાનક શ્રીયાને ખ્યાલ આવતાં તે ઉભી રહી.

'સું થયું..? કેમ ઊભી રઈ?'

'આપણે કેટલાં બધાં દૂર આવી ગયાં છીએ એનું કોઈને ભાન છે?' પાર્થ અને ઝકીયા આજુબાજુ જોવા લાગ્યાં. તેઓ ગીચ ઝાડીઓ વચ્ચે ઊભાં હતાં.

'હા, શ્રીયા તારી વાત સાચી છે. અંધારું પણ થઇ ગયું છે.'

'ચાલો હવે પાછાં જઈએ.' કહેતી શ્રીયા પાછી ફરીને ચાલવા લાગી.

'એ બાજુ નઈ શ્રીયા, આપણે આમથી આયા'તા.' પાર્થે બીજીબાજુ હાથ કરતાં કહ્યું. શ્રીયા પરાગ સામે શંકાથી જોવા લાગી.

'તને બરાબર ખબર છે પાર્થીયા? પેલું ઝરણું પણ દેખાતું નથી.'

'તે ક્યાંથી દેખાય? એતો પેલીબાજુ રઈ ગયું.'

'હા, મને પણ એમજ લાગે છે.'

'ઓકે તો ચાલો, તમે બંને કહો છો એટલે માની લઉં છું.'

'આપણે આટલે દૂર આવવા જેવું ન હતું.' ઝકીયા શ્રીયા સામે જોઇને બોલી.

'આ પાર્થીયાના લીધે...'

'જો શ્રીયા મારું નામ નહિ લેવાનું. આતો હલકું નામ હવાલદારનું. હું તમને લાયો સું?'

'સારું હવે આગળ થા અને સીધો ચાલ.'

પાર્થ આગળ અને તેની પાછળ ઝકીયા અને શ્રીયા ચાલવા લાગ્યાં. ઝકીયાએ રસ્તામાં પડેલી એક લાકડી હાથમાં લીધી અને શ્રીયાને કહેવા લાગી.

'કેટલી મસ્ત છે નહિ? વાંસની લાકડી છે.'

'એનું તું સું કરીસ?' પાર્થે પૂછ્યું.

'બરછી ફેંકની પ્રેકટીસમાં કામ લાગશે.'

'પાછી આતો એથલીટ ખરીને!'

'મને એ નહિ સમજાતું કે તું છોકરી થઈને આવી રમતો સું કામ રમતી હસે?'

'કેમ કે છોકરાઓ હવે નકામા થઇ ગયાં છે.' કહેતાં શ્રીયા ખડખડાટ હસવા લાગી.

પાર્થ ઝંખવાણો પડી ગયો. તે કંઈ જવાબ આપે તે પહેલાં નજીકની ઝાડીમાંથી ખખડાટ સંભળાયો. ચોંકીને તે બોલ્યો.

'પેલી ઝાડીમાં કસુક સઅ.' શ્રીયા વધારે જોરથી હસવા લાગી. ત્યાં ઝકીયાએ તેના ખભે હાથ મુકતાં ઝાડી તરફ ઈશારો કર્યો. ઝાડીમાં અંધારામાં તગતગતી બે આંખો જોઇને ત્રણેય જણ થાંભલો થઈને ખોડાઇ ગયાં.

$$$$

પ્રકરણ-૪
ખૂંખાર પ્રાણીનો સામનો

'ઝાડીમાં કંઇક છે. જો એ આપણને જોઈ રહ્યું છે.' શ્રીયા પાર્થને આઘો ખસેડતાં બોલી. પાર્થ પાછો તેની પાછળ લપાઈ ગયો.

'એની આંખો કેવી ચમકે છે?' ઝકીયાએ પાર્થ સામે જોતાં કહ્યું. પાર્થ ડરી ગયો.

'મને તો એ..વાઘ લાગ સઅ...!' પાર્થ ડરતાં ડરતાં બોલ્યો. તેનો અવાજ ધ્રૂજતો હતો.

'ડાંગના જંગલમાં વાઘ તો છે જ નહિ. કદાચ હરણ કે ચિત્તળ હોય.'

'ના ના એ..વું નથી...મને તો કોઈ ભયંકર પ્રાણી લાગ સઅ. હેંડો ભાગો અહીંથી.' પાર્થ ભાગવા જતો હતો, તેને શ્રીયાએ પકડી લીધો. તેણે દબાતાં અવાજે કહ્યુ,

'દોડીશ નહિ, નહિતર પાછળ પડશે. ધીમે ધીમે પાછાં પગલે ખસવા માંડો.' ત્રણેય એકબીજાનો હાથ પકડીને પાછાં પગલે ચાલવા લાગ્યાં.

'ત્રણેય સાથે રહેજો. એકલાં હોઈશું તો એ હુમલો કરશે.' ઝકીયા તેના હાથમાં રહેલી વાંસની લાકડી આગળ કરતાં બોલી.

ત્યાં ઝાડીમાંથી પેલું પ્રાણી બહાર આવ્યું. તેને જોઇને ત્રણેય જણના મોતિયા મરી ગયાં. તે હરણ કે ચિત્તળ નહિ પણ દીપડો હતો. તેમનાથી લગભગ પચીસ ફૂટ દૂર ઊભો રહીને તે ઘૂરકાટ કરવા લાગ્યો. પાર્થ તો તેને જોઇને ડઘાઈ ગયો હતો. તેનાથી ઉંહકારો પણ નીકળતો ન હતો.

સાંજ પડી ગઈ હોવાથી અંધારું થોડું વધું ઘટ્ટ બન્યું હતું. ત્રણેય જણ સ્ટેચ્યુની જેમ હાલ્યાચાલ્યા વિના ઊભા રહી ગયાં હતાં. દીપડો ધીરે ધીરે નજીક આવતો હતો. શ્રીયાનું મગજ ઝડપથી વિચારતું હતું. તેણે તેના જીન્સના ખીસામાંથી મોબાઈલ કાઢીને ટોર્ચ ચાલુ કરી.

'શું કરે છે?' ઝકીયા ધીરેથી બોલી.

'પ્રકાશથી જાનવરો ડરતાં હોય છે એટલે..'

'પણ આ મોબાઈલના બેટરાથી સું થસે?' પાર્થ ગભરાઈને બોલ્યો.

'પાર્થીયા તું ગભરાઈશ નહિ, ધીમે ધીમે પાછા ખસો. પાછળની ઝાડીમાં એકવાર જતાં રહીએ તો છુપાઈ શકાશે.' શ્રીયાની ગણતરી સાચી હતી.

'હા..એ વાત સાચી. મોટાં ઝાડ પર ચઢી જઈએ તો પણ બચી જવાય.'

'હવે તો ભાગો..એ નજીક આઈ ગ્યો સઅ..' પાર્થની વાત સાચી હતી. ધીરે ધીરે દીપડો નજીક આવતો હતો. જો કોઈ એકલદોકલ હોત તો, તેણે સીધો હુમલો જ કર્યો હોત. ત્રણ જણને ભેગાં જોઇને તે ધીમે ધીમે આગળ વધતો હતો.

'હોડ..હોડ...' પાર્થ ગભરાટમાં બોલ્યો.

'એય..શું કરે છે? આ કંઈ કુતરું થોડું છે?'

'તો સું કરું? મારે મરવું નથી. ઓ મમ્મી...હવે સું થસે...!!'

'તું ચુપ મર...! ઝકીયા ઝડપથી પાછા હટો..!'

'તમે બંને મારી પાછળ રહો.' કહેતાં ઝકીયા આગળ આવી.

દીપડો હવે તેમનાથી દસ બાર ફૂટ દૂર હતો. તે ઊભો રહ્યો. પ્રાણાયામ કરતો હોય તેમ, ગરદન ઝટકીને તે આગળના પગે નીચે નમ્યો, તેનું શરીર પાછળ ખેંચ્યું. ખૂંખાર આંખોથી તેણે ત્રણેય સામે જોયું અને સ્ફૂર્તિથી ઉંચી છલાંગ મારી. તે હવામાં ઉંચે પાંચેક ફૂટ જેટલો ઊંચકાયો. ત્રણેય જણ ભાગે તે પહેલાં દીપડો તેમના ઉપર ત્રાટક્યો. જોનારને એમજ લાગે કે હમણાં ત્રણેય દીપડાનો કોળીયો થઇ જશે. પણ ના. તે સમયે એક ચમત્કાર બન્યો. દીપડો

ઉંધા માથે નીચે પટકાયો. તેની ત્રાડ ગળામાં અટવાઈ ગઈ, તેના બદલે દર્દભર્યો કરુણ અવાજ નીકળ્યો. નીચે પડીને તે જમીનપર આળોટવા લાગ્યો. શ્રીયા, ઝકીયા અને પાર્થ ભાગવાને બદલે દૂર ઊભાં રહીને તેને જોઈ રહ્યાં. પાર્થ તો એકદમ બાઘો બની ગયો હતો. આ શું થયું? શી રીતે થયું, તે તેને સમજાતું ન હતું. તે ઊભો ઊભો ધ્રુજતો હતો. નીચે આળોટતો દીપડો ઊભો થવા પ્રયત્ન કરતો હતો.

શ્રીયાને પહેલાં આખી બાબત સમજાઈ હતી. બન્યું હતું એવું, કે દીપડાએ જેવી તરાપ મારવા કુદકો માર્યો તેવી જ ઝકીયા સાવધાન થઇ ગઈ હતી. તેણે દીપડા સામે ટક્કર લેવાનો નિર્ણય કરી લીધો હતો.

દીપડો તેમના ઉપર પડે તે પહેલાં, ઝકીયાએ તેના હાથમાં રહેલી વાંસની લાકડી, બરછીની જેમ નિશાન તાકીને દીપડાના મ્હો તરફ ફેંકી હતી. ઝકીયાનું નિશાન આબાદ હતું. બરછીનો આગળનો છેડો બરાબર દીપડાની આંખમાં ખૂંચી ગયો હતો. બરછીની સ્પીડ અને દીપડાની સ્પીડ, એમ બેવડી સ્પીડના કારણે વાંસની લાકડી દીપડાની ડાબી આંખ ફોડીને ઊંડે સુધી ઘુસી ગઈ હતી. જેના કારણે દીપડો ઉંધા મોઢે નીચે પટકાયો હતો. અધૂરામાં પૂરું તે જ્યાં પટકાયો ત્યાં પથ્થર હતો. પથ્થર પર તેનું મ્હો અથડાતાં તેના જડબામાં પણ ઈજા થઇ હતી. તેના મ્હોમાંથી લોહી ટપકતું હતું. કદાચ તેના આગળના દાંત પણ તૂટી ગયાં હતાં.

'આ કેમ આળોટવા માંડ્યો?' સ્ટેચ્યુમાં જીવ આવ્યો હોય તેમ પાર્થ બબડ્યો.

'એ બધું પછી સમજાવું છું. દીપડો ઊભો થાય તે પહેલાં આપણે ભાગવું પડશે.' શ્રીયાએ પાર્થનો હાથ પકડીને ખેંચતાં કહ્યું.

'હા, હવે જોખમ લેવા જેવું નથી.' ઝકીયા આગળ થતાં બોલી. પાર્થ હજુ પણ કશું સમજી શક્યો ન હતો. તેને એટલી શાંતિ થઇ હતી, કે દીપડાના મુખમાંથી બધાં બચી ગયાં હતાં. ત્રણેય આંધળાની જેમ ભાગવા લાગ્યાં. હવે તો સાવ અંધારું થઇ ગયું હતું. તેઓ કઈ દિશામાં ભાગે છે, તેના પણ તેમને હોશ ન હતાં. તેમને તો બસ, દીપડાથી દૂર ચાલ્યાં જવું હતું. ગીચ ઝાડીઓમાંથી જગા કરતાં કરતાં ત્રણેય ઝડપથી ભાગતાં હતાં. આગળ ઝકીયા, તેની પાછળ શ્રીયા અને સૌથી પાછળ પાર્થ હતો.

&&&

રાત પડી ગઈ હતી. દસે દિશામાં અંધારું પથરાયું હતું. ફરવા ગયેલાં છોકરાં હજુ સુધી આવ્યા નહિ હોવાથી યામિની અને સૌરભ ચિંતામાં પડી ગયાં હતાં. યામિનીબેન તો થોડેક સુધી તપાસ પણ કરી આવ્યાં હતાં.

'સૌરભ..આ છોકરાઓ ક્યાં ગયાં હશે?'

'આટલામાં જઈએ છીએ એમ કહીને ગયાં હતાં. ખબર નહિ હજુ સુધી કેમ આવ્યા નહિ?'

'મને તો ચિંતા થાય છે. શ્રીયાનો મોબાઈલ પણ કવરેજ ક્ષેત્રની બહાર લાગે છે.'

'આમેય આ જંગલમાં નેટવર્કના ઠેકાણા ના હોય. તું અહીં બેસ, હું તપાસ કરીને આવું.'

'હું એકલી અહીં રહીને શું કરીશ? હું પણ તમારી સાથે આવું છું.'

'ઓકે, ચાલ. શ્રીયા પણ ખરી છે. એક ફોન પણ નથી કરતી.'

'ક્યાંથી કરે? નેટવર્ક જ ક્યાં છે?'

'હા, એ વાત પણ ખરી..'

બંને જણ આખા કેમ્પમાં ફરી વળ્યાં પણ છોકરાઓના સગડ મળ્યા નહિ. તેઓ ચાલતા ચાલતા કેમ્પની બહાર ફોલ પાસે આવ્યાં. પાણીના વહેવાના ખળ ખળ અવાજ સિવાય ત્યાં કોઈ ન હતું. ધોધની પાછળ ગાઢ જંગલ અંધારાની ચાદર ઓઢીને ઊભું હતું.

'બાપરે..આ જંગલ કેટલું ભયંકર લાગે છે? છોકરાઓ ક્યાંક જંગલમાં તો નહિ ગયાં હોયને?'

‘તું નકામી ડરે છે. આવાં ભયંકર જંગલમાં કોઈ શું કામ જાય?’
‘ભલું પૂછવું, તે લોકો જંગલમાં ગયાં હોય ત્યારે અજવાળું પણ હોય.’
‘માની લઈએ કે એ લોકો અજવાળામાં ગયાં હોય, પણ અંધારું થતાં સુધીમાં તો પાછા આવી જાય કે નહિ?’
‘કંઈ કહેવાય નહિ, આતો છોકરાં છે.’
‘એ લોકો રસ્તો ભૂલી ગયાં હોય એવું પણ બને.’
શ્રીયાના મમ્મી-પપ્પા ક્યાય સુધી તર્ક લડાવતાં રહ્યાં. થાકીને બંને પાછાં કેમ્પમાં આવ્યાં. કેમ્પના ચોકીદારની તપાસ કરતાં તે કેન્ટીનના ઓટલે બીડી પીતો બેઠેલો દેખાયો. તેની પાસે જઈને સૌરભે તેને છોકરાંઓ ખોવાયાની વાત કરી. સાંભળીને ચોકીદારે પહેલાં તો તેમની વાત ગણકારી નહિ.
‘આટલામાં જ્યાં હસે..આવી જાહે..’
‘હવે ક્યાં સુધી રાહ જોઈએ? મને ફોરેસ્ટ ઓફિસરનો નંબર આપો. મારે વાત કરવી છે.’ ફોરેસ્ટ ઓફિસરનું નામ સાંભળીને ચોકીદાર ચમક્યો.
‘સાહેબનું સું કામ સે? લો હેંડો હું આવુંસું..’
ચોકીદાર તેમને કેમ્પમાં અને કેમ્પની બહાર લઇ ગયો. ત્રણે જણ છેક વોટર ફોલ અને જંગલ સુધી શોધી આવ્યાં પણ છોકરાંઓ મળ્યાં નહિ. થોડી થોડી વારે સૌરભ શ્રીયાને કોલ કરતાં હતાં પણ નેટવર્ક નહિ હોવાથી કોલ લાગતો ન હતો. છેવટે ચોકીદાર પાસેથી ફોરેસ્ટ ઓફિસરનો નંબર લઈને તેમને ફોન કર્યો. ફોરેસ્ટ ઓફિસર આહવા ગામમાં જ હતાં. કલાકમાં તો તેઓ ફોરેસ્ટની જીપમાં આવી પહોંચ્યા. તેમની સાથે ગામના બે માણસો, એક પોલીસ અને સરપંચ હતાં.
બે છોકરીઓ અને એક છોકરો ખોવાયાની વાત ધીરે ધીરે મહાલ ગામમાં અને કેમ્પમાં પ્રસરી ગઈ. કેમ્પમાં ઉતરેલાં કેટલાંક ટુરિસ્ટ યામિની અને સૌરભને મદદ કરવા તેમની પાસે આવ્યાં. દરેક જણ પોતપોતાની સમજણ મુજબ સલાહ આપતાં હતાં. કોઈ કહેતું હતું કે રાત્રે જંગલમાં તપાસ કરવાનો અર્થ નથી, તો કોઈ કહેતું, અત્યારે જ જંગલમાં શોધવા જવું જોઈએ. ત્યાંના જાણકારો દીપડાની વાત કરીને ભય ઊભો કરતાં હતાં. અઠવાડિયા પહેલાં જ દીપડો એક આઠ વર્ષની છોકરીને ઉપાડી ગયો હતો. જેની ખવાઈ ગયેલી લાશ, બીજા દિવસે જંગલના અંતરિયાળ વિસ્તારમાંથી મળી હતી.
હવે શું કરવું તે શ્રીયાના મમ્મી-પપ્પાને સમજાતું ન હતું. આટલાં મોટા જંગલમાં ત્રણ બાળકોને શોધવા તે અંધારામાં સોય શોધવા બરાબર હતું. લાંબી ચર્ચાને અંતે જીપ લઈને જંગલમાં બાળકોને શોધવા જવાનું નક્કી થયું. આ શોધમાં સૌરભ, યામિની, ફોરેસ્ટ ઓફિસર રાઠવા, પોલીસ, ચોકીદાર, સરપંચ અને બીજાં બે ગામના માણસો જોડાયા. એકજ જીપમાં આ બધું લાવ લશ્કર સાંકડ-માંકડ બેસીને જંગલ તરફ રવાના થયું. તેમણે સાથે મોટી મોટી ટોર્ચ, દોરડાં અને લાકડીઓ લીધી હતી. રાઠવા પાસે તેમની બંદુક હતી.
યામિની અને સૌરભનો જીવ ઊંચોનીચો થતો હતો. તેમને છોકરાં ખોવાયાનું દુઃખ સહુથી વધારે હતું. તેમને એટલી ધરપત હતી કે ફોરેસ્ટ ઓફિસર અને બીજાં લોકો તેમની સાથે હતાં, એટલું જ નહિ બાળકોને શોધવામાં તેઓ મદદરૂપ થયાં હતાં. ફોલમાંથી ધવલ પાણી નીચે પડતું હતું. તેની બાજુમાં આવેલા કાચા રસ્તા પર જીપ થાકી ગયેલાં ઘોડાની જેમ ઠચૂક ઠચૂક આગળ વધતી હતી. થોડેક આગળ ગયાં પછી રસ્તો સાંકડો થયો. જીપની લાઈટના શેરડામાં કાચો રસ્તો અને જંગલની ઘનઘોર વનરાજી દેખાતી હતી.
આવા જંગલમાં ત્રણ છોકરાંઓ શું કરતાં હશે, તે વિચારીને યામિનીનો જીવ અધ્ધર થઇ ગયો

હતો. આગળ જઈને જીપ ઊભી રહી.
'અહીંથી આપણે ચાલતાં જઈએ. કોઈ પગેરું મળી જાય.' રાઠવાએ કહ્યું.
બધાં જીપમાંથી ટપોટપ નીચે ઉતરી ગયાં. સૌરભ અને યામિની સિવાય બધાં લોકો જંગલમાં ચાલવા ટેવાયેલાં હતાં.
'જોઈને ચાલજો. રસ્તામાં સાપ પર પગ ના પડે.' રાઠવાએ બંદુક એક હાથમાં લઈને આગળ ચાલતાં ચેતવણી આપી.
'હા હોં રાતના ટેમે જનાવર દેખાય નઈ.'
'દીપડાનું પણ ધ્યાન રાખવું પડશે.'
'દીપડાને તો અમે પોંચી વળીસું..' પોલીસે લાકડી ઉગામતાં કહ્યું.
'હમણાં હમણાં દીપડો માંણહનું લોઈ ચાખી જ્યો સે.'
'કોઈએ ગભરાવાની જરૂર નથી. આપણે આટલાં બધાં છીએ એટલે દીપડો હુમલો નહિ કરે. એતો કોઈ એકલદોકલ હોય તો ઉપાડી જાય.' રાઠવાએ ધરપત આપતાં કહ્યું. પાંચ વર્ષથી રાઠવા ડાંગના જંગલોમાં ફરજ બજાવતા હતાં એટલે તેઓ જંગલથી બરાબર પરિચિત હતાં. જંગલના જાનવરોથી માંડીને લાકડાંની અને જંગલી જાનવરોની તસ્કરી કરનારાઓની રગરગથી તેઓ પરિચિત હતાં.
હમણાં અઠવાડિયા પહેલાં જ દીપડો આઠ વર્ષની છોકરીને ઉપાડી ગયેલો, જેના લીધે ગામ લોકો પણ જંગલમાં જતાં ગભરાતાં હતાં. તે સમયે રાઠોડે માણસોને સાથે રાખીને તે છોકરીની ખવાઈ ગયેલી લાશ શોધી કાઢી હતી. તે છોકરીના મા-બાપને સરકારમાંથી થોડીક મદદ પણ મેળવી આપી હતી.
અઠવાડિયામાં જ છોકરાંઓ ગુમ થવાનો આ બીજો બનાવ હતો. 'હવે તો એ આદમખોર દીપડાને પકડવો જ પડશે.' રાઠોડે મનોમન ગાંઠ વાળી.
'સાહેબ...!? આંય આવો..!' પોલીસની બુમ સાંભળીને રાઠોડ વિચારોમાંથી બહાર આવ્યો. બધાં પોલીસ પાસે દોડ્યાં. જોયું તો જમીન પર લોહીના ડાઘ હતાં. આજુબાજુ ઝાડના થડને પણ લોહીના છાંટા ઉડ્યાં હતાં.
'આ જુઓ સાયેબ..નક્કી દીપડાએ કોઈનો શિકાર કર્યો સે.'
સાંભળીને બધાં એકબીજાની સામે જોવા લાગ્યાં. સૌરભ અને યામિનીના ચહેરા ફિક્કાં પડી ગયાં. 'ક્યાંક અમારાં છોકરાંઓને તો...' અશુભ વિચારોએ બંનેના મનનો ભરડો લઇ લીધો.

$$$$

પ્રકરણ-૫
બાળકોની શોધમાં

જમીન અને ઝાડ પરનું લોહી જોઇને બધાનાં મનમાં આશંકાઓ થવા લાગી.

'દીપડો ફરીવાર માણહ ઉપાડી જ્યો લાગે સે.'

'તમારી વાત હાચી, મને પણ એવું જ લાગે સે.'

'આ જો, દીપડાના પગનું નિશાન. આ દીપડાને હવે જીવતો નો રખાય..'

'ભારે થઇ, હવે તો છોરાં નં જંગલમાં લાકડાં લેવાએ નો મેક્લાય.'

બધાં અંદર અંદર ચર્ચા કરવા લાગ્યાં. દીપડાના આતંકથી બધાં ડરી ગયાં હતાં. દૂર ઊભાં રહીને બધાંની વાતો સાંભળતાં સૌરભ અને યામિનીનું હૈયું વલોવાતું હતું.

'હેં સાહેબ..આ દીપડો છોરાંઓને ઉપાડી ગ્યો હસે?' સરપંચે રાઠોડને પૂછ્યું.

'તમેય કેવી વાત કરોછો સરપંચ? દીપડો એક સાથે ત્રણ છોકરાંને કેવી રીતે ઉપાડી જાય?'

'આતો બધાં કે'તા'તા એટલે પુસ્યું.'

'કહેતા ભી દીવાના ને સુનતા ભી દીવાના? એ લોકો તો બોલે, તમે કેમ માની લીધું? અને તમનેય ખબર ના પડતી હોય તો ચૂપ રો'ને!' રાઠોડે સરપંચ અને બીજા બધાંને ધમકાવી નાખ્યાં. રાઠોડની વાત સાચી હતી. દીપડાએ જો ત્રણ જણ ઉપર હુમલો કર્યો હોય, તોયે તે એકજ બાળકને ઉઠાવીને લઇ જાય પણ બીજાં બે જણ તો બચી જાયને!'

'તમે ચિંતા કરશો નહિ, આપણે છોકરાંને શોધી કાઢીશું.' રાઠોડે સૌરભના ખભે હાથ મુકીને આશ્વાસન આપતાં કહ્યું.

'તો પસી આ લોઈ કોનું સે?' સરપંચથી ન રહેવાતાં તેમણે પૂછ્યું.

'હશે કોઈ જાનવરનું. ચલો હવે આગળ જઈએ.'

'આ બાજુ જઈએ. આ બાજુ ઝાડની ડાળીઓ તૂટેલી લાગે છે.'

ઝાડીઓની તૂટેલી ડાળખીઓ, દીપડાના પગનાં નિશાન અને લોહીના ડાઘને જોતાં જોતાં બધાં આગળ ચાલવા લાગ્યાં. થોડાં આગળ ગયાં હશે ત્યાં ઝરમર ઝરમર વરસાદ પડવા લાગ્યો.

'અત્યારે આ વરસાદ ક્યાંથી પડ્યો?' રાઠોડ બબડ્યો.

'વરસાદથી દીપડાના પગલાનાં નિશાન ભૂસઈ જસે.' ચોકીદાર લાકડી ઠોકતાં બોલ્યો.

વરસાદના કારણે રાઠોડને પણ ચિંતા પેઠી. યામીનીએ ફરીવાર મોબાઈલ જોડ્યો પણ નેટવર્ક નહિ હોવાથી ટું..ઉ...ટું..ઉ...સંભળાતું હતું.

'બેન અહીં નેટવર્ક હોતું નથી એટલે ફોન નહિ લાગે.' રાઠોડે કહ્યું. યામીનીએ મોબાઈલ તેમના ગાઉનના ખીસામાં મૂકી દીધો. તેમની લાચાર આંખોમાંથી ધીરે ધીરે આંસુનો વરસાદ શરુ થયો.

&&&

'ઓ..ઓ..આ..એ..ય..ઊભા રો.' પાર્થની બુમ સાંભળીને ઝકીયા અને શ્રીયા ઊભાં રહીને પાછળ જોવા લાગ્યાં. તેમને પરાગ દેખાયો નહિ. શ્રીયાએ બુમ મારી.

'પાર્થ....ક્યાં છે?'

'હું અહીં સુંઉઉઉ...!' પાર્થનો અવાજ સંભળાયો. બંને તે દિશામાં ગયાં. જોયું તો પાર્થ એક ખાડામાં પડી ગયો હતો. ખાડો બહુ ઊંડો ન હતો એટલું સારું હતું.

'પાર્થ.. મારો હાથ પકડ..' ઝકીયાએ નીચે ઝૂકીને તેનો હાથ લંબાવતાં કહ્યું.

પાર્થ તેનો હાથ પકડી લીધો. ઝકીયા તેને ખેંચીને ઉપર લાવી. પાર્થ તેનાં કપડાં ખંખેર્યાં. તેના હાથની કોણી છોલાઈ ગઈ હતી. તેમાંથી લોહીનો ટશીયો ફૂટ્યો હતો.

'બહુ વાગ્યું તો નથીને?' પૂછતાં શ્રીયા તેની કોણી પર ફૂંક મારવા લાગી. પાર્થે ડોકું

ધુણાવીને ના કહી. તેનો ચહેરો રડમસ થઇ ગયો હતો. અંધારું ઘેરું બન્યું હોવાથી બહુ સ્પષ્ટ દેખાતું ન હતું.

'આમ ન આમ ક્યાં સુધી દોડીસું?' પાર્થ પૂછવા લાગ્યો. તે બહુ થાકી ગયો હતો. શ્રીયા અને ઝકીયા પણ થાકી ગયાં હતાં.

'મોત પાછળ પડ્યું હોય ત્યારે એવું બધું ના વિચારાય. થાક તો મનેય લાગ્યો છે.' કહેતાં શ્રીયા નીચે પથરાયેલી એક ઝાડની ડાળી પર બેસી ગઈ.

'હવે શું કરવું છે?' ઝકીયા, પાર્થ અને શ્રીયા સામે જોઇને પૂછવા લાગી.

'આપણે જંગલમાં ભૂલા પડી ગયાં છીએ. બહાર નીકળવાનો રસ્તો કોઈ જાણતું નથી.'

'તો સું આખી રાત જંગલમાં પડી રે'વાનું?'

'ના રે ના, અહીંથી બહાર નીકળવાનો રસ્તો તો શોધવો પડશે.'

'મને તો તરસ લાગી સઅ..વોટરબેગ લઈને નેકળયાં હોત તો સારું હતું.'

'એવી થોડી ખબર હતી કે જંગલમાં દીપડો મળશે અને આપણે ભૂલા પડી જઈશું? ઝકીયા કહેવા લાગી. તેની વાત પણ સાચી હતી. બધું અણધાર્યું બની ગયું હતું. ઝકીયાને ભેટી પડતાં શ્રીયા કહેવા લાગી.

'ઝકીયા..તારા લીધે આપણે બધાં બચી ગયાં. તું બહુ હિંમતવાળી છે.'

'ઇટ્સ ઓકે યાર..'

'મને તો કોઈ કે'તું જ નથી કે દીપડાને સું થયું'તું! આપણા ઉપર તરાપ મારવા દોડેલો દીપડો ઉંધા ભોડે પછડઈને જમીન ઉપર આળોટવા કેમ મંડ્યો'તો?'

'હું તને સમજાવું. દીપડાએ આપણા ઉપર તરાપ મારવા જેવી છલાંગ મારી, તેવી જ તેના ચહેરાનું નિશાન તાકીને ઝકીયાએ વાંસની લાકડી જોરથી ફેંકી અને એ લાકડી તેની ડાબી આંખમાં ઘુસી ગઈ.'

'એટલે એ નેચે પછડાયો. હવે હું સમજી ગ્યો. એની આંખ ફૂટી ગઈ'તી એટલે મારો દિયોર આળોટતો'તો. કે'વું પડે હોં ઝકીયા. ખરેખર તેં અમને બચાયા.' પરાગે ઝકીયાનો ખભો થાબડ્યો. ઝકીયાને કોઈ તેના વખાણ કરે તે ગમતું ન હતું.

'ચાલો ચાલો, હવે આગળ વધીએ. હજુ તો આપણે જંગલમાંથી બહાર નીકળવાનું છે.' કહેતાં ઝકીયા આગળ ચાલી. તેની પાછળ પાર્થ અને શ્રીયા દોરાયાં. થોડું ચાલ્યાં હશે ત્યાં શ્રીયાને કશું યાદ આવતાં તેણે ઝાકીયાનો હાથ પકડીને ખેંચતાં કહ્યું.

'એક મિનીટ..આપણે તો ભૂલી જ ગયાં કે આપણી પાસે મોબાઈલ છે.' શ્રીયાએ તેના પેન્ટના ખીસામાંથી મોબાઈલ કાઢતાં કહ્યું.

'એ હા, શ્રીયાડી તું પણ ભુલકણી જ સઅ.' પાર્થનો ચહેરો મોબાઈલ જોઇને ખીલી ઉઠ્યો.

'તું જલ્દી તારા પપ્પાને ફોન લગાવ.' શ્રીયાએ મોબાઈલ ચાલુ કર્યો.

'તું ફુઆને ફોન કરને.' પાર્થની ધીરજ ખૂટી હતી.

શ્રીયાએ તેના પપ્પાને કોલ જોડ્યો પણ લાગ્યો નહિ. તેણે મમ્મીને જોડ્યો. તેમનો પણ કોલ લાગ્યો નહિ. તે વારંવાર ફોન જોડવા લાગી.

'શું થયું?'

'નથી લાગતો, અહીં નેટવર્ક નથી.'

'હત્તતારીની...ખરા ટાઈમે નેટવર્કનો લોચો આયો.'

'થોડે આગળ જઈએ, એ બાજુ નેટવર્ક હશે.'

નેટવર્ક મેળવવા માટે હાથમાં મોબાઈલ લઈને શ્રીયા આગળ ચાલવા લાગી. તેની પાછળ પાર્થ અને ઝકીયા દોડ્યાં. નેટવર્કની આશામાં ત્રણેય ઉંચી ટેકરી પર ચઢ્યાં. લગભગ અડધો કલાકથી વધારે રખડવા છતાં નેટવર્ક મળ્યું નહિ. ત્રણેય નિરાશ અને ઉદાસ થઈ ગયાં.

બધાં થાકીને લોથ થઇ ગયાં હતાં. તરસથી તેમનાં ગળા સુકાતાં હતાં. થાકીને ત્રણેય એક પથ્થર પર બેસી પડ્યાં. હવે આગળ જવાના તેમને હોશ ન હતાં. પાર્થ તો બહુ થાકી ગયો હતો. તે તો આગળ એક ડગલુંયે ચાલવા તૈયાર ન હતો. શ્રીયાની ઈચ્છા પણ થોડીવાર આરામ કરવાની હતી. એક ઝકીયા જ હજુ થાકી ન હતી. રોજ એકસરસાઈઝ કરવાને લીધે તેના શરીરનો બાંધો મજબૂત થયો હતો. ઝકીયાએ શ્રીયા અને પાર્થને કહ્યું.

'તમે અહીં જ બેસજો, હું આજુબાજુ ક્યાંક પાણી હોય તો તપાસ કરીને આવું છું.'

'તું એકલી જઈશ?'

'એમાં શું થયું?'

'તને બીક નથી લાગતી? સાચવીને જજે.'

'ડરીને બેસી રહેવાથી શું થવાનું છે? તું ચિંતા ના કરીશ. હું હમણાં આવું છું.'

'અને જલ્દી પાસી આવજે.'

ઝકીયા અંધારામાં અદૃશ્ય થઇ ગઈ. થોડીવારમાં તે પાછી આવી ત્યારે પાર્થ શ્રીયાને ટેકો દઈને ઝોકે ચઢ્યો હતો. શ્રીયા પણ આંખો મીંચીને બેસી રહી હતી. પગમાં કચડાતાં પાંદડાના અવાજથી તે જાગી ગઈ.

'શું થયું ઝકીયા?'

'અહીંથી થોડે આગળ એક રોડ છે, એ રોડથી થોડે દૂર કોઈ મકાનની લાઈટ દેખાય છે.'

'સું થયું...?' પાર્થ ઝબકીને જાગી ગયો.

'કશું નથી થયું. ચલ ઊભો થા, આપણને રસ્તો મળી ગયો છે.' શ્રીયાએ ઊભા થતાં પાર્થને જણાવ્યું. પરાગ ધીમે ધીમે ઊભો થયો. તેને કોણીમાં હજુ બળતરા થતી હતી.

'કેટલે દૂર જવાનું સઅ..?'

'તું ચાલને હવે...' પાર્થને ધક્કો મારીને આગળ કરતાં શ્રીયા કહેવા લાગી.

ચાલતાં ચાલતાં ત્રણેય રોડ પર આવ્યાં. ત્યાંથી થોડેક દૂર એક મકાનની લાઈટ દેખાતી હતી. ત્રણે જણ તે લાઈટને દીવાદાંડી સમજીને તે તરફ ઝડપથી ચાલવા લાગ્યાં. લગભગ વીસ મિનીટ ચાલ્યાં પછી તેઓ તે મકાન પાસે પહોંચ્યાં. તે મકાન ડોક્ટર કામથની લેબોરેટરી હતી.

'આ બોર્ડ પર તો, ડોક્ટર કામથ રીસર્ચ લેબોરેટરી લખ્યું છે.'

'જે હોય તે, ચાલો અંદર જઈએ.' ત્રણેય ઝાંપા પાસે આવ્યા. દરવાજા પર તાળું મારેલું હતું.

'લો આ તો મોટું તાળું માર્યું સઅ.. હવે સું કરસો?'

'ઝાંપો કુદીને અંદર જઈએ, બીજું શું?' કહેતાં ઝકીયા ઝાંપા પર ચઢવા લાગી. તેની પાછળ પાર્થ અને છેલ્લે શ્રીયા ચઢી. બીજી બાજુ ઉતરીને ત્રણેય લેબોરેટરી તરફ ચાલવા લાગ્યાં. લેબોરેટરીના મુખ્ય દરવાજા પાસે લાઈટ બળતી હતી. શ્રીયાએ દરવાજાને ધક્કો મારતાં તેનું બારણું ખુલી ગયું. હમણાં જ ચંપા બહાર ગઈ હોવાથી દરવાજો ખુલ્લો હતો.

ઝડપથી તેઓ અંદર દાખલ થયા. કોન્ફરન્સ હોલ અને ઓફિસોની વચ્ચેની ગેલેરીમાંથી ચાલતાં તેઓ પાછળ રસોડામાં આવ્યાં. રસોડાની લાઈટ ચાલુ હતી. શ્રીયાની નજર ફ્રીજ પર પડતાં તેણે તેમાંથી પાણીની બોટલ કાઢીને પાર્થને આપી. પાર્થ જાણે વર્ષોનો

તરસ્યો હોય તેમ આખી બોટલ ગટગટાવી ગયો. બીજી બોટલમાંથી શ્રીયા અને ઝકીયાએ પાણી પીધું. પરાગ ફ્રીજ ખોલીને ખાવાનું શોધવા લાગ્યો. તેમાં તેને બ્રેડ અને સફરજન મળ્યાં. બધા એક એક સફરજન લઈને ખાવા લાગ્યાં. ત્યાં દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો. ત્રણેય ચમકીને બહાર ભાગ્યાં. કોઈ રસોડા તરફ આવે તે પહેલાં તેઓ રસોડામાંથી બહાર નીકળીને, ઓફિસમાં ઘુસી ગયાં.

થોડીવારે પગલાંનો અવાજ દૂર જતાં પાર્થે ધીમેથી દરવાજો ખોલીને જોઇ લીધું. લોબીમાં કોઈ ન હતું. ઓફિસમાંથી નીકળીને તેઓ મેઈન દરવાજા તરફ આવ્યાં. ત્યાં ફરીથી રસોડામાંથી કોઈ આવતું હોય તેવો અવાજ સંભળાયો. સંતાવા માટે તેઓ ભોંયરાની સીડી ઉતરીને નીચે જતાં રહ્યાં.

નીચે લેબોરેટરીનો પહેલો દરવાજો ખોલીને અંદર આવ્યાં. ત્યાંથી તેઓ બીજો દરવાજો ખોલીને લેબોરેટરીમાં દાખલ થયાં. લેબોરેટરીમાંથી દવા અને કેમીકલની વાસ આવતી હતી. અંધારું હોવાથી ત્રણેય એકબીજાના હાથ પકડીને ચાલવા લાગ્યાં. પાર્થને બીક લાગતી હોવાથી તેણે શ્રીયાનો હાથ જોરથી પકડી રાખ્યો હતો. થોડે દૂર કોઈ મશીનની લાઈટ દેખાઈ.

નજીક જઈને જોયું તો તે કોઈ કેમિકલના પરિક્ષણ માટેનું મશીન હોય તેવું લાગ્યું. ઝકીયાએ દીવાલ પર હાથ ફેરવીને સ્વીચબોર્ડ શોધી કાઢ્યું, ને બધી સ્વીચો પાડી દીધી. તે સાથે રૂમ ઝળહળી ઉઠ્યો. એક મોટો ઓરડો નજરે પડ્યો. દીવાલ પર કેટલાંક કબાટો લગાવેલાં હતાં. તેના કાચના દરવાજામાંથી અંદર મૂકેલાં પુસ્તકો, દવાઓ અને લેબનાં સાધનો દેખાતાં હતાં. હોલની વચ્ચે બે મોટા લાકડાનાં ટેબલ પડેલાં હતાં. તેના ઉપર કેટલાંક સાધનો મૂકેલાં હતાં. થોડે દૂર લાકડાનું એક પાર્ટીશન દેખાયું. કુતૂહલવશ ત્રણેય તે પાર્ટીશન તરફ આગળ વધ્યા. આડો કરેલો દરવાજો ખોલીને તેઓ અંદર આવ્યા. અંદરનું દૃશ્ય જોઇને ત્રણેય સ્તબ્ધ થઇ ગયા.

એક માણસ મોટાં ટેબલ પર સુતો હતો. તેના હાથ-પગ અને કમરનો ભાગ સાંકળોથી બાંધેલો હતો. ડઘાઈને તેઓ એકબીજા સામે જોવા લાગ્યા. પરાગના હાથમાંથી અડધું ખાધેલું સફરજન નીચે પડી ગયું. શ્રીયાની આંખો વિસ્ફારિત થઇ ગઈ. ઝકીયા મૂક બનીને તેને જોઈ જ રહી. તે કોણ હશે? માણસ જેવો લાગે છે પણ માણસ તો નથીજ. તેમને કળ વળે ને કંઈ વિચારે તે પહેલાં જ પેલાના શરીરમાં ચેતનાનો સંચાર થયો હોય તેમ તે સહેજ ધ્રુજ્યો. તેની મોટી ભમરડા જેવી આંખો ખુલી. તેના મોટા લખોટા જેવા ડોળા ચકળવકળ ફરીને ત્રણેયજણ પર સ્થિર થયા. તેની લીલા રંગની કીકીઓ તેમને જોઈ રહી. તેની આંખોમાં કુતુહલ અને લાચારી દેખાતી હતી.

$$$$

પ્રકરણ-૬
એલીયન સાથે મુલાકાત

સાંકળોથી બાંધેલા માણસ જેવાં પ્રાણીને જોઇને ત્રણેય જણ સ્તબ્ધ થઇ ગયાં. તે પ્લેનેટમાંથી આવેલો એલિયન હતો. ત્રણેયમાંથી એકેયને બોલવાના હોશ ન હતાં. તેઓ કોઈ અજબ સૃષ્ટિમાં આવી ગયાં હોય તેમ એલીયનને જોઈ રહ્યાં. એલીયન જાણેકે ગાઢ નિંદ્રામાંથી જાગ્યો હોય તેમ આંખોના ડોળા ફેરવતો ચારેબાજુ જોઈ રહ્યો હતો. તેણે ઊભા થવા પ્રયત્ન કર્યો પણ થઇ શક્યો નહિ. હાથ-પગ હલાવ્યા પણ હાલ્યા નહિ. મજબુત સાંકળોથી તેના હાથ-પગ અને કમરને બાંધીને સાંકળના અંકોડામાં મોટું તાળું લગાવેલું હતું. ઊભા ન થવાયું એટલે તેણે ઉત્કાર કર્યો. તેનો એ અવાજ થોડોક વિચિત્ર હતો. એ અવાજ પ્રાણી કે માણસ જેવો નહિ પણ મશીન જેવો કર્કશ હતો.

અવાજ સાંભળીને પાર્થ વધારે ડરી ગયો. તેણે શ્રીયાનો હાથ જોરથી પકડી રાખ્યો હતો. એલીયને ફરીથી બેઠા થવા પ્રયત્ન કર્યો પણ ચસકી શકાયું નહિ. તેની શક્તિ હણાઇ ગઈ હતી. તેણે લાચાર નજરે આ લોકો તરફ જોયું. શ્રીયા અને ઝકીયા એકબીજા સામે જોવા લાગ્યાં. ત્યાં મશીન જેવો એલીયનનો અવાજ સંભળાયો. તે આ લોકોને સંબોધીને કંઇક કેહેતો હતો. તેની વિચિત્ર ભાષા ન સમજાતાં ઝકીયા બોલી.

'એ આપણને કશુંક કહેવા માગે છે.'

'હા..પણ તેની ભાષા તો આપણને સમજાવી જોઈએને?'

'ઝકીયા..મને તો એ રાક્ષસ લાગ સઅ..ચલો અહીંથી ભાગી જઈએ.' પાર્થ ડરતા ડરતાં ધીરેથી બોલ્યો. એલીયનને બાંધેલો હોવાથી પાર્થમાં થોડીક હિમ્મત આવી હતી.

'મને લાગે છે કે તે આપણી મદદ માગી રહ્યો છે.' શ્રીયાએ પાર્થની વાત અવગણીને કહ્યું.

'મને પણ એવું જ લાગે છે.' ઝકીયાએ તેની વાતમાં સૂર પુરાવ્યો.

'એને સોડાવિસું તો એ આપણને મારી નાખસે. એ રાક્ષસ સઅ એટલે તો એને બાંધ્યો સઅ.'

'મને તો એ રાક્ષસ નથી લાગતો. બિચારો કેવો લાચાર થઈને જોઈ રહ્યો છે?'

'તારી વાત સાચી છે શ્રીયા, આપણે તેની મદદ કરવી જોઈએ.' કહેતી ઝકીયા એલીયનની નજીક ગઈ. તેની પાછળ શ્રીયા પણ ગઈ.

'જો એને સોડાવસો તો મરી ગ્યા સમજજો.' પાર્થ ચેતવણી આપતાં કહ્યું.

'તું ચૂપ રહેને હવે..' શ્રીયાએ પાર્થને ચૂપ કરવા છણકો કર્યો. પાર્થ દૂર ઊભો રહીને બંનેને જોઈ રહ્યો.

જો એલીયન હુમલો કરે તો ભાગી શકાય, તેના માટે તેણે તૈયારી રાખી હતી. ઝકીયા અને શ્રીયા એલીયનની પાસે જઈને તેને જોવા લાગ્યાં. એલીયન પણ કુતુહલથી તે બંનેને જોતો હતો. તેના શરીર પર સાંકળ અને તેને મારેલું તાળું જોઇને શ્રીયા બોલી.

'બિચારાને સાંકળોથી બાંધ્યો છે અને પાછું તાળું પણ માર્યું છે.'

'તો હવે શું કરીશું? તાળાની ચાવી કોની પાસે હશે?'

'એની તો મને પણ ખબર નથી. કદાચ ટેબલના કોઈ ખાનામાં મૂકી હશે.'

'જોઈએ તો ખરાં..' ઝકીયા અને શ્રીયા ટેબલના બધાં ખાના ખોલીને ચાવીઓ શોધવા લાગ્યાં પણ તેમને કશું મળ્યું નહિ. બંને નિરાશ થઇ ગયાં.

'સોડાવી દીધો રાક્ષસને..? હું ના કહું સુ તોયે આ બે જણીઓ સમજતી જ નથી.'

'તું ચૂપ રહીશ..? બીકણ નહીતો..!'

'હું બીકણ નથી. આતો તમને ચેતવું સું. ક્યાંક ધરમ કરતાં ધાડ ના પડે!'

'તું એની વાતોમાં ધ્યાન આપ્યા વિના લોક ખોલવાનું વિચાર.' ઝકીયાએ શ્રીયાને રોકતાં કહ્યું.

'ઓકે, ચાવી તો કોઈ ખાનામાં છે નહિ હવે શું કરીશું? સાંકળ તોડી નાખીએ તો?'

'પણ આટલી જાડી સાંકળને તોડવી કેવીરીતે?'

'શ્રીયા..મને લાગે છે, આને પહેલાં પાણી પીવડાવીએ? તેને ક્યારનોએ બાંધી રાખ્યો હશે!'

'તારી વાત તો સાચી..એ પાર્થીયા ક્યાંકથી પાણી શોધીને લઇ આવ.'

'હું કસું લાવવાનો નથી.'

'શ્રીયા તું એને છોડ, હું લઈ આવું છું.' કહેતી ઝકીયા લેબોરેટરીમાં પાણી શોધવા લાગી. હાથ ધોવા માટેનું એક બેસીન તેની નજરે પડ્યું. પ્લેટફોર્મ પર પડેલો એક કાચનો મોટો કટોરો લઈને તેણે તેમાં પાણી ભર્યું. પાણી ભરીને તે એલીયન પાસે આવી. એલીયન તેને દયામણી નજરે જોઈ રહ્યો હતો. શ્રીયા પણ તેની પાસે આવી. ઝકીયા કટોરો ઉંચો કરીને એલીયનના મ્હોમાં પાણી રેડવા લાગી. બધુંજ પાણી એલીયનના પેટમાં ઉતરી ગયું. હજુ પણ તેનું મ્હો ખુલ્લું હતું.

'ઝકીયા હજુ તેને પાણી પીવું છે. જા બીજું લઇ આવ.'

ઝકીયા બીજો કટોરો ભરીને લઇ આવી. તે પણ એલીયન પી ગયો. હજુ તે તરસ્યો હોય તેમ તેનું મ્હો ખુલ્લું હતું. ઝકીયા અને શ્રીયા એકબીજાની સામે જોઈ રહ્યાં. શ્રિયાએ આસપાસ નજર દોડાવી. તેને એક પ્લાસ્ટીકની પાઈપ દેખાઈ. તે પાઈપ લઈને તેણે તેનો એક છેડો નળમાં લગાવી દીધો અને બીજો છેડો લાંબો કરીને એલીયનના મ્હો પાસે ધર્યો. ઝકીયાએ નળ ચાલુ કરતાં પાણીનો ધધૂડો એલીયનના મ્હોમાં પડવા લાગ્યો.

'આનું તો પેટ સઅ કે કુવો? ભરાતું જ નથી.' દુરથી જોઈ રહેલો પાર્થ બોલ્યો.

'હા યાર..આ કેટલું પાણી પીશે?'

'પીવા દેને યાર..બહુ દિવસનો તરસ્યો લાગે છે.'

'ક્યાંક એનું પેટ ફૂટી ના જાય!' કહેતો પાર્થ હસવા લાગ્યો.

'હમણાં તો ડરતો'તો, શેનું હસું આવે છે?' શ્રીયા ચિડાઈને બોલી.

'તો સું રોવું? એતો સારું સઅ એ રાક્ષસને બાંધેલો સઅ..નહિતર જોવા જેવી થાત.'

'હમણાં અમે તેને છોડાવીએ એટલે ખબર, કે કોને ખાય છે!'

'શ્રીયા..પણ એને છોડાવીશું કેવીરીતે? આ તાળું તોડવું મુશ્કેલ છે.'

'મુશ્કેલ તો છે પણ અશક્ય નથી. કંઇક રસ્તો તો કાઢવો પડશે.'

&&&

વરસાદનું જોર ધીરે ધીરે વધવા લાગ્યું હતું. વરસાદથી બચવા બધાં લોકોએ સાગના એક મોટા ઝાડ નીચે આશરો લીધો હતો. યામિની નીચે એક પથ્થર પર બેસીને રડતાં હતાં. તેમના ખભા પર હાથ મુકીને સૌરભ તેમને આશ્વાસન આપતા હતાં. રાઠવા, પોલીસ અને સરપંચ અંદર અંદર કંઇક મસલત કરી રહ્યાં હતાં. ગામના બે માણસો અને ચોકીદાર થોડે દૂર ઉભા રહીને બીડીઓ પીતાં હતાં. વરસાદના અવાજમાં તમરાં અને જીવડાંનો અવાજ દબાઈ જતો હતો. ક્યારેક વીજળી થાય ત્યારે તેનો તેજ લીસોટો ગીચ ઝાડીમાંથી ચળાઈને પરાવર્તિત થતો હતો.

અડધો કલાક થયો તોયે હજું વરસાદ બંધ થયો ન હતો. હા, થોડોક ધીમો પડ્યો હતો. ઝાડ નીચે ઊભાં હોવાછતાં બધાં વરસાદની વાછટના લીધે અડધા પડધા ભીંજાઇ ગયા હતા. વરસાદ પડ્યા પછી વાતાવરણ ઠંડુ થઇ ગયું હતું. થોડી થોડી ઠંડી પણ લાગવા માંડી હતી.

'સાયેબ...સું કરસું.....?' બીડીનું ઠુંઠું નીચે નાખતાં સરપંચે બુમ મારીને રાઠવાને પૂછ્યું.

'થોડી રાહ જોઈએ. વરસાદ રહી જાય એટલે જઈએ.' રાઠવાએ ઊંચા અવાજે જવાબ આપ્યો. પછી ધીમા અવાજે પોલીસને પૂછ્યું.
'શું કરીશું? મને લાગતું નથી કે હવે છોકરાં મળે!'
'મને પણ એવું લાગે સે.' પોલીસે રાઠોડની વાતને ટેકો આપતાં કહ્યું.
'ચલો જઈએ...હવારના જોસું.' કહેતાં, સરપંચે પગ ઉપાડ્યો. તેમને ઘેર જવાની ઉતાવળ હતી.
'વરસાદ રહી જાય ત્યાં સુધી ઉભા રહીએ તો?'
'ઓસો તો થઈ ગ્યો સ.'
'આમેય પલળ્યા તો સીએ, ચાલો જઈએ.'
'ચાલો સાહેબ, જઈએ..!' રાઠવાએ સૌરભભાઈ પાસે જતાં કહ્યું. યામિની અને સૌરભ એકબીજા સામે જોવા લાગ્યાં.
'વરસાદ પડે છે અને અંધારી રાત છે એટલે શોધવામાં મુશ્કેલી પડે છે. સવારે પાછાં આવીશું.'
'આવી રાતમાં છોકરાં ક્યાં હશે..?' રડમસ અવાજે યામીનીએ કહ્યું. પાછાં જવા માટે તેમનું મન માનતું ન હતું.
'રાઠોડ સાહેબની વાત સાચી છે. આપણા લીધે કેટલાં બધાં લોકો હેરાન થાય છે!' સૌરભે યામીનીને સમજાવતાં કહ્યું.
'આપણે હજું થોડા આગળ તપાસ કરી હોય તો?' હજુપણ યામિનીનું મન માનતું ન હતું.
'બેન..કેટલે આગળ જવું? વરસાદના લીધે બધાં સગડ પણ ભૂંસાઈ ગયાં છે.' રાઠવાની વાત ખોટી ન હતી. હવે જીદ કરવી નકામી હતી. યામિની નીઃશ્વાસ નાંખીને ચાલવા લાગી.
હારેલાં સિપાહીની જેમ બધાં વરસાદથી બચતાં ઝાડની ઓથે ઓથે જીપ તરફ ચાલવા લાગ્યાં. જીપ ખાસી દોઢ કિલોમીટર જેટલી દૂર ઉભી હતી. જીપ પાસે આવતાં ફરીથી બધાં જીપમાં માંડ માંડ ગોઠવાયાં. જીપ ટર્ન લઈને પાછી ગામ તરફ દોડવા લાગી. બધાંના ચહેરા પર બાળકો ન મળવાનો વસવસો દેખાતો હતો.

&&&

એલીયનને પાણી પીવડાવ્યા પછી તેમાં જીવ આવ્યો હોય તેવું લાગતું હતું. શ્રીયા અને ઝકીયાનો આભાર માનતો હોય તેમ તે તેમની સામે જોવા લાગ્યો.
'જો પેલો આપણી સામે જોઈ રહ્યો છે.' ઝકીયા બોલી.
'હવે તેનો ચહેરો તાજો લાગે છે. હવે તેને છોડાવવા માટે કંઇક કરવું પડશે.' શ્રીયા આજુબાજુ નજર દોડાવતાં બોલી. તે પાર્ટીશનની બહાર આવી. તેની પાછળ ઝકીયા પણ આવી. પાર્થ તો તેમના પહેલાં જ બહાર નીકળી ગયો હતો.
ઝકીયા અને શ્રીયા બહાર દીવાલો પર લાગેલાં કબાટ ખોલીને તેમાં ચાવીઓ શોધવા લાગ્યાં. ત્યાં પાર્થની ચીસ સંભળાઈ. બંને જણ ચીસની દિશામાં દોડ્યાં. લેબોરેટરીની આગળના દરવાજા બાજુથી ચીસ સંભળાઈ હતી. બંનેએ જોયું તો પાર્થ સળીયાના એક પાંજરા પાસે ઊભો હતો.
'શું થયું પાર્થીયા?' પાર્થે શ્રીયા સામે જોઇને પાંજરા તરફ આંગળી ચીંધતાં કહ્યું.
'જો પેલું વાંદરું..'
શ્રીયા અને ઝકીયા પાંજરામાં રાખેલું વાંદરાનું બચ્ચું જોવા લાગ્યાં. વાંદરાનું નાનકડું બચ્ચું પાંજરામાં નિસ્તેજ થઈને પડ્યું હતું. તેની આંખોના ડોળા ચકળવકળ થતાં હતાં.
'આ બચ્ચાને શું થયું છે?' ઝ્કીયાએ પૂછ્યું.

‘ખબર નહિ, મને લાગે છે કે આ બચ્ચું પણ ભૂખ્યું તરસ્યું છે.’
‘ઉભી રહે, હું પાણી લઇ આવું.’ ઝકીયા દોડીને પાણી લેવાં ગઈ.
‘વાંદરાના બચ્ચાથી પણ ડરી ગયો?’
‘અચાનક જોયું ને, એટલે...’
‘લે આ પાણી..’ ઝકીયા એક ટબમાં પાણી લઇ આવી.
‘ઉભી રે’ હું પાંજરું ખોલું...’ કહેતાં પરાગે પાંજરું ખોલ્યું.
શ્રીયાએ અંદર હાથ નાંખીને બચ્ચાના માથે ધીરેથી હાથ ફેરવ્યો અને તેના મ્હોમાં પાણી રેડ્યું. બચ્ચું પાણી પીવા લાગ્યું. પાણી પીધા પછી તેને હોશ આવ્યાં હોય તેવું લાગ્યું.
‘લે આ સફરજન એને આપ.’ નીચે પડી ગયેલું સફરજન શોધીને પાર્થે શ્રીયાને આપ્યું. શ્રીયાએ સફરજન બચ્ચાના મ્હો સામે ધર્યું. બચ્ચુ બે હાથે પકડીને ખાવા લાગ્યું.
‘બિચારાને ભૂખ્યું-તરસ્યું પૂરી રાખ્યું હતું.’
‘હા..એતો સારું થયું મારી નજર પડી, નહિતર મરી ગ્યુ હોત.’
‘ચાલો હવે તેને ખાવા દો. આપણે પેલાને પણ છોડાવવાનો છે.’ કહેતાં ઝકીયા ચાલવા લાગી. તેની પાછળ શ્રીયા દોડી.
‘તું આરામથી સફરજન ખા. મારે જવું પડસે હોં.’ બચ્ચાને સમજાવીને પાર્થ પણ દોડ્યો. બચ્ચુ પણ પાર્થની વાત સમજ્યું હોય તેમ ડોકી હલાવીને જોઈ રહ્યું.
શ્રીયા અને ઝકીયા ચાવીઓ શોધવા લાગ્યાં. તેમની સાથે પાર્થ પણ જોડાયો. તેને જોઇને શ્રીયા બોલી.
‘કેમ ભઈ, તું તો પેલાને છોડાવવાની ના પાડતો હતો ને!’
‘હા..પણ હવે મારો વિચાર બદલઈ ગયો.’ કબાટમાંથી પુસ્તકો ઉતારતાં પાર્થે કહ્યું.
‘બહુ ડાહ્યો. હવે તને એની બીક નહિ લાગે?’ શ્રીયાના પ્રશ્નનો જવાબ આપવાને બદલે તે હસવા લાગ્યો.
ત્રણેય જણે બધાં કબાટ ફેંદી નાખ્યાં પણ ચાવી મળી નહિ. નિરાશ થઈને તેઓ એકબીજાની સામે જોવા લાગ્યાં. પાર્થ થાકીને ટેબલ પર કુદકો મારીને બેસી ગયો. લમણે હાથ મૂકીને તે કહેવા લાગ્યો.
‘મને તો લાગેસે કે જેણે આને બાંધ્યો હસે એની પાસે જ ચાવી હસે.’
‘મને પણ એવુંજ લાગે છે.’ ઝકીયાએ બોલી.
‘હવે તો એકજ રસ્તો છે, સાંકળ તોડવાનો.’ કહેતી શ્રીયા કુદકો મારીને પાર્થની બાજુમાં ટેબલ પર ચઢી ગઈ.
‘મને તો ઊંઘ આવે સે.’ કહેતો પાર્થ ટેબલ પર લાંબો થઇ ગયો.
તે સાથે જ જાણે ધરતી કંપના લીધે કંઇક તૂટી પડ્યું થયો હોય તેવો ‘ખણ..ણ..ણ..ણ..’ અવાજ થયો. પાર્થ ગભરાઈને ઊભો થઇ ગયો. શ્રીયા અવાજની દિશામાં જોવા લાગી. ત્રણેય જણ સાવધ થઇ ગયાં. સાંકળ ખખડવાનો અવાજ પાર્ટીશનની બીજીબાજુથી આવતો હતો. તેની સાથે સાથે કોઈ મોટું મશીન ચાલતું હોય તેવો ‘ખરરર..ઘો..ધો..ખટ...ટક...ખરરર...’ વિચિત્ર અવાજ આવ્યો. ત્રણે જણ ત્યાંજ સ્ટેચ્યુ થઇ ગયાં.

$$$$

પ્રકરણ-૭
એલીયનની મુક્તિ

વલ્લરી તેના રૂમમાં લેપટોપ પર બેઠી બેઠી એલીયનના ફોટાઓ વિડીઓ અને બીજી માહિતી શોધતી હતી. એલીયનને પ્રમાણિત કરે એવી કોઈ માહિતી કે ફોટાઓ જોવા મળતાં ન હતાં. કોઈ એલીયનને મળ્યું હતું, તો કોઈએ તેના ફોટા પાડ્યા હતાં, તો કોઈ યુએફઓ (અન આઇડેન્ટિ ફાય ઓબ્જેક્ટ) જોયાનો દાવો કરતું હતું. અમેરિકાની એક વ્યક્તિએ તો એવો દાવો કર્યો હતો, કે એલીયનો તેનું અપહરણ કરીને લઇ ગયાં હતાં અને તેને એક મહિના સુધી કેદ કરી રાખ્યો હતો. જોકે આ બધાંના ઠોસ પુરાવા ન હતાં. કેટલીક વેબસાઈટ પર આપેલાં ફોટાઓ અને વિડીઓ બનાવટી લાગતા હતાં.

આ બધાં પુરાવા કે કોઇપણ જાતના આધાર વિનાના વિડીઓ અને ડોકયુમેન્ટરીઓને લાખો લોકોએ જોયા હતાં, સબસ્ક્રાઈબ કર્યા હતાં. તેના દ્વારા આ વિડીઓ મુકનારા લોકો લાખો રૂપિયાની જંગી કમાણી કરતાં હતાં.

'મારી પાસે તો ઓરીજીનલ 'એલીયન' છે. જો હું તેના બે-પાંચ વિડીઓ બનાવીને મૂકી દઉં તો ભવિષ્યમાં તે વેચીને લાખો રૂપિયા કમાઈ શકું. કદાચ કરોડો રૂપિયા પણ આપનારા મળી રહેશે. એલીયન ઉપરનું સંશોધન, તેના વિષેની ઓથેન્ટિક માહિતી, તેની એનેટોમી (શરીર રચના), તેની ખાસિયતો, તેનો ખોરાક, તેની શક્તિઓ વગેરે બાબતોની જાણકારી તો ડોક્ટર કામથ ભેગી કરીને તેને ઇન્ટરનેશનલ માર્કેટમાં વેચશે. તેમાંથી મને ભાગ મળવાનો જ છે.' વલ્લરી મનોમન આ બધું વિચારીને હરખાતી હતી.

મોબાઈલના રીંગટોનના અવાજથી તેના વિચારો અટક્યા. તેણે મોબાઈલમાં ડોક્ટર કામથનું નામ જોઇને મોબાઈલ રીસીવ કર્યો.

'બોલો સર...'

'વલ્લરી..હું ને વિજય આજે રાત્રે સુરતમાં જ રોકાઈ ગયા છીએ. હમણાં જ કામ પત્યું. વહેલી સવારે અમે અહીંથી નીકળી જઈશું. સવારે અગિયાર સાડા અગિયારે અમે પહોંચી જઈશું.'

'ઓકે સર.'

'ત્યાં બધું બરાબર છે?'

'યસ સર.. મેં એલીયનનું બ્લડ સેમ્પલ લઇ લીધું છે. સવારે ચેક કરીશ.'

'ઓકે..વાંધો નહિ. પણ તું એલીયનને ચેક કરતી રહેજે.'

'શ્યોર સર..બીજું કંઈ?'

'ના..તું જરા આટલું ધ્યાન રાખજે. ઓકે, ગુડ નાઈટ.'

'યસ સર, ગુડ નાઈટ..ટેક કેર..!'

વલ્લરીએ મોબાઈલ કટ કરીને ટેબલ પર મુક્યો. કામથ અને વિજય સુરત રોકાઈ જવાના છે તે વાત જાણીને તે મનોમન ખુશ થઇ. હવે તેની પાસે સવારના અગિયાર વાગ્યા સુધીનો સમય હતો. આમ તો આજે રાત્રે જ તેને વિડીઓ અને ફોટોગ્રાફીનું કામ પતાવી દેવું પડત, તેના બદલે કાલ સવાર સુધીનો સમય મળી ગયો હતો.

'હવે એલીયનના એકાદ બે વિડીઓ બનાવી લઉં પછી બાકીના વિડીઓ કાલે સવારે બનાવીશ. હવે તો તે હોશમાં પણ આવી ગયો હશે.' વલ્લરી મનોમન વિચારવા લાગી.

ત્યાં નીચેથી વિચિત્ર પ્રકારનો અવાજ સંભળાયો. વલ્લરીના વિચારો અટક્યા. તે સાવધ થઇ ગઈ. રૂમમાંથી બહાર નીકળીને તેણે અવાજની દિશા પારખવા કાન સરવા કર્યા. રૂમની બહાર અંધકાર દૂર કરવાની કોશિષ કરતો એક બલ્બ હાંફતો હતો. અવાજ નીચેથી આવતો હતો.

'ક્યાંક એલીયન તો....' એલીયને તોડફોડ મચાવી હશે તેવી આશંકાથી રૂમની બહાર મુકેલી લોખંડની ચાર ફૂટની પાઈપ લઈને તે નીચે દોડી.

&&&

વિચિત્ર અવાજ સાંભળીને શ્રીયા, ઝકીયા અને પાર્થ ત્યાં જ થીજી ગયાં. આવો વિચિત્ર અવાજ આ પહેલાં તેમણે કદી સાંભળ્યો ન હતો. ફરીથી 'ખરરર..ઘો..ધો..ખટ...ટક...ખરરર...' અવાજ સંભળાયો. આ વખતે અવાજ થોડો નાનો હતો. અને પછી સાંકળ ખણ...ણ..ણ...ણ કરતી નીચે પછડાઈ હોય તેવો અવાજ આવ્યો.

શ્રીયાએ ઝકીયા અને પછી પાર્થ સામે જોયું. પાર્થ મ્હો ખુલ્લું રાખીને સ્તબ્ધ થઇ ગયો હતો. તેના ચહેરા પર ભય પથરાઈ ગયો હતો. ઝકીયાએ ડોકું હલાવીને કહ્યું.

'હું જોઉં છું..' ઝકીયા પાર્ટીશન તરફ જવા લાગી. શ્રીયાએ પણ તેની પાછળ જવા પગ ઉપાડ્યો. પાર્થે તેનો હાથ પકડીને રોકતાં ધીમા અવાજે કહ્યું.

'ના જઈશ...એ મારી નાંખશે...!'

શ્રીયાએ ઝટકો મારીને તેનો હાથ છોડાવ્યો. તેણે ઉપેક્ષાભરી નજરે પાર્થ સામે જોયું અને તે ઝકીયાની પાછળ ચાલી ગઈ. પાર્ટીશન પાસે પહોંચતાં જ ઝકીયા અને શ્રીયા, દરવાજામાં જ ખોડાઈ ગયા. તેમણે અંદર જે જોયું તે અકલ્પનીય અને અજોડ હતું. એલીયને તેના શરીર ઉપરથી સાંકળો તોડીને નીચે ફેંકી દીધી હતી. ટેબલ પરથી બેઠો થઈને તે આમતેમ જોતો હતો. તેની નજર શ્રીયા અને ઝકીયા પર પડતાં તે કુદકો મારીને ટેબલ પરથી નીચે ઉતર્યો. ઝકીયા અને શ્રીયા એક ડગલું પાછળ હટી ગયાં.

તે પાંચ ફૂટ જેટલી હાઈટનો હતો. તેનું શરીર એકવડિયું અને એથલીટ જેવું કસાયેલું હતું. તેનું માથું લંબગોળ અને ચપ્પટ હતું, માથે વાળની જગાએ સ્ટીલની પ્લેટ હોય તેવું લાગતું હતું. આંખો મોટાં કાચના લખોટા જેવી લીલા રંગની હતી. અણીદાર નાક, પાતળી લીટી જેવું હોઠ વગરનું મ્હો. તેનો કાન વગરનો ચહેરો અજીબ લાગતો હતો. કાનની જગાએ બે નાનકડાં છિદ્રો હતાં. તેના બે લાંબા હાથ ઉરાંગ ઉટાંગની જેમ ઘૂંટણથી નીચે સુધી પહોંચતા હતાં. પગના પંજા થોડાંક વધારે પહોળાં હતાં, તેને આંગળીઓ ન હતી. ફક્ત એક અંગુઠો જ હતો. હાથના પંજા લાંબા હતાં, તે પંજામાં બે આંગળીઓ અને એક અંગુઠો હતો.

શ્રીયા અને ઝકીયા તેને જોઈ જ રહ્યાં. આ પહેલાં તેમણે કોઈ દિવસ આવો કોઈ માણસ કે પ્રાણી જોયું ન હતું, સાંભળ્યું ન હતું કે તેની કલ્પના પણ કરી ન હતી. બંને જણ જાણે સંમોહિત થઇ ગયાં હોય તેમ જોતાં રહ્યાં. જો એલીયને અવાજ ન કર્યો હોત તો તેમનું સંમોહન તૂટ્યું ન હોત. થોડે દૂર ઉભેલો પાર્થ બે પગે ઉંચો થઈને ડોકિયાં કરતો હતો.

એલીયન થોડીવાર સુધી શ્રીયા અને ઝકીયાને જોઈ રહ્યો. શ્રીયાએ ઝકીયા સામે જોયું.

'તેને આપણી સાથે વાત કરવી છે.' ઝકીયા બોલી. એલીયન તેમની તરફ આવવા લાગ્યો.

'ભાગો..એ તમને ખઈ જસે...જો એ આયો...' કહેતો પાર્થ ઉંધો ફરીને ભાગવા ગયો અને તે કોઈને અથડાઇ ગયો. શ્રીયા અને ઝકીયા પણ થોડાંક ગભરાઈને પાછા હટ્યા.

પાર્થ જેને અથડાયો તે વલ્લરી હતી. વલ્લરી ઉપરથી દોડીને લેબોરેટરીમાં આવી હતી. તેણે જોયું તો બે છોકરીઓ અને એક છોકરો લેબોરેટરીમાં હતાં. 'આ લોકો કોણ છે? તે અહીં ક્યાંથી આવ્યા?' વલ્લરી વિચારતી હતી, ત્યાં પાર્થ તેને અથડાઇ ગયો. પાર્થની નજર હાથમાં પાઈપ લઈને ઉભેલી વલ્લરી પર પડી. પાર્થે ગભરાઈને બુમ પાડી.

'મમ્મી.....!!' તે સમયે બે ઘટનાઓ એક સાથે બની.

એલીયન ઊભો થઈને ઝકીયા અને શ્રીયા તરફ આવ્યો. શ્રીયા અને ઝકીયાને શું કરવું તે સમજી શક્યા નહિ. તે સમયે પાર્થ ડરીને ભાગ્યો અને વલ્લરીને અથડાઈ ગયો, ને તેણે બુમ પાડી. તેનાથી શ્રીયા અને ઝકીયા વધુ મુંઝાયાં. પાર્થ, શ્રીયા અને ઝ્કીયાને જોઇને વલ્લરી અટકી ગઈ. ત્યાં પાર્થ દોડતો તેને અથડાયો. તે સમયે તેની નજર ઝકીયા અને શ્રીયાની પાછળ ઊભેલા એલીયન પર પડી. થોડીકવાર સુધી શું કરવું તે વલ્લરી નક્કી કરી શકી નહિ.

જે પરિસ્થિતિ ઊભી થઇ હતી તેના કારણે બધાં જાણે સુધબુધ ખોઈ બેઠા હોય તેમ, થોડી ક્ષણો સ્તબ્ધ થઇ ગયાં. સહુથી પહેલાં વલ્લરી આખો મામલો સમજી. તેણે તેની પાસે ઉભેલા પાર્થને તેની પાસે ખેંચીને તેના હાથમાં રહેલી પાઈપ તેના ગળા પર મૂકી દીધી. પાર્થ ગભરાઈ ગયો. તેના ગળામાં ચીસ અટવાઈ ગઈ.

'એલીયનને પકડો, નહિતર હું આને મારી નાખીશ.' વલ્લરીએ શ્રીયા અને ઝકીયા સામે જોઇને કહ્યું.

શ્રીયા અને ઝકીયા તંદ્રામાંથી જાગ્યા હોય તેમ એકબીજા સામે જોવા લાગ્યાં. શ્રીયાએ પાછળ જોયું તો તેમનાથી બે ફૂટ દૂર એલીયન ઉભો હતો. શ્રીયાની સામે જોઇને તેણે સ્મિત કર્યું. ઝકીયા પણ તેની સામે જોઈ રહી.

'જલદી કરો, તેને ગમે તેમ કરીને ટેબલ પર સુવડાવો. હું તેને ઇન્જેક્શન આપીશ એટલે તે બેહોશ થઇ જશે.' વલ્લરી બોલી.

તે શું કરવા માગતી હતી તે હવે શ્રીયા અને ઝ્કીયાને સમજાઇ ગયું હતું. વલ્લરી ફરીથી એલીયનને કેદ કરવા માગતી હતી પણ તેની વાત માન્યા વિના છૂટકો ન હતો. બંને એલીયન પાસે આવ્યાં.

'આને કેવી રીતે સમજાવવો? એ આપણી ભાષા સમજે છે?' શ્રીયાએ વલ્લરીને કહ્યું.

'ભાષાથી નહિ પણ તેને ઇશારાથી સમજાવો. એ તમારી વાત માનશે.'

'શ્રીયા...એને બાંધી દે..નહિતર આ મને મારી નાખસે.' પાર્થ રોતલ અવાજે કહેવા લાગ્યો.

શ્રીયાએ ડરતાં ડરતાં એલીયનનો હાથ પકડ્યો. તેની ચામડી એકદમ લીસ્સી અને ઠંડી હતી. હાથ પકડીને તે એલીયનને ટેબલ પાસે લઇ ગઈ. ડાહ્યા ડમરા બાળકની જેમ એલીયન શ્રીયા પાછળ દોરાયો. શ્રીયા ટેબલ પર બેઠી. અને ટેબલ પર હાથ થપથપાવીને એલીયનને બેસવા કહ્યું. એલીયન ટેબલ પર કુદકો મારીને બેસી ગયો. તેણે શ્રીયાના હાથને સ્પર્શ કર્યો. શ્રીયાના હાથ ઉપર તેનો સુંવાળો હાથ ફેરવવા લાગ્યો. તેણે શ્રીયાના ગાલ પર હાથ ફેરવ્યો. તેની આંખોમાં કુતૂહલ રમતું હતું.

ઝકીયા પણ એલીયનની હરકતો આશ્ચર્યથી જોઈ રહી હતી. એલીયનનું ધ્યાન શ્રીયા તરફ હતું. વલ્લરીએ પાર્થને છોડ્યો અને ઝડપથી તેના કોટના ખીસામાંથી દવા ભરેલું ઇન્જેક્શન કાઢ્યું. તેણે પાર્થ સામે જોઇને તેને ચૂપ રહેવા ઈશારો કર્યો અને તે પાર્ટીશનના દરવાજામાંથી નીચી નમીને અંદર પ્રવેશી. પાર્થ પણ પાર્ટીશનના દરવાજા પાસે આવીને છુપાઈને જોવા લાગ્યો. વચ્ચે પડેલા ટેબલની પાછળ એલીયન જુએ નહિ તેમ વલ્લરી સરકી. ઝકીયાની નજર વલ્લરી પર પડી. વલ્લરી એલીયનની પાછળ જઈને ઊભી રહી. હાથમાં રહેલું ઇન્જેક્શન એલીયનની પીઠમાં ખોસવા તેણે પોઝીશન લીધી.

જેવું તે ઇન્જેક્શન ખોસવા ગઈ તેવો જ એલીયને તેનો હાથ પકડી લીધો. એલીયન વલ્લરીનો હાથ ખેંચીને તેને આગળ લાવ્યો.

'ઓહ...આઉચ...છોડ...' વલ્લરી હાથ છોડાવવા ધમપછાડા કરવા લાગી.

એલીયનની પકડ એટલી મજબુત હતી કે વલ્લરીના હાથમાંથી ઇન્જેક્શન નીચે પડી ગયું.

બધાંને નવાઈ લાગી કે વલ્લરી કોઈ જુએ નહિ તેમ પાછળ ગઈ હતી, તો એલીયને તેને કેવી રીતે જોઈ? વલ્લરી એલીયનને અશક્ત સમજતી હતી પણ તેની એ ભૂલ હતી. એલીયન ટેબલ પરથી નીચે ઉતર્યો. શ્રીયા પણ નીચે ઊભી રહી. ઝકીયા અને શ્રીયાની આંખો એક થઇ. બંનેના ચહેરા પર સ્મિત હતું. એલીયને વલ્લરીને પકડી લીધી હતી, તે જોઇને બંનેને ખુશી થઇ. દરવાજા પાછળથી આ બધું જોતો પાર્થ પણ ગેલમાં આવી ગયો.

'પ્લીઝ છોડી દે મને...હું કંઈ નહિ કરું..' વલ્લરી કરગરતી હતી. એલીયન જાણે કશું સમજ્યો ન હોય તેમ તેણે વલ્લરીને કમરથી ઊંચકીને ટેબલ પર બેસાડી. એક હાથે તેને પકડીને બીજા હાથે તેણે નીચે પડેલી સાંકળ ઉઠાવી. વલ્લરીના બે હાથ ભેગા કરીને તેણે સાંકળનો એક છેડો લપેટીને તેનો આંકડો પહોળો કરીને બીજા આંકડામાં ભીડાવ્યો અને તેને વાળી દીધો. તેવી જ રીતે સાંકળનો બીજો છેડો ટેબલના પાયા સાથે બાંધ્યો.

'બેટા..તું આને કે'ને મને છોડે.. પ્લીઝ.. હું તમને કોઈને કશું નહિ કરું..!' આજીજી કરતાં વલ્લરી શ્રીયાને કહેવા લાગી. પરાગ અંદર આવીને ઝકીયાની પાછળ ઉભો રહીને કહેવા લાગ્યો.

'તું તો મને મારવા બેઠી'તી...હવે તને કોણ સોડાવે..? સારું કર્યું આણે તને બાંધી દીધી. તું એ જ લાગની સઅ.'

'મારી ભૂલ થઇ ગઈ'તી...હવે હું એવું કશું નહિ કરું. મારા પર વિશ્વાસ રાખો.'

'વિસ્વાસની તો વાત જ ના કર.. આને બિચારાને કેવો બાંધી રાખ્યો 'તો?' પાર્થે કહ્યું.

પાર્થને બોલતો જોઇને ઝકીયા અને શ્રીયાને નવાઈ લાગતી હતી. હમણાં સુધી તો એ એલીયનથી ડરતો હતો. તેને રાક્ષસ કહેતો હતો. હવે અચાનક તેણે પાટલી બદલી નાખી હતી.

'શું થયું પરિયા? એકદમ પાર્ટી બદલી નાખી?' ઝકીયાએ પાર્થના ખભે હાથ મુકતાં કહ્યું.

'ના ના, એવું નથી. હું તો તમારી જ પાર્ટીમાં સું. એ થોડી મારી સગી થાય સઅ?' વલ્લરી તરફ હાથ કરતાં પાર્થ બોલ્યો. વલ્લરી તેની સામે ડોળા ફાડીને જોઈ રહી.

'ઈમ ડોળા કાઢીને બીવરાવવાનું નઈ, હા..સું હમજી?'

પાર્થની વાતો પર શ્રીયા અને ઝકીયા પણ હસવા લાગ્યાં. એલીયનને પણ બધી ખબર પડતી હોય તેમ તેમની સાથે હસવામાં જોડાયો. દરવાજામાં ઉભેલું વાંદરાનું બચ્ચું ડોકિયું કરીને બધાંને કુતૂહલથી જોઈ રહ્યું હતું.

'ચાલો હવે આપણે અહીંથી બહાર જઈશું?' ગ્રામોફોનની ઘસાયેલી પીન જેવો અવાજ આવ્યો. સાંભળીને બધાં ચોંક્યા. બધાં એકબીજાની સામે જોવા લાગ્યાં. કોણ બોલ્યું તે કોઈને સમજાયું નહિ.

'ચાલો જઈશું?' એલીયને શ્રીયાનો હાથ પકડતાં કહ્યું.

એલીયનને બોલતો જોઇને બધાં ચૂપ થઇ ગયાં.

$$$$

પ્રકરણ-૮
એલીયન ભાગ્યો

'ચાલો જઈશું?' એલીયનને ગુજરાતીમાં બોલતો જોઇને બધાંને નવાઈ લાગી.

'હા..ચાલો જઈએ.' પરાગ એલીયન જેવો અવાજ કાઢતાં બોલ્યો.

'અલ્યા આને તો ગુજરાતી આવડે સે.' કહેતાં કુદીને પાર્થ આગળ ચાલવા લાગ્યો.

શ્રીયા અને ઝકીયા પણ એલીયનની સાથે બહાર જવા નીકળ્યાં ત્યાં વલ્લરીનો રડમસ અવાજ સંભળાયો.

'મને છોડોને પ્લીઝ...!'

'તારે અહીં જ રહેવાનું છે.' પોતાના માથા પર બે આંગળીથી તબલાં વગાડતાં એલીયને કહ્યું. આ જોઇને ઝકીયા અને શ્રીયાને હસવું આવી ગયું.

બહાર દરવાજા પાસે બેઠેલુ વાંદરાનું બચ્ચું બધાં સામે ટગર ટગર જોઈ રહ્યું હતું. પાર્થને જોઇને તેણે ચિચિયારી પાડી. પાર્થે તેને ઊંચકી લેતાં કહ્યું,

'ચાલ..તારે આ જેલમાંથી બહાર નથી નીકળવું?' પાર્થની વાત સમજતું હોય તેમ બચ્ચું તેને લપાઈ ગયું.

લેબોરેટરીનો દરવાજો ખોલીને બધાં બહાર નીકળ્યાં અને બહારથી દરવાજો બંધ કરી દીધો. ઉપરના રૂમમાં બધું શાંત હતું. એલીયન બહાર નીકળવાનો દરવાજો શોધતો હતો. પાર્થે તેને હાથના ઇશારાથી દરવાજો બતાવતાં કહ્યું,

'દરવાજો આ બાજુ છે. ઉભા રો' હું થોડું ખાવાનું લઇ લઉં.' શ્રીયાએ કહ્યું.

'નથી લેવું ખાવાનું. હમણાં કોઇ આવી જશે તો ભાગવું ભારે પડી જશે.' પાર્થે વાંદરાનું બચ્ચુ ઝ્કીયાને આપતાં કહ્યું,

'તું આને સાચવ, હું હમણાં આયો.' કહેતો તે કિચનમાં દોડી ગયો.

થોડીવારમાં તે એક મોટી પ્લાસ્ટીકની બેગમાં ખાવા-પીવાનો સામાન ભરીને પાછો આવ્યો.

'આટલું બધું શું લાવ્યો?' શ્રીયાએ પૂછ્યું.

'ખાવાનું...હવે મોડું નથી થતું?' કહેતાં પાર્થે આગળ જઈને મેઈન દરવાજો ખોલીને ત્યાં જ ઉભો રહી ગયો.

'શું થયું..?' શ્રીયાએ પૂછ્યું, તેણે આગળ જઈને જોયું તો હાથમાં મોટી લાકડી લઈને એક યુવાન ઉભો હતો.

તે યુવાન આ લેબોરેટરીનો ચોકીદાર ધોનું હતો. ધોનું તેના રૂમમાં ઊંઘતો હતો, ત્યારે લેબોરેટરીમાંથી વિચિત્ર અવાજો સાંભળીને તેની ઊંઘ ઉડી ગઈ હતી. શું થયું છે તે જોવા માટે લાકડી લઈને તે લેબોરેટરી તરફ દોડ્યો હતો. ધોનું દરવાજો ખોલવા જાય, તે પહેલાં પાર્થે દરવાજો ખોલ્યો હતો. અચાનક અજાણ્યા છોકરાંઓને જોઇને તે ડઘાઈ ગયો હતો. પાર્થની પણ તે જ દશા હતી.

ધોનું કંઇ બોલે તે પહેલાં છોકરાંઓની પાછળ આવીને એલીયન ઉભો રહ્યો. તે સમયે ઝકીયાના હાથમાં રહેલું બચ્ચું ઉછળીને ધોનું તરફ ભાગ્યું. તેનાથી તે વધારે ડરી ગયો. એલીયનને જોઇને ધોનુંએ જાણેકે કોઈ ચળીતર જોયું હોય તેમ પાછા પગલે દંડો ફેંકતાં 'ભૂ...ઉ...ત...ભૂ...ત...' કરતો ભાગ્યો. તેને જોઇને શ્રીયા અને ઝકીયા જોરજોરથી હસવા લાગ્યાં. પાર્થનો ડર દૂર થતાં તે પણ હસવા લાગ્યો.

એક પછી એક ઝાંપો કુદીને બધા બહાર આવ્યા. પૂર્વમાં આવેલી ઝાડીઓમાંથી ફૂટતો આછો ધૂંધળો અજવાશ આકાશને અજવાળતો હતો. તે પ્રકાશ પરાવર્તીત થઈને નીચે

જમીન ઉપર રેલાતો હતો. ધૂંધળા અજવાશમાં શ્રીયાની ટોળકી ઢોળાવ ઉતરીને જંગલમાં ગરક થઇ ગઈ.

&&&

પક્ષીઓના ચહેકવાના અવાજથી હમણાં જ મીંચાયેલી આંખ ખુલી ગઈ. તેમની નજર બારી બહાર પડી. બહાર લીમડાના ઝાડ પર બેઠેલાં કેટલાંક પક્ષીઓ જાણેકે અન્તાક્ષરી રમતા હોય તેમ જાતજાતના અવાજો કાઢી રહ્યાં હતાં. તડકો છેક બારીમાંથી અંદરના રૂમમાં આવીને પથરાઈ ગયો હતો. થોડીવાર સુધી યામીની પક્ષીઓને જોવામાં તલ્લીન થઇ ગયાં.

'ઓહ...સવાર પડી ગઈ! તડકો પણ રૂમમાં આવી ગયો. કેટલા વાગ્યા હશે?' વિચારતાં તેમણે મોબાઈલ ઓન કરીને જોયું. 'બાપરે.. સવા આઠ વાગી ગયાં?' તેમણે બાજુમાં સુતેલા સૌરભને ઢંઢોળતાં કહ્યું.

'સૌરભ...ઉઠ...જો દસ વાગવા આવ્યાં...એય...'

આખી રાતના થાક અને ઉજાગરાને અંતે સૌરભને ઝોકું આવું ગયું હતું.

'ઉઠને હવે....શ્રીયાને શોધવા નથી જવાનું...? બિચારાં છોકરાઓ ક્યાં હશે?' શ્રીયાનું નામ સાંભળતાં સૌરભની ઊંઘ ઉડી ગઈ. તેઓ તરત જ બેઠા થઇ ગયાં. આંખો ચોળતાં ચોળતાં તેમણે કહ્યું.

'ઊંઘમાં ને ઊંઘમાં મને કશું યાદ જ ન રહ્યું. ચાલ જલદી તૈયાર થઇ જઈએ.'

'મને પણ ક્યારે ઝોકું આવી ગયું, તેની ખબર જ ના રહી.'

ગઈકાલે રાત્રે ફોરેસ્ટ ઓફિસર, પોલીસ, સરપંચ, ચોકીદાર વગેરે જંગલમાં છોકરાંઓને શોધવા માટે ગયાં હતાં. અડધી રાત સુધી જંગલમાં રખડ્યા પછી પણ તેમનો પતો મળ્યો ન હતો. અધૂરામાં પૂરું રાત્રે વરસાદ શરુ થયો હતો એટલે લોહીના અને દીપડાના પંજાના નિશાન ધોવાઇ ગયાં હતાં. દીપડાએ બીજા કોઈ પ્રાણીનો શિકાર કર્યો હતો કે છોકરાઓનો, તેની ખબર પડી ન હતી. જોકે, ફોરેસ્ટ ઓફિસર રાઠોડનું કહેવું હતું કે દીપડાએ છોકરાઓનો શિકાર કર્યો નથી. કેમ કે, તે એક સાથે ત્રણ જણનો શિકાર ન કરી શકે. તેમની વાત તો સાચી હતી. આ તર્કના કારણે છોકરાંઓ જીવતા હશે તેવી આશા, યામિની અને સૌરભને બંધાઈ હતી.

સૌરભ અને યામિની ફોરેસ્ટ ઓફિસર રાઠોડની ઓફિસે પહોંચ્યા ત્યારે લગભગ સવા દસ વાગી ગયાં હતાં. રાઠોડ પણ હમણાં જ ઉઠ્યા હતાં. તેમની સાથે મસલત કરીને તેમણે નક્કી કર્યું કે પોલીસમાં છોકરાઓ ગુમ થવા બાબતનો કેસ નોંધાવવો જોઈએ. જેથી પોલીસ ઓફિશીયલી આ બાબતની તપાસ કરી શકે. પોલીસ ખાતું અને ફોરેસ્ટ ખાતું ભેગું મળીને બાળકોને શોધે તો પરિણામ ઝડપથી મળી શકે, તેવું રાઠોડનું માનવું હતું.

રાઠોડ તૈયાર થઈને સૌરભ અને યામિની સાથે તેમની કારમાં આહવા જવા નીકળ્યાં. સાથે તેમણે પોલીસ કોન્સ્ટેબલ ડામોરને લીધો. ડામોરની નિમણુંક મહાલમાં કરવામાં આવી હતી. ડામોરને મહાલના લોકોની મદદ માટે મુકવામાં આવ્યો હતો. તે ફોરેસ્ટ ઓફિસર રાઠોડની અન્ડરમાં કામ કરતો હતો. પોલીસ કેસ કરવા માટે આહવા જવું જરૂરી હતું, કેમ કે ડાંગ જીલ્લાનું મુખ્ય મથક આહવા હતું. આહવામાં પોલીસ અધિક્ષકની ઓફીસ અને પોલીસ સ્ટેશન આવેલાં હતાં. મહાલથી આહવા ચાલીસ બેતાલીસ કિલોમીટર દૂર હતું. લગભગ સવા કલાકે તેઓ પોલીસ સ્ટેશને પહોંચ્યાં.

ડામોરે પોલીસ ઇન્સ્પેકટર ચૌધરીને બધી વાત કરી. તેમણે એફ.આઈ.આર. તૈયાર કરીને પી.એસ.આઇ. પરમારને કેસ બાબતે તપાસ કરવા સૂચનાઓ આપી. આ બધી કાર્યવાહી કરવામાં જ બપોર થઇ ગઈ.

'તમે મહાલ પહોંચો, હું પોલીસોને લઈને પાછળ પાછળ આવું છું.' કહીને પી.એસ.આઇ.

પરમારે સૌરભને જવા કહ્યું. આજનો આખો દિવસ બેકાર ગયો હોય તેવું યામીનીને લાગ્યું પણ શું કરે? વિલા મોઢે તેઓ મહાલ આવવા નીકળ્યાં.
'અમે મહાલ પહોંચીએ તે પહેલાં છોકરાઓ પાછા આવી ગયાં હોય તો કેટલું સારું!' યામિની વિચારવા લાગી. કાચની બારીમાંથી પાછળ છૂટી જતાં વૃક્ષોમાં તેમને શ્રીયા, ઝકીયા અને પાર્થ જેવાં દેખાતાં હતાં. આ ઘટના ન બની હોત તો, લીલીછમ વનરાજીનું અખૂટ સૌન્દર્યથી યામીનીનું મન ખુશીઓથી ભરાઈ ગયું હોત.

&&&

ડોક્ટર કામથ અને વિજય લેબોરેટરીમાં આવવા માટે સવારે સાત વાગે સુરતથી નીકળી ગયાં હતાં. સુરતથી બે સવા બે કલાકનો રસ્તો હતો. સવારનો સમય હોવાથી ટ્રાફિક ઓછો હતો. વરસાદ પણ બંધ હતો એટલે કામથે ગાડી દબાવી. સુરતથી બારડોલી અને બારડોલીથી વ્યારા, ભેંસકાતરી, કોશમાળ, કિરણેશ્વર મંદિર થઈને દંડકારણ્યનો રસ્તો જતો હતો. ગઈકાલે રાત્રે પડેલા વરસાદને કારણે રસ્તાની બંને બાજુએ ઉંચાણવાળા વિસ્તારમાંથી નાના નાના ઝરણાં ભુલકાઓની જેમ કુદી રહ્યાં હતાં.
નવ ને પાંચ મીનીટે તો કામથે લેબોરેટરીના દરવાજા પાસે ગાડી ઊભી કરી દીધી. બે-ચાર હોર્ન મારવા છતાં કોઈએ દરવાજો ખોલ્યો નહિ એટલે કામથ ખીજાયા.
'બધાં ઉંઘી ગયાં છે કે શું?'
'આપણે નથી એટલે એ લોકોને જલસા પડી ગયાં છે.'
'વલ્લરીને કોલ લગાવ, તે શું કરે છે?' વિજયે વલ્લરીને મોબાઈલ જોડ્યો. સામે રીંગ જતી હતી પણ કોઈ ઉપાડતું ન હતું.
'સર..નો રીપ્લાય આવે છે.'
'એ બાથરૂમમાં ગઈ હશે. ધોનું પણ ક્યાં ગાયબ થઇ ગયો?'
'હું ચંપાને કોલ કરું.' કહેતાં વિજયે ચંપાને કોલ જોડ્યો. થોડીવાર પછી ચંપાએ કોલ રીસીવ કર્યો. વિજય ગુસ્સે થઈને તેને કહેવા લાગ્યો.
'અરે તમે બધાં મરી ગયાં છો કે શું?.....કેમ કોઈ ગેટ ખોલતું નથી?.....ધોનું ક્યાં છે?......હા હા...ગેટ ખોલ.
'સર..ચંપા ગેટ ખોલે છે. ધોનું દેખાતો નથી.'
'રાત્રે પીને ઊંઘી ગયો હશે. આનું કંઇક કરવું પડશે.' કામથ અકળાઈ ગયાં હતાં.
અંદરથી દોડતી આવીને ચંપાએ ઝડપથી તાળું ખોલીને દરવાજો ખોલ્યો. કામથે જીપ અંદર લીધી. દરવાજો બધ કરીને ચંપા કાર પાસે ગઈ.
'ચંપા..ગાડીમાંથી સામાન અંદર લઇ આવ.' કહેતો વિજય ચાલવા લાગ્યો. તેની પાછળ કામથ તેમની બેગ લઈને આવ્યાં.
બંને સીડી ચઢીને ઉપર આવ્યાં. તેમણે જોયું તો વલ્લરીના રૂમનો દરવાજો ખુલ્લો હતો. વિજયે અંદર ડોકિયું કરીને જોયું.
'અંદર કોઈ નથી.'
'બાથરૂમમાં હશે.' વિજય બાથરૂમ પાસે આવ્યો. બાથરૂમ બહારથી બંધ હતું. વિજયે બુમ પાડી.
'વલ્લરી...વલ્લરી....વલ્લરી...સર, બાથરૂમમાં પણ નથી.' બાથરૂમ ખોલીને ચેક કરતાં વિજયે કહ્યું.
'વન્ડર ફૂલ...વલ્લરી ક્યાં ગઈ હશે? કદાચ લેબમાં હશે. પેલાને ઇન્જેક્શન આપવા ગઈ હશે.'

'હા પણ આમ રૂમની લાઈટ અને દરવાજો ખુલ્લો રાખીને?'

'એ પણ ધૂની છે, તને તો ખબર છે.'

'યસ સર...' વિજય આગળ કંઈ કહેવા જાય ત્યાં ચંપા સામાન લઈને ઉપર આવી.

'ચંપા વલ્લરીને જોઈ?' કામથે પૂછ્યું.

'ના સાહેબ...મેં હવારથી જોયાં કોની. સા કે નાસ્તો કરવા પણ ની આયા.'

'સમથીંગ રોંગ..વિજય કમ વિથ મી. કામથે તેમની બેગમાંથી પિસ્તોલ કાઢતાં કહ્યું. બંને સડસડાટ પગથીયાં ઉતરીને નીચે લેબોરેટરી તરફ ભાગ્યા. ચંપા કશું સમજી નહિ. તે સામાન મુકવા કામથની ઓરડીમાં ગઈ.

લેબોરેટરીનો પહેલો દરવાજો બહારથી બંધ હતો. કામથ તે ખોલીને અંદર આવ્યાં. અંદરનો બીજો દરવાજો ખુલ્લો હતો. અવાજ કર્યા વિના બંને સાવધાનીથી આગળ વધ્યા. અંદરની લાઈટ ચાલુ હતી. ટેબલ પર અને નીચે થોડોક સામાન વિખરાયેલો પડ્યો હતો. કામથે વિજય સામે જોઈને મ્હો પર આંગળી મુકીને ચૂપ રહેવા ઈશારો કર્યો. તેઓ ધીરે ધીરે પાર્ટીશન તરફ આગળ વધવા લાગ્યાં. પાર્ટીશનના દરવાજા પાસે જઈને કામથે અંદર ડોકિયું કર્યું. અંદરનું દૃશ્ય જોઇને તેમને આઘાત લાગ્યો. તેઓ અંદર દોડી ગયાં. વિજય તેમની પાછળ જ હતો.

'વલ્લરી.. વલ્લરી...' ટેબલની સાથે સાંકળથી બંધાયેલી વલ્લરીને ઢંઢોળતા કામથ બોલ્યાં. વલ્લરી ઊંઘમાંથી જાગી. તે કામથ અને વિજયને જોઈ રહી. કામથે તેના ગાલે ટપલી મારીને પૂછ્યું.

'શું થયું વલ્લરી..?'

'આ તને કોણે બાંધી...?' વિજયે પૂછ્યું.

'પેલો એલીયન ક્યાં ગયો?' કામથે પૂછ્યું.

'સર...એલીયને મને બાંધી દીધી..' શુષ્ક અવાજે વલ્લરી બોલી.

'એ તો હું સમજી ગયો પણ એ ક્યાં ભાગી ગયો?'

'મને પહેલાં છોડાવો...' વલ્લરીએ કહ્યું.

વિજય અને કામથે પકડથી સાંકળનો અંકોડો પહોળો કરીને વલ્લરીને છોડાવી. તેને બહાર લઇ આવ્યાં. ઉપ જઈને વલ્લરીએ જે કહ્યું તે સાંભળીને કામથ અને વિજયને નવાઈ લાગી. અચાનક સહેલાઈથી હાથ લાગેલો ખજાનો ત્રણ ટાબરિયાઓ મફતમાં જ લુંટી ગયાં તેના આઘાતથી કામથ થોડીવાર સુધી મૂઢ બનીને બેસી રહ્યાં. થોડીવારે કળ વળતાં તેમણે વલ્લરી અને વિજયને કેટલીક સૂચનાઓ આપી.

'આ છોકરાઓ કોણ હતાં, ક્યાંથી આવ્યાં હતાં તેની આપણને ખબર નથી. એટલું સારું છે કે તેમને ચંપાએ, રૂપાએ કે ધોનુએ જોયાં નથી. એલીયનની વાત પણ આપણા ત્રણ સિવાય કોઈને ખબર નથી. હવે જો આ બાબતે કોઈ પૂછપરછ કરવા આવે તો તમારે બેધડક કહી દેવાનું કે અમે કોઈને જાણતા નથી. બરાબર?'

'હા..બરાબર..' વલ્લરી બોલી.

'પણ સર...પેલા લોકો એલીયનને ક્યાં લઇ ગયાં હશે?' વિજયના મનમાં હજુપણ એલીયન રમતો હતો.

'જઈ જઈને તે લોકો કેટલે જશે? હું એ લોકોને પકડવાનો બંદોબસ્ત કરુ છું. તું કલ્લુ પગીને ફોન લગાવ.' લુચ્ચું હસતાં કામથે કહ્યું.

પણ આ ત્રણેમાંથી કોઈને ખબર ન હતી કે ચોકીદાર ધોનુએ છોકરાંઓ અને એલીયનને જોયાં હતાં.

$$$$

પ્રકરણ-૯
એલીયનનો પરિચય

લગભગ એકાદ કલાક જેવું ચાલ્યા પછી શ્રીયા ઊભી રહી. હવે તેઓ લેબોરેટરીથી ખાસ્સા દૂર આવી ગયા હતાં. તેમને શોધવા આટલે દૂર કોઈ આવવાનું ન હતું. આવે તોયે, તેઓ કઈ દિશામાં ગયાં છે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ હતો. આ ગીચ જંગલોમાં ભલભલા ભૂલા પડે તેમ હતું. શ્રીયા, ઝકીયા અને પાર્થ પણ કાલના ભૂલા પડી ગયા હતા. આજે પણ તેઓ અડસટ્ટે જ જંગલમાં ચાલતા હતાં. તેમને ખબર જ ન હતી કે તેઓ કઈ દિશામાં, કઈ બાજુ જઈ રહ્યાં છે. દિવસ ઉગી ગયો હોવાથી જંગલમાં અજવાળું થઇ ગયું હતું. ગીચ ઝાડીમાંથી ચળાઈને તડકાના શેરડા નીચે પથરાતા હતાં.

'હાશ હું તો થાકી ગ્યો. કલાકથી ચાલ ચાલ કરીને મારા તો ટાંટિયા ઢીલા થઇ ગયા.' કહેતો પાર્થ સાગના મોટા ઝાડ નીચે બેસી ગયો. તેની પાસે શ્રીયા અને ઝકીયા પણ બેસી ગયાં. એલીયનને ઊભો રહેલો જોઇને પાર્થે કહ્યું.

'ભઈ તું કેમ ઊભો સઅ? બેસી જા થાકી ગયો હોઇસ. તનઅ થાક નહિ લાગ્યો?'

'ના મને થાક નથી લાગ્યો.'

'તો ઊભો રે' મારા બાપાનું સું જવાનું સઅ..!' બોલીને પાર્થ હસવા લાગ્યો.

'પાર્થીયા એને બહુ ચીડવીશ નહિ, નહિતર આવી બનશે હા.' શ્રીયાએ પરાગને ડર બતાવ્યો.

'હું ક્યાં ચીડવું સું? એ તો થોડી મસ્તી. કેમ ભઈબંધ?' એલીયનને મસકો મારતાં પાર્થે કહ્યું અને તેની સામે જોઇને હસવા લાગ્યો. એલીયન પણ હસ્યો અને પાર્થની સામે બે પગ પાછળ વાળીને નીચે બેસી ગયો.

'જો એ હસ્યો...એ તો આપણો ફ્રેન્ડ સઅ.'

'ચાર પાર્થ..તારી બેગમાંથી ખાવાનું કાઢ, મને તો ભૂખ લાગી છે.' ઝકીયાએ કહ્યું.

'ભૂખ તો મને પણ લાગી છે. ખોલ પરિયા તારો ખજાનો.' કહેતાં શ્રીયાએ પ્લાસ્ટીકની બેગ ખેંચી. પાર્થે બેગ તેની તરફ ખેંચતાં કહ્યું.

'હું આપું સું...ઊભી રે'...' તેણે બેગમાંથી બ્રેડ, બટર, જામની બોટલ, અથાણાની બોટલ અને કેળાની લૂમ કાઢી.

'અરે વાહ...ચાલો ખાવાનું તો સારું છે. ચાલો તૂટી પડો.' કહેતાં ઝકીયા બ્રેડનું પેકેટ ખોલવા લાગી.

'એમ નહિ ઝકીયા, પહેલાં બ્રેડ ઉપર બટર અને જામ લગાવીએ પછી બધાંને સ્લાઈસ વહેંચીને આપીએ.' કહેતાં શ્રીયાએ બટરનું પેકેટ ખોલ્યું. બટર ઓગળીને કાગળના રેપરમાંથી બહાર આવ્યું હતું.

શ્રીયા અને ઝકીયાએ બ્રેડની સ્લાઈસ તૈયાર કરીને બ્રેડની કોથળી ફાડીને તેના પર મૂકી. ચમચી કે બીજાં વાસણો નહિ હોવાથી તેમને આંગળીથી બટર-જામ લગાવવાં પડ્યાં. સામે બેઠેલો એલીયન આ બધી ક્રિયા ધ્યાનથી જોઈ રહ્યો હતો. શ્રીયાએ બ્રેડની બે સ્લાઈસ એલીયનને આપતાં કહ્યું.

'લે ખાઈ લે, તને પણ ભૂખ લાગી હશે.' એલીય સ્લાઈસ હાથમાં લઈને તેની એક્સરે જેવી નજરથી જોવા લાગ્યો. પછી બધાંની જેમ ખાવા લાગ્યો. તેણે આખી સ્લાઈસ વાળીને ગલોફામાં મૂકી દીધી અને સીધી પેટમાં ઉતારી દીધી. આ જોઇને બધાં હસવા લાગ્યાં. ઝકીયા બોલી.

'અરે..આને તો ખાતાં પણ નથી આવડતું.'

'ધીરે ધીરે આવડી જશે.' શ્રીયાએ તેને બીજી સ્લાઈસ આપીતાં કહ્યું.
'ધીરે ધીરે આમ ચાવીને ખાવાનું.' તેણે પ્રેક્ટીકલ કરીને બતાવ્યું. એલીયન તેની નકલ કરવા લાગ્યો. 'બ્રેડ ભાવે છે?' ઝાકીયાએ એલીયનને પૂછ્યું. તે ડોકું હલાવીને હા પાડતાં બોલ્યો.
'ભાવે છે. બ્રેડ બહુ સરસ...'
'ના ભાવતી હોય તોયે કોને કે'? આ જંગલમાં તો જે મળે એ ચલાવી લેવાનું.' કહેતાં પાર્થે અથાણાની બાટલીમાંથી અથાણું લઈને બ્રેડ પર ચોપડ્યું.
'પરિયા..બહુ તીખું ના ખા, ડાયેરિયા થઇ જશે તો ક્યાં જઈશ?'
'અહીં ઝાડ પાછળ..અલ્યા પણ પાણી ક્યાંથી લાવીસું?' કહેતો પાર્થ જોરથી હસ્યો.
'અહીંથી પશ્ચિમમાં બાણું ફૂટ દૂર પાણીનું ઝરણું છે.' એલીયન તેના ઘોઘરા અવાજમાં બોલ્યો.
'શું..કહ્યું? બાણું ફૂટ દૂર ઝરણું છે? પણ તને કેવી રીતે ખબર પડી?' શ્રીયાએ પૂછ્યું.
'મને પાણીનો અવાજ સંભળાય છે. તેના આધારે કેલ્ક્યુલેશન કરીને અંતર નક્કી કર્યું.'
'મારુ બેટુ કે'વું પડઅ..આ તો જાદુગર લાગસઅ!'

'આ છે કોણ? ક્યાંથી આવ્યો હશે? પેલાં લોકોએ તેને કેમ પૂરી રાખ્યો હશે?' શ્રીયાએ ધીમેથી કહ્યું.

એલીયન વિષે હજુ તો કોઈ કશુજ જાણતું ન હતું. આ લોકોને તો એ પણ ખબર ન હતી કે તે બીજા ગ્રહમાંથી આવેલો એલીયન છે.

'એને જ પૂછને એટલે ખબર.' પાર્થે કહ્યું.

'શ્રીયા તું પૂછ, એ તારી વાત માનશે.' ઝકીયા ધીરેથી શ્રીયાના કાનમાં બોલી.

'હું પૂછું? ઓકે.. હે અનનોન ફ્રેન્ડ અમે તારા વિષે જાણવા માગીએ છીએ. તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? અમે તો તારું નામ પણ નથી જાણતા.' શ્રીયાનો પ્રશ્ન સાંભળીને એલીયન ટટ્ટાર થયો. ઉંચે અંતરીક્ષમાં જોતાં તે બોલ્યો.

'હું બહુ દુરના ગ્રહ પરથી આવું છું.'

'ગ્રહ ઉપરથી? યુ મીન તું આ પૃથ્વીનો રહેવાસી નથી?'

'ના. પૃથ્વીથી 1837 પ્રકાશવર્ષ દૂર આવેલો MP212 નામનો ઉપગ્રહ મારું વતન છે.'

'ઓ બાપરે..એટલું બધું દૂર..? નામ પણ કેવું સઅ? યાદ જ ના રે', ભઈ તારું નામ તો યાદ રે' એવું સે ને?' પાર્થને તેનું નામ જાણવાની ઉતાવળ હતી.

'મારું નામ MP212M0202 છે. શોર્ટમાં તમે મને M0202 કહી શકો.' એલીયને હસતાં હસતાં કહ્યું. સાચેજ તેનું નામ સાંભળીને ત્રણેય જણ વિચારમાં પડી ગયાં.

'જબરું નામ સઅ. કોઈને યાદ જ ના રે'. તમારા દેશમાં બધાનાં નામ આવાં જ હોય સઅ?'

'છોકરાનું અને છોકરીનું સરખું જ નામ હોય છે?' શ્રીયાને પણ નવાઈ લાગતી હતી.

'હા, અમારે ત્યાં છોકરો કે છોકરી એવા ભેદ નથી. નામમાં પણ નહિ અને જીવનમાં પણ નહિ.'

'વન્ડરફુલ કહેવાય. આપણે ત્યાં તો જોતાં જ ખબર પડી જાય, કે આ છોકરી છે અને આ છોકરો.' શ્રીયા બોલી.

'હા હોં અહીં તો બંનેના નામ, પહેરવેશ, માથાના વાળ, સંબોધન બધુંજ જુદું. જાતી પ્રમાણે સમાજમાં રીત-રીવાજ પણ જુદા અને માન્યતાઓ પણ જુદી.' ઝકીયા એલીયન સાથે પૃથ્વીના લોકોની સરખામણી કરતાં બોલી.

'અમારે ત્યાં એવું નથી. અમારે ત્યાં બધાં માણસોને સરખાં માનવામાં આવે છે. પછી તે સ્ત્રી હોય કે પુરુષ, નાના હોય કે મોટા. બધાંને સમાન હક્ક મળે છે.' અને તે પછી એલીયને તેના અને તેના દેશ વિષેની જે માહિતી આપી તે સાંભળીને શ્રીયા, ઝકીયા અને પરાગ દંગ રહી ગયાં.

આ બધું સાંભળ્યા પછી પણ તેમનું કુતૂહલ શમતું ન હતું. તે નવાં ઉપગ્રહ વિષે હજુ વધુ જાણવાની ઉત્કંઠા તેમના મનમાં ઉછાળા મારતી હતી. એલીયન પૃથ્વીથી 1837 પ્રકાશવર્ષ દૂર આવેલા MP212 નામના ઉપગ્રહમાંથી આવ્યો હતો. તેને પૃથ્વી પર મુકવા માટે તેમનું ખાસ યાન આવ્યું હતું. એલીયન પોતે એક વિજ્ઞાની હતો. પૃથ્વીવાસીઓની જીવનશૈલી જાણવા, સમજવા, જોવા અને અભ્યાસ કરવા માટે તે આવ્યો હતો.

તે પૃથ્વી ઉપર ઉતર્યો ત્યારે મધ્યરાત્રીનો સમય હતો. પૃથ્વી પર આવતાં પહેલાં તેણે અને તેના સાથી વિજ્ઞાનીઓએ પૃથ્વીની સંપૂર્ણ માહિતી મેળવી હતી. પૃથ્વી પરનું વાતાવરણ, હવા, ભૈગોલીક પરિસ્થિતિ, અહીંના લોકો, જળચર અને ભૂસ્તર પ્રાણીઓ, વનસ્પતિ, જીવ-જંતુઓ, વૈજ્ઞાનિક શોધો વગરે બાબતે તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો.

તેમના ગ્રહમાંથી પૃથ્વી પર પ્રવેશ કરે, ત્યારે તેને કઈ કઈ પરિસ્થિતિનો સામનો કરવો પડશે તેની પણ માહિતી મેળવી હતી. તેને ખબર હતી કે જેવો તે પૃથ્વી પર પગ મુકશે, તેવો જ તેને ત્યાંના વાતાવરણનો સામનો કરવો પડશે. આ વાતાવરણમાં ટેવાવા માટે તેને આઠ કલાકથી પંદર કલાક જેટલો સમય લાગશે. એટલા માટેજ એલીયન પૃથ્વી પર ઉતર્યો, ત્યારે થોડીવારમાં તે બેહોશ (અનકોન્સીયસ) થઇ ગયો હતો. તે હોશમાં આવે તે પહેલાં ડોક્ટર કામથ તેને ઉઠાવીને લઇ ગયાં હતાં અને તેને તેમની લેબોરેટરીમાં કેદ કરી દીધો હતો અને તેને બેહોશીનું ઇન્જેક્શન આપી દીધું હતું.

'બાપરે...તું બેભાન થઇ ગયો એ વખતે દીપડો આવ્યો હોત તો તું જીવતો ન હોત.' પાર્થ બોલ્યો.

'હા..પણ એ દીપડો મને ખાઈ શક્યો હોત કે નહિ તેની મને શંકા છે. કેમ કે મારા શરીરમાં હાડકાને બદલે કોબાલ્ટ ધાતુના અવયવો છે. મારા માથાના પાછળના ભાગમાં પણ નાનકડું કોમ્પ્યુટર ફીટ કરેલું છે. જેનાથી હું અનેક કામ સહેલાઈથી કરી શકું છું.'

'ઇટ્સ વન્ડર ફૂલ...'

'મારા કોમ્પ્યુટરમાં એક લેન્ગવેજનું સોફ્ટવેર પણ છે. જેના લીધે હું તમારી ભાષા બોલી શકું છું.'

'ઓહ... તો એનો અર્થ એ કે તું દુનિયાની બધી ભાષાઓ બોલી શકે?' ઝકીયાએ નવાઈથી પૂછ્યું.

'હા, ચોક્કસ બોલી શકું.'

પાંચ ફૂટની ઉંચાઇ ધરાવતા, દેખાવમાં સુકલકડી અને વિચિત્ર લાગતા એલીયનની શક્તિઓ અપાર હતી. એક માણસ કરતાં અનેકગણી શક્તિઓ અને ખૂબીઓ ધરાવતા એલીયનને મેળવીને આ શ્રીયાની ત્રિપુટી આશ્ચર્ય અનુભવી રહી હતી.

'મારો બેટો..આ તો જબ્બર સઅ.' કહેતો પાર્થ ખડખડાટ હસવા લાગ્યો.

'ઓ ફ્રેન્ડ હવે અમને પાણી બતાવ. તરસ લાગી છે.' કહેતી ઝકીયા ઊભી થઇ.

'હા યાર, મને પણ ખુબ તરસ લાગી છે.'

'ઠીક છે, ચાલો.' કહેતો એલીયન આગળ ચાલવા લાગ્યો. તેની ચાલવાની ઝડપ આ ત્રણ જણ કરતાં વધારે હતી. પાછળથી શ્રીયાએ બુમ મારતાં કહ્યું,

'આની સાથે જવું હશે તો દોડવું પડશે. ચાલો દોડો....'

અને ત્રણે જણ એકબીજાની હરીફાઈ લગાવતાં હોય તેમ જંગલની કેડી પર દોડવા લાગ્યાં. સૌથી આગળ એલીયન, તેની પાછળ ઝકીયા, તેની પાછળ શ્રીયા અને સૌથી છેલ્લો પાર્થ હતો. થોડીવારે તે થાકીને ઊભો રહ્યો.

'અલ્યા આતો બાણું ફૂટ કે'તોતો, આપણે તો એનાથી એ વધારે દોડ્યા.'

'હા હોં ઝરણું તો હજુ દેખાતું નથી.'

'એને ગણતરીમાં ભૂલ થઇ હશે.' શ્રીયા બોલી. તરત જ એલીયન પાછળ જોઇને કહેવા લાગ્યો.

'મારી ગણતરી ખોટી નથી. સીધી લીટીમાં જઈએ તો બાણું ફૂટ થાય. રસ્તો વાંકોચૂકો ઢોળાવવાળો છે અને વચ્ચે ઝાડ આવે છે, એના લીધે અંતર વધી ગયું છે.'

'લો બોલો...હવે શું કે'સો?' પાર્થ શ્રીયા સામે આંખો નચાવતો બોલ્યો.

'તને બહુ મઝા આવે છે. ચાલી તો શકતો નથી.' પાર્થને ખખડાવતાં શ્રીયા બોલી.

'આ આવી ગયું. જો સામે જ દેખાય છે.'

'વાઉ...કેટલું સરસ છે નહિ?' બોલતી શ્રીયા દોડીને ઝરણા પાસે પહોંચી ગઈ.

એક નાનકડું ઝરણું ઉપરવાસથી ખળખળ વહી રહ્યું હતું. તેનો કલકલ અવાજ રોમાંચિત કરતો હતો. ઝરણાના છીછરા પાણીમાં વચ્ચે ઊભા રહીને બધાં ખોબો ભરીને પાણી પીવા લાગ્યાં. ઝરણાની આસપાસ ઉગેલા ઝાડ પર બેઠેલાં પક્ષીઓ આ નવઆગંતુકોને જોઇને અંદર અંદર વાતો કરવા લાગ્યાં. તેમનો ચહેકાટ સાંભળીને પાર્થે તેમના પર પાણીની છાલક મારી. પાણી થોડે ઉંચે જઈને તેના ઉપર જ પડ્યું. તે ભીંજાઈ ગયો. તે જોઇને શ્રીયા અને ઝકીયા હસવા લાગ્યાં.

હાથ-પગ ધોઈને બધાં ફ્રેશ થઇ ગયાં. એલીયને પણ નીચા નમીને પ્રાણીઓની જેમ પાણી પીધું. નાહવા માટે તેણે તેના શરીર પર વીંટેલી ચાદરનો ટુકડો ખોલીને દૂર ફગાવ્યો. તેને નગ્ન જોઇને શ્રીયા અને ઝકીયા શરમાઈને દૂર ચાલ્યાં ગયાં. પાર્થ ફાટી આંખે તેને જોઈ રહ્યો. નાહી લીધા પછી એલીયન બહાર આવ્યો. પાર્થે તેને ચાદરનો ટુકડો આપતાં કહ્યું.

'લે, આ પહેરી લે. અમારા દેશમાં નાગાબાવા અને પ્રાણીઓ સિવાય કોઈને નાગા ફરવાની છૂટ નથી.' એલીયન ઘડીવાર પાર્થ સામે જોઈ રહ્યો, પછી ચાદર પહેલાંની જેમ લંગોટની જેમ બાંધી દીધી. પાર્થે તેના જમણા હાથની આંગળી અને અંગુઠો ભેગો કરીને 'ટોપ'ની નિશાની કરી. એલીયન કશું સમજ્યા વિના તેને જોઈ રહ્યો.

'શ્રીયા.....ઝકીયા.....આવી જાવ.' પાર્થની બૂમનો જવાબ આવ્યો નહિ એટલે પાર્થે બીજીવાર બુમ મારી.

'શ્રીયાડી......એ ઝકીયા......બે ક્યાં મરી ગઈ...?' તેમનો જવાબ નહિ આવવાથી પાર્થ બેચેન બની ગયો. તેણે એલીયનને પૂછ્યું.

'આ બે ક્યાં ગઈ હશે?'

'એ થોડે દૂર છે. ટોઇલેટ કરે છે.'

'હેં.....તને વાસ આવી હસે નહિ...?' કહેતો પાર્થ જોરજોરથી હસવા લાગ્યો. પછી અચાનક મ્હો બગાડીને બોલ્યો.

'યાર મનેય લાગીસઅ...હું હમણાં આવું.....' કહેતો તે ઝરણાની બીજીબાજુ ઝાડની પાછળ દોડ્યો. એલીયન તેને જોઇને હસવા લાગ્યો.

એલીયન ઝરણા પાસે ઊભો ઊભો જંગલના ઝાડને અને પક્ષીઓને જોઈ રહ્યો હતો, ત્યાં દૂરથી શ્રીયા અને ઝકીયા આવતાં દેખાયાં. એલીયન ઝાડ જોવામાં મશગુલ હતો. દુરથી શ્રીયાએ બુમ પાડી.

'દીપડો......એય...તારી પાછળ દીપડો ઊભો છે....!'

'ભાગ....મૂવ....' ઝ્કીયાએ બુમ મારતાં કહ્યું.

આ બંનેની રાડારાડની જાણે કોઈ અસર ન થઇ હોય તેમ, એલીયન શાંતિથી ઊભો હતો.

$$$$

પ્રકરણ-૧૦
એલીયન અને દીપડો

એલીયન જંગલનાં ઝાડ જોવામાં મશગુલ હતો ત્યારે તેની પાછળ દીપડો આવીને ઊભો રહ્યો. આ વાતથી એલીયન અજાણ હતો. દૂરથી આવતી શ્રીયા અને ઝકીયાની નજર પાછળ ઉભેલા દીપડા પર પડી. શ્રીયા અને ઝકીયાએ બુમ પાડીને તેને ચેતવ્યો. એલીયને જાણે તેની બૂમ સાંભળી ન હોય તેમ તે જડની જેમ ઊભો રહ્યો. પાછળ ઊભેલો દીપડો તેની સામે ઊભેલાં વિચિત્ર પ્રાણી જેવાં એલીયનને જોઈ રહ્યો. આ પહેલાં જંગલમાં તેણે આવું પ્રાણી જોયું ન હતું. શ્રીયા અને ઝકીયાએ ફરીથી બૂમ પાડીને એલીયનને ચેતવ્યો. બુમાબુમના કારણે દીપડાનું ધ્યાન શ્રીયા અને ઝકીયા ઉપર પડ્યું. છલાંગ મારીને ત્રાડ પાડતાં દીપડો, તેમના ઉપર હુમલો કરવા ગયો. શ્રીયા અને ઝકીયા દીપડાથી બચવા, દોડીને ઝાડ પાછળ સંતાઈ ગયાં.

એલીયન પરથી કુદેલા દીપડાને ઉંચો કુદકો મારીને તેણે તેનું પુંછડું પકડી લીધું. દીપડો ત્યાં જ જમીન પર ઉંધા મોઢે પછડાયો. તેની ત્રાડ રડતા કૂતરાની ચીસમાં પલટાઈ ગઈ. દીપડાનો રડવાનો અવાજ સાંભળીને શ્રીયા અને ઝકીયાએ ઝાડ પાછળથી ડોકિયું કર્યું. તેમને ગજબનું દૃશ્ય જોવા મળ્યું. એલીયને દીપડાની પૂંછડી ખેંચીને તેને ઉંચો કર્યો અને ગોળગોળ હવામાં વીંઝ્યો. ગોફણનો છુટ્ટો ઘા કરતો હોય તેમ તેને દૂર ફેંક્યો. દીપડો ઝરણાની વચ્ચે પછડાયો. થોડીવાર સુધી તે એમ જ પડ્યો રહ્યો. પછી કળ વળતાં ઊભો થઈને તે જંગલ તરફ ભાગી ગયો.

આ જોઇને શ્રીયા અને ઝકીયા દોડતાં આવીને એલીયનને વળગી પડ્યા.

'થેંક યુ...યાર તેં અમને બચાવી લીધાં.'

'હા યાર...નહિ તો આજે અમે મરી જાત.'

'અરે પણ આણે તો પેલા દીપડાને કેવો નીચે પટક્યો'તો?'

'એ તો ઠીક..પણ એની પૂંછડી પકડીને, ડીશ થ્રો કરતો હોય તેમ વીંઝોળીને કેવો દૂર ફેંકી દીધો!' ઝકીયાને એલીયનની તાકાત ઉપર ગર્વ થતો હતો.

'હા હોં...આ પાંચ ફૂટિયામાં જબરી તાકાત છે.' એલીયનનું બાવડું દબાવતા શ્રીયા બોલી. અચાનક તેને યાદ આવ્યું હોય તેમ તે કહેવા લાગી.

'ઝકીયા આપણો પેલો બીકણ ફોશી કેમ નથી દેખાતો?'

'પાર્થ પેલા ઝાડ પર ચઢી ગયો છે.' એલીયને હાથ લાંબો કરીને વડનું ઝાડ બતાવતાં કહ્યું.

'ઝાડ પર કેમ ચઢ્યો હશે?'

'એણે દીપડાને જોયો હશે એટલે ડરીને ઉપર ચઢી ગયો હશે.'

'હા, મને પણ એમ જ લાગે છે.' કહેતી શ્રીયા મોટેથી બુમ પાડવા લાગી.

'પાર્થીયા.....આમ આવ...ક્યાં છે તું...?'

'હું અહીંયા સું ઝાડ ઉપર...પેલો ગયો?' ઝરણા પાસેના ઝાડ પરથી અવાજ આવ્યો.

'કોણ...? તું કોની વાત કરે છે?' શ્રીયાએ જાણીજોઈને પૂછ્યું.

'તારો કાકો દીપડો...એટલીયે સમજણ નહિ પડતી?' ચિડાઈને પાર્થ બોલ્યો. શ્રીયા અને ઝકીયા હસવા લાગ્યાં.

'પાર્થ એ તારી પાછળની ડાળી પર બેઠો છે. સાચવજે...' ઝકીયા, શ્રીયાને આંખ મારતાં બોલી.

'ઓ મમ્મી....મને બચાવો... એ સીયાડી...ઝકીયાડી.....એ લીલીયા...કોઈ તો બચાવો...?!'

પાર્થની બુમો સાંભળીને શ્રીયા અને ઝકીયા એકબીજાને તાલી આપીને હસવા લાગ્યાં. પાર્થે

તેની પાછળ જોયું તો કોઈ દેખાયું નહિ. તે ધીરે ધીરે ડાળીઓ પકડીને નીચે ઉતર્યો.

'તમે તો મને બીવડાવી જ દીધો....આવું તે કરાતું હશે?' કહેતો પાર્થ તેમની પાસે આવ્યો.

'આ લીલીયો પણ ખરો સે, લુચ્ચો નહિ તો.'

'તેં આને શું કહ્યું? લીલીયો...? આનું નામ લીલિયો છે?' શ્રીયાએ પૂછ્યું.

'હોય કે ના હોય, હું તો આજથી એને લીલીયો જ કે'વાનો.'

'સરસ નામ છે, લીલીયો..' ઝકીયા બોલી.

'હં...આમ પણ તેનું નામ યાદ રાખવું અઘરું છે, એટલે આપણે તેને લીલીયો કહીશું.'

'લીલ્લમ લીલ્લો લીલીયો.' કહેતો પાર્થ હસવા લાગ્યો. પછી એલીયનને પૂછ્યું.

'આજથી તારું નામ લીલીયો. બરાબર છે?'

'બરાબર...મારું નામ લીલીયો છે.' બોલીને એલીયન પણ હસવા લાગ્યો.

શ્રીયા, ઝકીયા અને પાર્થ બહુ થાકી ગયાં હતાં. કાલે રાત્રે પણ તેમને સુવા મળ્યું ન હતું. થાક અને ભૂખના કારણે તેમણે ત્યાં જ ઝરણા પાસે આરામ કરવાનું નક્કી કર્યું. એક મોટા મહુડાના ઝાડ નીચે જગા સાફ કરીને બધાંએ આરામ કરવાનું વિચાર્યું. લીલીયો મહુડાના ઝાડ પર ચઢવા લાગ્યો. તેને ઝાડ પર ચઢતો જોઇને શ્રીયા, ઝકીયા અને પાર્થને નવાઈ લાગી. તેમને વધારે આશ્ચર્ય તો ત્યારે થયું જયારે લીલીયો ઝાડનાં પત્તાં અને તેનાં ફૂલ ખાવા લાગ્યો.

'લીલીયો ભૂખ્યો થયો લાગે છે.'

'હા પણ એ પ્રાણીઓની જેમ પાંદડાં કેમ ખાય છે?' ઝકીયાએ નવાઈ પામતાં પૂછ્યું.

'લીલીયો માણસ સઅ, કઅ પ્રાણી એજ સમજાતું નહિ. ખાવા દો ત્યારે..!' કહેતો પાર્થ થડને અઢેલીને આરામ કરવા લાગ્યો. તેની બાજુમાં શ્રીયા અને ઝકીયાએ પણ લંબાવ્યું. થોડીવારે લીલીયો નીચે ઉતર્યો. તે શ્રીયાની બાજુમાં ઝાડને અઢેલીને બેસી ગયો. મહુડાનાં પાન અને ફૂલ ખાધાં હોવાથી ધીરે ધીરે તેની આંખો નશાથી ઘેરાવા લાગી.

&&&

તે દિવસે રાત્રે ધોનુએ શ્રીયા, ઝકીયા, પાર્થ અને એલીયનને જોયા પછી તેના મનમાં વહેમ પેસી ગયો હતો કે તેણે ભૂતોને જોયાં હતાં. રાતનો ડરીને તે પોતાની રૂમમાં ભરાઈ ગયો હતો. સવારે પણ તે મોડે સુધી રૂમની બહાર નીકળ્યો ન હતો. સવારે ડોક્ટર કામથ અને વિજય સુરતથી આવ્યાં ત્યારે પણ તે ગેટ ઉપર ન હતો. સવારે ઘોનું દેખાયો નહિ એટલે ચંપાએ રૂપાને તેના રૂમ પર મોકલ્યો. રૂપાએ તેનું બારણું ખખડાવ્યું ત્યારે તેણે દરવાજો ખોલ્યો. રૂપાએ તેને પૂછ્યું.

'સાય પીવા કોની આયો? થારી ભાભી બોલાવે રી...'

'અરે...મૈ કૈસે આઉં.....!'

ને પછી રાતની ભૂતો વાળી વાત તેણે રૂપાને કરી. આ સાંભળીને રૂપો પણ ગભરાઈ ગયો. તે માંડ સમજાવીને ધોનુંને કિચનમાં લઇ આવ્યો. તેને ચા-નાસ્તો કરાવ્યો. ધોનુએ ચંપાને પણ ભૂતની વાત કરી. ચંપા રૂપા કરતાં હિમ્મતવાળી હતી. તેણે ધોનુંને સમજાવીને કહ્યું કે આ વાત કોઈને કહેતો નહિ. પણ ધોનું એટલો ડરી ગયો હતો કે ચંપાની શિખામણ ભૂલીને તેણે આ વાત વિજયને કરી. વિજય સમજી ગયો કે તે કાલે રાત્રે ભાગેલા છોકરાંઓ અને એલીયનની વાત કરે છે. ધોનુંને ધમકાવીને ચૂપ કરતાં વિજયે કહ્યું.

'ધોનું..એ તારા મનનો વહેમ હશે. અહીં કોઈ ભૂત-બુત રહેતું નથી. જોજે ડોક્ટર સાહેબને કહેતો, નહિ તો એ તને નોકરીમાંથી કાઢી મુકશે.' વિજયની સામે તે કંઇ બોલી શક્યો નહિ પણ જ્યારથી તેણે એલીયનને જોયો છે, ત્યારથી તેના મનમાં એક જાતનો ડર ઘુસી ગયો હતો.

વિજયે ડોક્ટર કામથને ધોનુંની વાત કરી. આ સાંભળીને ડોક્ટર પણ ચિંતામાં પડી ગયાં. ધોનું

આ લોકોને જોઈ ગયો હોવાથી તે આ વાત કોઈને કહી દે તો મુશ્કેલી ઊભી થાય. જોકે ધોનુ માને છે કે તેણે ભૂત જોયાં હતાં એટલે ધોનું કોઈને કહે, તો પણ તેની વાત માનવા કોઈ તૈયાર નહિ થાય. એમ વિચારીને ડોક્ટર કામથે તે વાતને હળવાશથી લીધી.

&&&

સૌરભ, રાઠોડ અને યામીનીના પહોંચ્યા પછી લગભગ એક કલાક પછી પી.એસ.આઇ. પરમાર તેમની જીપમાં કાફલો લઈને આવી પહોંચ્યા. થોડીવારમાં જ પોલીસની અને રાઠોડની, એમ બે જીપો તેમના માણસોને લઈને જંગલમાં બાળકોને શોધવા નીકળી પડી. તેમની સાથે સૌરભ અને યામિની પણ હતાં. ગઈકાલે રાત્રે જ્યાંથી તપાસ અધુરી મૂકી હતી તે સ્થળે રાઠોડની જીપ આવીને અટકી. તેની પાછળ પોલીસની જીપ ઊભી રહી. બધાં જીપમાંથી નીચે ઉતર્યા.

'સર કાલે અમે આટલે સુધી તપાસ કરી હતી. અહીં અમને દીપડાના નિશાન અને લોહીના ડાઘ પણ દેખાયાં હતાં. તે પછી વરસાદ પડ્યો એટલે આગળ તપાસ થઇ શકી નહિ.' કોન્સ્ટેબલ ડામોરે પીએસઆઈ પરમારને સમજાવતાં કહ્યું. પરમાર થોડીવાર સુધી વિચારતાં રહ્યાં પછી રાઠોડને પૂછ્યું.

'રાઠોડ..તમને શું લાગે છે? આ લોકો કઈ બાજુ ગયાં હશે?'

'મને તો લાગે છે કે એ લોકો આ નીચાણવાળા રસ્તેથી દંડકારણ્ય તરફ ગયાં હોવા જોઈએ.' રાઠોડનો એ અંદાજ સાચો હતો.

'ઓકે..તો આપણે પણ એ બાજુ જઈએ. ચાલો...તમે લોકો ચાલતાં ચાલતાં આજુબાજુ ચેક કરતાં કરતાં આવો. અમે જીપમાં આગળ જઈને ઉભા રહીએ છીએ.' પોલીસો અને ગામના બીજા માણસોને કહેતાં પીએસઆઈ પરમાર તેમની જીપમાં બેસી ગયાં.

'ચાલો આપણે પણ જીપમાં જઈએ.' યામિની અને સૌરભને કહેતાં રાઠોડ જીપમાં બેસી ગયાં.

લાકડીઓ અને બંદુકો લઈને પોલીસો અને ગામના માણસો જંગલ ખુંદવા લાગ્યાં. એમ કરતાં કરતાં તે લોકો છેક કામથ લેબોરેટરી સુધી પહોંચી ગયા. લેબોરેટરીથી બસો મીટર દૂર એક કેડીપરથી એક પોલીસને મોબાઈલ જડ્યો.

'સર..મને અહીંથી આ મોબાઈલ જડ્યો છે.' પરમારને મોબાઈલ બતાવતાં તેણે કહ્યું.

'પરમાર મોબાઈલ હાથમાં લઈને જોવા લાગ્યાં. તે સ્વીચ ઓફ હતો. પરમારે તેને ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો. પણ મોબાઈલ ચાલુ ન થયો.

'આની બેટરી ડીસ્ચાર્જ થઇ ગઈ લાગે છે. લે આ ફોન પેલી છોકરીના મમ્મી-પપ્પાને બતાવ. કદાચ તે છોકરીનો પણ હોય.' પોલીસે મોબાઈલ લીધો. થોડે દૂર ઉભેલી રાઠોડની જીપ પાસે જઈને તેણે મોબાઈલ સૌરભને આપતાં કહ્યું.

'આ મને ત્યાંથી જડ્યો.' મોબાઈલ જોઇને સૌરભની આંખો ચમકી. તેમણે યામિનીને મોબાઈલ આપતાં કહ્યું.

'જો આ મોબાઈલ.' યામિનીએ મોબાઈલ આમતેમ ફેરવીને કહ્યું.

'આ તો શ્રીયાનો મોબાઈલ છે.' યામિનીએ મોબાઈલ ચાલુ કરવા પ્રયત્ન કર્યો પણ તે ચાલુ થયો નહિ. શ્રીયાની યાદથી તેમનું હૈયું ભરાઈ આવ્યું. તેમની આંખો ભીની થઇ ગઈ.

'ભાઈ, આ મારી દીકરીનો જ મોબાઈલ છે. એ આટલામાં જ હોવી જોઈએ.' કહેતાં સૌરભ જીપમાંથી નીચે ઉતર્યા. તેની પાછળ યામિની પણ ઉતરી. સૌરભ, પરમાર પાસે આવીને ઉત્સાહથી કહેવા લાગ્યા.

'મને પણ એવું જ લાગે છે. થોડે દૂર પેલું મકાન દેખાય છે. પહેલાં આપણે ત્યાં તપાસ કરીએ. રાત્રે એ લોકો ત્યાં પણ ગયાં હોય!' કહેતાં પરમાર જીપમાં બેસી ગયાં. સૌરભ પણ દોડતાં

જઈને પાછળની જીપમાં બેસી ગયા. તે બોલ્યાં.
'ચાલો પેલી જીપ પાછળ જવા દો. ત્યાં એક મકાન છે. છોકરાઓ કદાચ ત્યાં હશે.'
'અરે હા, એ તો ડોક્ટર કામથની લેબોરેટરી છે. ત્યાં ગયાં હશે તો સલામત જ હશે.' કહેતાં રાઠોડે જીપ તે તરફ હંકારી.
બંને જીપો લેબોરેટરીના દરવાજા પાસે આવીને ઊભી રહી. ચોકીદાર ધોનુએ દરવાજો ખોલતાં જીપો અંદર પ્રવેશી. જીપમાંથી ઉતરીને બધાં લેબોરેટરીના મકાનમાં પ્રવેશ્યાં. ડોક્ટર કામથને ખબર પડતાં, તે વિજય અને વલ્લરી સાથે નીચે દોડી આવ્યાં. પરમારે તેમને પોતાની ઓળખાણ આપી. તેમણે ખોવાયેલાં બાળકોની વાત ડોક્ટર કામથને કરી. તેમને આશા હતી કે કંઇક પોઝીટીવ સમાચાર જાણવા મળશે.
ડોક્ટર કામથ, વિજય અને વલ્લરી જાણે કશું જાણતાં ન હોય તેમ અજાણ્યા બનીને સુફિયાણી વાતો કરવા લાગ્યાં. તેમણે બધાંને ચા-નાસ્તો કરાવીને બધાંને હૈયા ધારણા આપતાં કહ્યું.

'બાળકો જલદી મળી જાય તો સારું. મને લાગે છે, જંગલમાં જ ક્યાંક હોવા જોઈએ.' અંતે પરમારે તેમની વિદાય લેતાં કહ્યું.
'થેંક યુ કામથ સાહેબ, જો છોકરાઓ વિષે કોઈ ભાળ મળે તો મને જણાવજો.'
'શ્યોર સર...એમાં કહેવું ના પડે.' કહેતાં તે લોકો છેક લેબોરેટરીની બહાર સુધી બધાંને મુકવા આવ્યાં.

બહાર ધોનું ગેટ પાસે બેઠો બેઠો બધું જોઈ રહ્યો હતો. ગેટમાંથી પરમારની જીપ પસાર થતી હતી તે સમયે તેનું ધ્યાન ધોનું પર પડ્યું. તેમણે જીપ ઊભી રખાવી. ધોનુંને જીપની પાસે ઇશારાથી બોલાવીને તેમણે પૂછ્યું.

'કાલે રાત્રે તેં આજુબાજુ બે છોકરીઓ અને એક છોકરાને જોયાં હતાં?' ધોનુંને કાલ રાતનું દૃશ્ય યાદ આવ્યું. ધોનું સાથે વાત કરતાં પરમારને જોઇને દૂર ઊભેલા કામથ સાહેબ ત્યાં દોડી આવ્યાં. તેમણે પૂછ્યું.

'શું થયું સાહેબ..?'

'કંઈ નહિ, એતો હું આ ચોકીદારને પૂછતો હતો.'

'હાં, સાબ કલ રાત મૈને એક ભૂત દેખા થા. ઉસકે સાથ તીન બચ્ચે ભી થે.' આ સાંભળીને ડોક્ટર કામથના હોશ ઉડી ગયાં.

$$$$

પ્રકરણ-૧૧
એલીયન અને બાળકોની શોધમાં કલ્લુ

ધોનુએ જયારે પરમાર સાહેબને કહ્યું કે તેણે કાલે રાત્રે એક ભૂત જોયું હતું અને તેની સાથે ત્રણ બાળકો હતાં, ત્યારે તેની વાત સાંભળીને ડોક્ટર કામથ ચમક્યા હતાં. પરમાર પણ ધોનુંના જવાબથી વિચારમાં પડી ગયાં હતાં. તેમણે ધોનુંને પૂછ્યું.

'કેવું હતું એ ભૂત?'

'સાબ બહુત ડરાવના થા.'

'પછી તેં શું કર્યું?'

'મૈ ભાગ કે મેરી રૂમમે, બ્લેન્કેટ ઓઢ કે સો ગયા.'

'પરમાર સાહેબ, એણે રાત્રે નશો કર્યો હશે એટલે એને એવું દેખાયું હશે. ઈલ્યુજન, યુ નો?' ડોક્ટર કામથે પરમારને સમજાવવાની કોશિશ કરતાં કહ્યું. વલ્લરી અને વિજય પણ ત્યાં આવી ગયાં.

'એક મિનીટ કામથ સાહેબ...વો બચ્ચે કૌન થે?' પરમારે ધોનુંને પૂછ્યું. તેમને ધોનુંની વાતમાં રસ પડ્યો હતો.

'પતા નહિ સાબ...વો ભૂત હી કિસીકો ઉઠા લાયા હોગા.'

'આણે રાત્રે કોઈ સપનું જોયું લાગે છે.' વલ્લરી બોલી.

'હા સાહેબ, ઘણીવાર એ આવી બધી વાતો કરતો હોય છે.'

'હા પણ એ ત્રણ છોકરાંની વાત કરે છે અને આમ પણ ત્રણ છોકરાં જ ખોવાયાં છે.' પરમારે કહ્યું. તેમને વહેમ પડ્યો હતો કે ધોનુએ તે છોકરાંઓને જોયા હશે.

'કો ઇન્સીડન્ટ, બીજું શું? એક નંબરનો દારુડીયો છે. રોજ રાત્રે પીએ અને સવારે રોજ નવી સ્ટોરી સંભળાવે. એને ઇલ્યુજન બહુ થાય છે.' કામથે વાત વાળી લેતાં કહ્યું.

'ઓકે..એની વે, ફરી તેની જરૂર પડી તો આવીશું.' પરમારે કહ્યું.

'એની ટાઈમ સર...બાય..!' અને દૂર જતી જીપને કામથ ક્યાય સુધી જોઈ રહ્યાં. કામથને ધોનું પર ગુસ્સો આવતો હતો, તે દબાવી રાખીને તેને કહ્યું.

'ધોનું....યે સબ ફાલતુ બાતે મત કર ઔર નોકરી પે ધ્યાન દે.' ધોનુએ ડોકું ધુણાવીને હા પાડી. કામથ, વિજય અને વલ્લરી લેબોરેટરી તરફ ચાલવા લાગ્યાં. કામથે વલ્લરી અને વિજયને કહ્યું.

'હવે જેમ બને તેમ ઝડપથી આ લોકોને પકડવા પડશે. આ કલ્લુ કેમ હજુ સુધી આવ્યો નહિ?' કહેતાં તેમણે કલ્લુને કોલ કરીને તેને તાબડતોબ આવવા જણાવ્યું.

આખા ડાંગ પંથકમાં કલ્લુ પગી ભારાડી તરીકે જાણીતો હતો. તેના કાળા ધંધાની, પોલીસ અને ફોરેસ્ટ ખાતાને પણ ખબર હતી. તે દિવસે કામથને મળવા તરત જ કલ્લુ આવી પહોંચ્યો. એ મોટાભાગે જંગલમાં જ રહેતો હતો. જંગલનાં કીમતી લાકડાં કાપીને બારોબાર વેચી દેવાં, હરણ જેવાં માસુમ પ્રાણીઓનો શિકાર કરીને તેનાં શિંગડાં અને ચામડા વેચવાં વગેરે કામમાં તેની માસ્ટરી હતી. તેના માણસો આખા જંગલમાં ફેલાયેલાં હતાં. તે પોતાનું કામ એટલી ચાલાકીથી કરતો હતો, કે હજુ સુધી તેને કોઈ પકડી શક્યું ન હતું. ચેકપોસ્ટ પર તેણે માણસો ફોડેલા હતાં, જેના લીધે માલ જંગલની બહાર મોકલવામાં સરળતા રહેતી હતી.

ડોક્ટર કામથને પ્રયોગો કરવા માટે પ્રાણીઓની જરૂર પડતી. કલ્લુ રૂપિયા લઈને તેમની જરૂર પ્રમાણે પ્રાણીઓ અને પક્ષીઓ સપ્લાય કરતો. મોટાભાગે તેના માણસો જરૂર મુજબ કામથની લેબમાં પ્રાણીઓ-પક્ષીઓને પહોંચાડી દેતા. આજે કામથે તેને આગ્રહ કરીને તાત્કાલિક મળવા

બોલાવ્યો હતો એટલે કોઈ ખાસ અગત્યનું કામ હશે તેમ સમજીને કલ્લુ દોડતો આવ્યો હતો. કામથે તેને ત્રણ બાળકો અને એક જંગલી જેવા માણસને પકડી લાવવા કહ્યું ત્યારે તે ઊભો થઇ ગયો.

'અરે સાહેબ..આવડા નાના કામમાં મને હું કરવા સંડોવો છો. એ કામ તો કોઈ પણ કરી આલહે.'

'કલ્લુ તારા સિવાય બીજું કોઇ આ કામ કરી શકે તેમ નથી. તારા જેવો જંગલનો ભોમિયો, બીજો ક્યાંથી લાવું?'

'ઠીક છે સાહેબ, પૈહા કેટલા આલહો?'

'તું બોલ...તારે કેટલા જોઈએ છે?'

'હં.....એમ કરો પચ્ચી હજાર આલજો. બૌ મેનતનું કામ છે. આમાં મારે કંઈ કમાવાનું ની મલે.'

'ઓકે...હું તને ત્રીસ હજાર આપીશ બસ? પણ તું એમને પકડીને મારી પાસે લાવે પછી.'

'એવું તે કંઈ હોતું હશે, મારે માણહોને ખર્ચી હોત આપવી પડહે. દહ હજાર તો આલવા પડહે.'

'આપી દઉં. તને એ જંગલી જેવાં માણસનો ફોટો પણ વોટ્સેપ પર મોકલી આપું. વલ્લરી કલ્લુને ફોટો મોકલ.'

કામથની સુચના મુજબ વલ્લરીએ એલીયનનો ફોટો મોકલી આપ્યો. ફોટો જોઇને કલ્લુ વિચારમાં પડી ગયો. તે કહેવા લાગ્યો.

'આ તો કોઈ વિચિત્ર માણહ લાગે છે. રાત્રે કોઈ જોવે તો બી મરે. બીજા પેલાં છોકરાઓના ફોટા નથી?'

'ના, આ એકજ માણસનો ફોટો છે. છોકરાંઓ આશરે દસ બાર વર્ષના છે અને શહેરમાંથી આવ્યાં છે. તેઓ ગુજરાતી ભાષા બોલે છે. પેલો જંગલી માણસ પણ ગુજરાતી બોલે છે.' વલ્લરીએ કલ્લુને સમજાવતાં કહ્યું.

'જોજે કલ્લુ, એને પકડવા તારાં મજબુત માણસોને મોકલજે. આ જંગલી માણસ બહુ તાકાતવાળો છે.' કામથે ચેતવતાં કહ્યું.

'એટલા માટે તમે એને હાંકળથી બાંધી રાખેલો?' ફોટો ધ્યાનથી જોતાં કલ્લુ બોલ્યો.

'હા, એટલે જ કહું છું તું જરા સંભાળીને કામ લેજે. એને કાબુમાં લેવા વલ્લરી તને એક ઇન્જેક્શન આપશે. તે ઇન્જેક્શન તે માણસને આપી દઈશ એટલે તે બેહોશ થઇ જશે.'

'ક્યાં છે ઇન્જેક્શન?' વલ્લરીએ તેને એક મોટું ઇન્જેક્શન આપ્યું. તેમાં લાલ રંગનું પ્રવાહી ભરેલું હતું. ઇન્જેકશનની નીડલ બોક્ષમાં અલગ રાખેલી હતી. કેવી રીતે ઇન્જેક્શન આપવું તે વલ્લરીએ કલ્લુને સમજાવ્યું. શરૂઆતમાં આ કામને નાનું સમજનારા કલ્લુને મનમાં થયું, કે આ કામ તે ધારે છે તેટલું સહેલું નથી. ઇન્જેક્શન અને દસ હજાર રૂપિયા લઈને કલ્લુ ચાલ્યો ગયો. આજથી જ તેણે તેના માણસોને કામે લગાડી દેવાનું વિચાર્યું હતું.

&&&

દંડકારણ્ય વનમાં કલ્લુના કેટલાંક માણસો રહેતા હતાં. કામથની લેબોરેટરી પણ દંડકારણ્યમાં પૂર્ણા નદીના કિનારે આવેલી હતી. પેલાં છોકરાંઓ અને જંગલી માણસ વહેલી સવારના ભાગી ગયાં હતાં. તેઓ હજુ બહુ દૂર નહિ ગયાં હોય. દસ બાર કિલોમીટરના એરિયામાં તપાસ કરવાથી મળી જશે. વિચારીને કલ્લુએ તેના ખાસ માણસ ધીમરાને કોલ કર્યો. ધીમરો તેની ગેંગનો સહુથી ક્રૂર અને લુચ્ચો બદમાશ હતો. તેનું કાળું શરીર ગેંડા જેવું હતું. સવા પાંચ ફૂટની હાઈટ ધરાવતો ધીમરો બુદ્ધિશાળી હતો. કોઈને ફસાવવામાં તેનું ભેજું આબાદ

ચાલતું હતું. ધીમરો બિહારમાંથી તડીપાર થયેલો રીઢો ગુનેગાર હતો.
કલ્લુએ ધીમરાને કોલ કરીને બાળકો અને જંગલી માણસ વિષે જણાવ્યું. તેણે જંગલી માણસનો ફોટો તેને વોટ્સેપથી મોકલ્યો. જંગલી માણસને બેહોશ કરવા માટેનું ઇન્જેક્શન તેની પાસે છે, તે પણ જણાવ્યું. ધીમરો 'ખતલ બ્રાંચ પોસ્ટ ઓફીસ' પાસે હતો. કલ્લુએ તેને જીપમાં જંગલનાં કાચા રસ્તે થઈને કામથ લેબોરેટરી બાજુ આવવા જણાવ્યું. સાથે લાકડાં બાંધવાના જાડાં દોરડાં, ધારિયા અને દેશી તમંચો લઈને આવવા કહ્યું.
ધીમરાના દિમાગમાં આ જંગલી માણસને પકડવાનો એક આઈડિયા આવ્યો. તેણે તેના માણસો પાસે દોરડાં ગૂંથીને એક મોટી જાળ બનાવડાવી. તે જાળ જીપમાં નાંખીને તેના સાથીઓ સાથે તે નીકળી પડ્યો. દંડકારણ્ય વનમાં જ, જો તે લોકો હોય તો તેમને પકડવામાં મુશ્કેલી નહિ આવે. પણ જો તેઓ 'કિરણેશ્વર મંદિર', 'ખટાળ' કે 'ખોપ્રી અંબા બાજુ જતાં રહ્યાં હશે, તો ત્યાં આદિવાસીઓની વચ્ચે તેમને શોધવા મુશ્કેલ બની જશે. અને જો તેઓ 'વન્ય જીવન સફારી ઉધાન' કે કિરણેશ્વર મંદિર બાજુ ગયા હશે, તો પણ તેઓ ત્યાં રહેતાં લોકો વચ્ચે સહેલાઈથી છુપાઇ શકશે. તે લોકો એ બાજુ પહોંચે તે પહેલાં તેમને ઝડપી લેવા જરૂરી હતાં. ધીમરાની જીપ જંગલમાં વાંકાચૂકા રસ્તે ધીમે ધીમે જતી હતી, તેના વિચારોનો વેગ જીપ કરતાં પણ વધારે હતો.
કલ્લુ ડોક્ટર કામથને મળવા તેના એક ટપોરીને સાથે લાવ્યો હતો. વલ્લરીએ આપેલું ઇન્જેક્શન સાચવીને થેલામાં મુકીને તેણે તેનું બુલેટ ચાલુ કર્યું. તેની પાછળ ટપોરી થેલો પકડીને બેસી ગયો. ડૂગ...ડૂગ...ડૂગ...ડૂગ...અવાજ કરતુ બુલેટ રોડથી નીચેની કેડીમાં ઉતરીને દોડ્યું. બુલેટનો અવાજ દૂર દૂર સુધી જંગલમાં પડઘાતો હતો. કલ્લુને બુલેટ બહુ ગમતું. તેના સાયલેન્સરનો ડૂગ...ડૂગ...અવાજનો તેને નશો હતો. ક્યારેક તો તે એક્સીલેટર વધારીને તેનો અવાજ બેવડાવતો. તેના બુલેટના અવાજથી વન્ય પશુ-પક્ષીઓ ગભરાઈને દૂર ભાગી જતાં.
હંમેશાં બુલેટના અવાજનું ગર્વ લેતા કલ્લુને આજે તે અવાજ ખટકવા લાગ્યો હતો. તેને ડર હતો કે તેના બુલેટના અવાજથી પેલાં છોકરાઓ અને જંગલી માણસ ચેતી જશે. થોડે દૂર જઈને તેણે બુલેટ ઉભું રાખ્યું. એક ઝાડની ઓથે બુલેટ મુકીને બંને પગપાળા આગળ ચાલવા લાગ્યાં.

&&&

ડોક્ટર કામથને ત્યાંથી નીકળેલાં પરમાર અને રાઠોડ, આગળ કઈ બાજુ જવું તે બાબતે ગૂંચવાયા હતાં. શ્રીયાનો મોબાઈલ જે જગાએથી મળ્યો હતો, ત્યાં આવીને તે લોકો અટક્યા. બંને જીપ ત્યાં ઊભી રાખીને આજુબાજુ થોડે દૂર સુધી શોધ કરી. એકાદ કલાક સુધી શોધ્યા પછી કોઈ નિશાની ન મળતાં પરમારે કહ્યું.
'મને લાગે છે કે આપણે મેઈન રોડ પકડીને કિરણેશ્વર મહાદેવ બાજુ જવું જોઈએ.'
'હા, મને પણ એમ જ લાગે છે. તે લોકો કદાચ એ બાજુ જ ગયાં હશે. 'રાઠોડે પણ તેમના સૂરમાં સૂર મિલાવતાં કહ્યું. ને બંને ગાડીઓ 'કિરણેશ્વર મહાદેવ'ના રસ્તે દોડવા લાગી.
આમ પણ બધાં લોકો થાકી ગયાં હતાં. સુરજ ધીરે ધીરે પશ્ચિમ તરફ ઝૂકતો જતો હતો. સાંજે પાછાં વાદળો ઘેરાવાનું શરુ થયું હતું. યામિની અને સૌરભના ચહેરા પર વિષાદનો અંધકાર ઉતરતો જતો હતો. હૈયાનો ખળભળાટ દબાવીને બંને મૂંગામંતર એકબીજાની આંખમાં જોઈ લેતાં હતાં. જીપ પણ તેમનું દુઃખ સમજતી હોય તેમ ડૂસકાં મૂકતી દોડતી હતી.
સાંજ પડી ગઈ હોવાથી અને બધાં થાકી ગયાં હોવાથી, બધાંને જીપમાં બેસાડી દીધાં હતાં. કોઈ કોઈવાર જીપ ધીમી કરીને પરમાર અને રાઠોડ તેમાંથી ઊંટની જેમ ડોક લંબાવી દૂર સુધી નજર નાંખીને જંગલની ભાળ મેળવી લેતાં હતાં. યામિની અને સૌરભની નજર પણ સતત

દોડતી જીપની સાથે દોડતી જતી હતી. બાકીના લોકોને રસ ન હોય તેમ જીપમાં બેઠાં બેઠાં ઝોકાં ખાતાં હતાં.

જે સમયે પરમાર અને રાઠોડની બે જીપો નીકળી, તે સમયે જ સામે ખતલથી ધીમરો તેની જીપમાં ચાર માણસો ભરીને નીકળ્યો હતો. ખતલથી લેબોરેટરી સુધી પહોંચતાં તેમને માંડ દસ મિનીટ જેટલો સમય લાગે પણ ધીમરાએ જંગલનાં કાચા રસ્તે જીપ લીધી હતી. તેને અંદાજ હતો કે જંગલમાં ક્યાંક આ લોકો છુપાઈ રહેલાં હશે. જો ધીમરો રોડના રસ્તે આવ્યો હોત, તો તેને પરમાર અને રાઠોડની જીપનો ભેટો થયો હોત. અને જો તે સમયે પરમારની ચકોર નજરે ધીમરો ચઢી ગયો હોત, તો થોડીક મુશ્કેલી ઊભી થાત. ધીમરાએ જંગલનો રસ્તો લીધો તે તેના માટે સારું જ હતું.

પરમાર અને રાઠોડની જીપ દસ મીનીટમાં કિરણેશ્વર મંદિરે પહોંચી ગઈ હતી. મંદિરમાં અને તેની નજીકમાં આવેલા સફારી ઉધાનમાં તેમણે તપાસ કરી. ત્યાં રહેતાં લોકોની પૂછપરછ કરી પણ કોઈએ છોકરાંઓને જોયાં હોય તેવી માહિતી મળી નહિ. રાઠોડ અને પરમારને અચરજ થતું હતું. 'આખરે છોકરાંઓ ગયા ક્યાં હશે? ક્યાંક દીપડાનો શિકાર તો... જે હોય તે, હવે રાતના અંધારામાં કંઈ કામ થાય તેમ ન હતું.' અધૂરામાં પૂરું વરસાદ પડવો શરુ થયો હતો. આખરે બંને જીપો મહાલ તરફ રવાના થઇ.

&&&

રાતનું અંધારું ઘેરાયું. કાલના થાકેલાં શ્રીયા, ઝકીયા અને પરાગ મહુડાના ઝાડ નીચે સાંજે આડા પડ્યાં હતાં. થોડીવાર આરામ કરીને આગળ જવાનું તેમણે વિચાર્યું હતું. જોકે રાતના આઠ વાગવા છતાં તેઓ હજુ ઘસઘસાટ ઊંઘતા હતાં. લીલીયો પણ તેમની બાજુમાં જ ઝાડને અઢેલીને ઝોકાં ખાતો હતો. ઘેરાયેલાં વાદળાં જો તૂટી પડે તો જ તેમની ઊંઘ ઉડે તેમ હતી. જો તે લોકો થોડો સમય વધારે ઊંઘી રહેશે, તો ચોક્કસ કલ્લુ અને ધીમરો તેમને પકડવામાં સફળ થઇ જશે.

$$$$

પ્રકરણ-૧૨
કલ્લુના પંજામાં સપડાયા

કલ્લુએ ધીમરાને ફોન કરીને જણાવી દીધું હતું, કે તેઓ બૂલેટ રસ્તામાં છોડીને પગપાળા જંગલમાં આગળ વધી રહ્યાં છે. અંદર જંગલમાં મોબાઈલ નેટવર્ક પકડાશે નહિ એટલે વાત નહિ થઇ શકે. ધીમરાને પણ તેની જીપ અધવચ્ચે પાર્ક કરીને જંગલમાં પગપાળા નીકળવા કલ્લુએ જણાવ્યું. ધીમરો અને તેના સાથીદારો રસ્તાની એક બાજુએ તેમની જીપ પાર્ક કરીને, સાથે દોરડાની જાળ, પિસ્તોલ અને દોરડાં લઈને નીકળી પડ્યા.

જંગલમાં અંધકાર ધીરે ધીરે ઘટ્ટ બનતો જતો હતો. આકાશમાં ઘેરાયેલાં વાદળો, ગમે ત્યારે વરસાદ તૂટી પડશે તેની ચેતવણી આપતાં હતાં. ધીમરો અને તેના સાથીઓને વજન ઊંચકીને ચાલવાનું હતું તે તો ઠીક પણ સાથે સાથે દીપડો તેમના પર હુમલો ન કરે તેનું પણ ધ્યાન રાખવાનું હતું. રાતના સમયે દીપડા જેવાં પ્રાણીઓ તેમનો શિકાર શોધવા નીકળી પડતાં હોય છે.

જંગલમાં રાતના સન્નાટામાં ક્યારેક ચીબરીની ચીસ, તો ક્યારેક હરણાંનો દોડવાનો અવાજ, તો ક્યારેક સૂકાં પત્તાઓ કચડાવાનો અવાજ ભય પ્રસરાવી જતો હતો. કલ્લુ પણ તેના સાથી સાથે અંધારામાં ફાંફા મારતો આગળ વધતો હતો. અંધારામાં રસ્તો દેખાય તેના માટે કલ્લુએ તેના મોબાઈલની ટોર્ચ ચાલુ કરી હતી. કલ્લુ હવે ઝરણાની પાસે પહોંચવાની તૈયારીમાં હતો. ધીમરો પણ ઝરણાની નજીક પહોંચી ગયો હતો.

'પેલાં ઝાડ પાહે કોઈ લાગતું અહે.' કલ્લુને ઝાડ નીચે કોઈનો આકાર દેખાતાં તે બોલ્યો. અંધારામાં તેને કશું સ્પષ્ટ દેખાતું ન હતું.

કલ્લુ અને તેનો સાથીદાર ધીરે ધીરે દબાતા પગલે આગળ વધવા લાગ્યાં. થોડા નજીક પહોંચતાં છોકરાઓ અને એલીયનને ઊંઘતાં જોઇને કલ્લુ ઝૂમી ઉઠ્યો. તે તેના સાથીદારને ચૂપ રહેવાનો ઈશારો કરીને, તે ઝાડથી દૂર ઝરણા પાસે આવ્યો. તેણે ધીમરાને કોલ જોડ્યો પણ નેટવર્ક મળતું નહિ હોવાથી તેને કોલ લાગ્યો નહિ. બે-ત્રણ વાર પ્રયત્ન કરવા છતાં કોલ ન લાગ્યો.

'આ ધીમરો પણ ક્યાં મરી ગયો અહે?' ગુસ્સાથી મુઠ્ઠી હથેળીમાં મારતાં તે બોલ્યો.

એલીયન અને છોકરાંઓને ઊંઘતાં ઝડપવાનો મોકો કલ્લુ જવા દેવા માગતો ન હતો પણ તે બંને આ ચાર જણને પકડી શકે તેમ ન હતાં. આમ તો તેની પાસે દેશી તમંચો હતો પણ ડોક્ટર કામથે બધાંને જીવતાં પકડી લાવવા કહ્યું હતું. તમંચાનો ઉપયોગ ડરાવવા માટે જ કરી શકાય તેમ હતો. કલ્લુ વિચારમાં હતો, ત્યાં દૂરથી લાઈટનો ઝબકારો દેખાયો. કલ્લુ તે તરફ જોઈ રહ્યો. ફરીવાર ઝબકારો થયો. કોણ હશે? વિચારતો કલ્લુ અને તેનો સાથી ભેખડની આડશે છુપાઈ ગયાં.

થોડીવારે કેટલાંક લોકો ઝરણા પાસે આવી પહોંચ્યા. અંધારામાં પણ કલ્લુ ધીમરાને ઓળખી ગયો. તે એકદમ ઉત્સાહમાં આવીને ઊભો થયો અને મોબાઈલની ટોર્ચ ચાલુ કરીને હલાવી. ધીમરાની નજર તેના પર પડતાં, તે કલ્લુ તરફ આગળ આવ્યો. નજીક જતાં તેમણે એકબીજાને ઓળખ્યાં. કલ્લુએ ખુશ થઈને ધીમરાને બાળકો અને એલીયન ઝાડ નીચે સૂતાં છે, તેની વાત કરી. કલ્લુ અને ધીમરાએ મસલત કરીને તેમને ઝડપી લેવાનો પ્લાન બનાવ્યો.

મહુડાના ઝાડ નીચે શ્રીયા, ઝકીયા અને પાર્થ ભર ઊંઘમાં હતાં. આગળના દિવસ અને રાતના ઉજાગરા અને દોડાદોડીએ તેમને થકવી દીધાં હતાં. લીલીયો પણ ઊંઘતો હતો. તે થાક કે ઉજાગરાના કારણે ઊંઘતો ન હતો. તેના ઊંઘવાનું કારણ જુદું હતું. લીલીયાને ભૂખ

લાગી હતી એટલે તે મહુડાના ઝાડ પર ચઢીને મહુડાનાં ફૂલ અને પાંદડાં ખાઈ ગયો હતો. જેના લીધે તેને ઘેન ચઢ્યું હતું. મહુડાના ફૂલમાં અને પાંદડામાં નશાકારક તત્વો હોવાથી લીલીયાને ઘેન ચઢ્યું હતું. ચારેય જણ ઘોડા વેચીને ઊંઘતા હતાં. માથે ઝળુંબી રહેલાં વાદળાં, જો વરસી પડ્યા હોત તો પણ તેમની ઊંઘ ઉડી ગઈ હોત. આજે કુદરત પણ જાણે કે કલ્લુની તરફેણમાં હતી.

કલ્લુ અને ધીમરાએ તેમને ઊંઘતા જ ઝડપવાનો વ્યૂહ બનાવ્યો હતો. તે લોકો કુલ છ માણસો હતાં અને પકડવાના હતાં ચાર જણને. તેમાંયે ત્રણ તો બાળકો હતાં. ધીમરા અને કલ્લુ માટે તો આ ડાબા હાથનો ખેલ હતો. ધીમરાના માણસોએ જાળ ખોલીને તૈયાર રાખી હતી. તે લોકો સહુથી પહેલાં લીલીયાને પકડવા માંગતા હતાં. એકવાર તે પકડાઈ જાય, તો તે પછી બાળકો તો સહેલાઈથી પકડાઈ જવાના હતાં. બંનેએ કામ વહેંચી લીધા હતા.

કલ્લુ અને તેનો સાથીદાર બાળકોને પકડવાના હતાં અને ધીમરો ને તેના માણસો એલીયનને કબજે કરવાના હતાં. કલ્લુએ લીલીયાને કેવી રીતે ઇન્જેક્શન આપવું તે ધીમરાને સમજાવ્યું હતું. ધીમરાએ તેના ત્રણ માણસોને લીલીયા ઉપર દોરડાની જાળ નાખીને અચાનક દબોચી લેવા જણાવ્યું. બધા મહુડાના ઝાડ નીચે દબાતાં પગલે જઈને બાળકો અને લીલીયાને ઘેરીને ઊભાં રહ્યાં. બરાબર તે જ સમયે એકાએક વરસાદ તૂટી પડ્યો.

ઝાડના પાંદડા પર પડતાં ટીંપાના અવાજથી ઝકીયાની આંખ ખુલી ગઈ. પહેલાં તો તેની નજર ઉપર આવેલાં ઝાડનાં પાંદડા પર પડી. અંધારામાં પાંદડા પણ કાળાં ડીબાંગ લાગતાં હતાં. તેણે આજુબાજુ જોયું. તેમની ચારે બાજુ માણસો જેવાં આકારો તેમને ઘેરીને ઊભેલાં દેખાયા. ઝકીયાએ તેની બાજુમાં સુતેલી શ્રીયા તરફ તેનો હાથ લંબાવ્યો. તેના હાથમાં શ્રીયાનો ચોટલો આવ્યો. સાપ સમજીને તેણે ગભરાઈને ચોટલો છોડી દીધો. તે બેઠી થઇ ગઈ.

પેલાં ઓળા ધીમે ધીમે તેમની તરફ આગળ વધી રહ્યાં હોય તેવું લાગતું હતું. તેણે જમણીબાજુ સુતેલા પાર્થનો હાથ ખેંચ્યો. પાર્થ બીજીબાજુ પડખું ફેરવીને સુઈ ગયો. હવે વરસાદ વધ્યો હતો. ઉપર ઝાડનાં પાંદડાઓ પરથી મોટાં મોટાં ફોરાં પડવા લાગ્યાં. ઠંડાં ફોરાં શ્રીયાના ચહેરા પર પડવાના લીધે તેની આંખ ખૂલી ગઈ. ‘વરસાદ આવ્યો...!!’ કહેતી તે બેઠી થઇ ગઈ. તેની આસપાસ ઊભેલાં ઓળા જોઇને તે ડઘાઈ ગઈ. તેણે ચીસ પાડવા કોશિશ કરી પણ ચીસ ગળામાં જ રૂંધાઇ ગઈ. ‘કોઈ જંગલી પ્રાણીઓ તો નહિ હોય?’ અંધારામાં આંખો ખેંચીને તે આસપાસ જોવા લાગી.

વરસાદના મોટાં મોટાં ફોરાં પડતાં હોવા છતાં પાર્થ અને લીલીયો ઊંઘતાં હતાં. શ્રીયાની નજર ઝકીયા પર પડી. તેને બેઠેલી જોઇને તેને હાશ થઇ. ઝકીયા અને શ્રીયા આખી પરિસ્થિતિ સમજે તે પહેલાં ધીમરાના માણસોએ લીલીયા ઉપર જાળ નાંખીને તેને જાળમાં લપેટી લીધો. બરાબર તે જ સમયે કલ્લુ અને તેના માણસોએ શ્રીયા અને ઝકીયાને પકડી લીધાં અને દોરડાથી તેમના હાથ પાછળ બાંધી દીધાં. બંને બંધાઈ ગયાં પછી કલ્લુ પાર્થને શોધવા લાગ્યો. અંધારામાં પાર્થ તેમને દેખાયો નહિ. વરસતા વરસાદમાં ક્યારેક વીજળી ઝબકી જતી હતી. તેના અજવાસમાં મહુડાનું ઝાડ પાસે ફૂટી નીકળેલું ઝરણું દેખાયું. બધા વરસાદમાં લથપથ થઇ ગયાં હતાં.

ધીમરાના માણસોએ લીલીયાને જાળમાં લપેટીને તેના હાથ પગ દોરડાથી બાંધી દીધાં હતાં. તેમને એ વાતની નવાઈ લાગતી હતી. લીલીયો બેહોશ હોય તેમ હજુ પણ ઊંઘતો હતો. લીલીયાને બંધાયેલો જોતાં શ્રીયાએ ચીસ પાડી.

‘લીલીયા....!! લીલીયા....જાગ લીલીયા....’ પણ લીલીયો તો અચેતન હતો. શ્રીયાની ચીસ તેના મગજ સુધી પહોંચતી ન હતી.

'જલદી આ બે છોકરીઓના મોમાં કપડું ઠોંસી દે.. એ બુમો પાડી પાડીને પેલાને ઉઠાડી દેશે.' કલ્લુના કહેવાથી તેના માણસે બંનેના મો પર કપડું બાંધી દીધું.

'પેલો ત્રીજો છોકરો કંઈ ભાગી ગયો? એને હઉ પકડવો પડહે.' કલ્લુ અને બીજાં માણસો પાર્થને શોધવા અંધારામાં ફાંફાં મારવા લાગ્યાં પણ પાર્થ દેખાયો નહિ. પરાગ અચાનક ગુમ થઇ ગયો હોવાથી ઝકીયા અને શ્રીયાને પણ નવાઈ લાગતી હતી. સાથે સાથે તેમને પાર્થની ચિંતા પણ થતી હતી.

'ડરપોક પાર્થીયો અંધારામાં ક્યાં ચાલ્યો ગયો હશે? કે પછી તેને કોઈ જાનવર તો ઉઠાવી નહિ ગયું હોય!' શ્રીયા વિચારવા લાગી.

'તું જીપ અહીં લઇ આવ. તમે લોકો અહીંથી ખસતા ની. હું કોલ કરીને આવતો છું. અહીંયા ટાવર ની મલે.' કહેતો કલ્લુ અંધારામાં દૂર ચાલ્યો ગયો અને ડ્રાઈવર દૂર પાર્ક કરેલી જીપ લેવા ગયો.

શ્રીયા અને ઝકીયાને નીચે ઝાડ પાસે બેસાડીને તેની પાસે કલ્લુનો માણસ ઊભો રહ્યો હતો. વરસાદ અને માટીમાં રગદોળાવાથી શ્રીયા અને ઝકીયાના પેન્ટનો કલર મટીયાળો થઇ ગયો હતો.

'ભાઈ એને ઇન્જેક્શન આપો. નહિતર આ જાનવર જાગી જાહે.' ધીમરાના એક માણસે યાદ દેવરાવ્યું.

આ બધી ધમાલમાં ધીમરો ઇન્જેક્શનની વાત ભૂલી જ ગયો હતો. તેનું એક બીજું કારણ એ હતું કે લીલીયો આસાનીથી પકડાઈ ગયો હતો અને હજુપણ બેહોશ હતો. ધીમરાએ તેની પાસેની બેગમાંથી એક બોક્ષ કાઢ્યું. તેમાંથી ઇન્જેક્શન બહાર કાઢ્યું. બોક્ષના બીજા ખાનામાંથી નીડલ કાઢી. સિરીંજની ટોપી ખોલીને તેના પર નીડલ ફીટ કરી અને પાછળથી પ્રેસ કરીને ચેક કરી લીધું. ઇશારાથી તેણે લીલીયાને પકડવા કહ્યું. બે માણસો લીલીયાને બે બાજુથી પકડીને ઊભા રહ્યાં. ધીમરાએ લીલીયાના બાવડામાં ઇન્જેક્શન ખોસીને આખી સિરીંજ ખાલી કરી દીધી. ધીમરાએ સાચવીને ઇન્જેક્શન અને સિરીંજ બોક્ષમાં ગોઠવી દીધાં અને તેને બેગમાં મૂકી દીધું.

હજુ પણ વરસાદનું જોર ઓછું થયું ન હતું. લગભગ અડધો કિલોમીટર જેટલું ચાલ્યા પછી કલ્લુને ટાવર મળ્યું. તેણે ડોક્ટર થોમસને કોલ જોડ્યો. ખાસી રીંગો વાગીને કોલ બંધ થઇ ગયો. બીજી વાર પણ એવું થયું. ત્રીજીવાર ડોકટરે કોલ રીસીવ કર્યો. તેમણે સહેજ ગુસ્સાથી પૂછ્યું.

'કોણ છે..?'

'હું કલ્લુ સાહેબ..'

'કેમ આટલી રાતે? શું હતું?' કામથના અવાજમાં નરમાશ આવી.

'ગુડ ન્યુઝ સાહેબ...પેલો જંગલી માણહ અને છોકરાંઓ પકડાઈ ગયાં સે. બોલો હવે સું કરવાનું હે?' કલ્લુએ આપેલાં સમાચારથી કામથ કોટમાંથી બેઠા થઇ ગયાં. તેમની ઊંઘ ગાયબ થઇ ગઈ.

'વોટ..? વેરી ગુડ...વેરી ગુડ... અં...એક કામ કર. તું મને લોકેશન સમજાવ. હમણાં જ હું મારી ગાડી લઈને ત્યાં આવી પહોંચું છું.' થોડું વિચારીને કામથે કહ્યું.

આટલાં જલદી એલીયન અને છોકરાઓ પકડાઈ જશે તેવું તો તેમણે વિચાર્યું જ ન હતું. તે પછી કલ્લુએ તેમને લોકેશન સમજાવ્યું. કલ્લુ તેમની લેબોરેટરીથી છ સાત કિલોમીટર જેટલો દૂર હતો. કામથે વિજય અને વલ્લરીને ઉઠાડ્યા. તેમને સમાચાર આપતાં તેઓ પણ ખુશ થઇ ગયાં. કામથ અને વિજય તેમની ગાડી લઈને વરસતા વરસાદમાં નીકળી પડ્યાં.

કામથે તેમની સાથે તેમની રિવોલ્વર પણ લીધી હતી.

કોલ કરીને કલ્લુ ત્યાં જ ઊભો રહ્યો. કેમ કે બીજે ક્યાય નેટવર્ક મળતું ન હતું. કલ્લુએ કામથને પેલો છોકરો નથી મળ્યો તે વાત કરી ન હતી.

'કામથ અહીં આવે ત્યારે જોયું જશે. અને કોને ખબર તે આવે તે પહેલાં મળી પણ જાય! ના મળે તો કાલે દિવસે શોધીશું. જંગલમાં જઈ જઈને તે ક્યાં જવાનો છે? આ વરસાદ પણ લોહી પી ગયો. એતો સારું છે કે પેલાં જંગલી માણસે તોફાન ના કર્યું, નહિતર મુસીબત થઈ હોત. હવે આ કામથ જલદી આવે તો સારું.' વરસાદથી લથપથ કલ્લુ એક ઝાડ નીચે ઊભો રહીને વિચારતો હતો. તેણે ખીસામાંથી સિગરેટનું પાકીટ કાઢીને અંદરથી સિગારેટ કાઢી. સિગરેટનું પાકીટ પલળી ગયું હતું પણ સિગારેટ હજુ કોરી હતી. લાઈટરથી તેણે સિગારેટ સળગાવી.

વીસ મીનીટમાં તો કામથ તેની સ્કોર્પીઓ લઈને કલ્લુ પાસે આવી પહોંચ્યા. કલ્લુ તેમની સાથે બેસી ગયો. થોડેક આગળ એક નાનકડું ઝરણું વહેતું હતું. ઝરણાની બીજીબાજુ રાહ જોઈ રહેલા ધીમરા પાસે કામથે ગાડી ઊભી રાખી.

'ક્યાં છે પેલો જંગલી?' કહેતા કામથ અને વિજય ગાડીમાંથી નીચે ઉતર્યા. તેમની પાછળ નીચે ઉતરતાં કલ્લુ બોલ્યો.

'આ રહ્યો...એને બરાબર બાંધી રાખ્યો હે.' તેણે મોબાઈલની ટોર્ચ ચાલુ કરી. તેમણે જોયું તો એલીયનને પોટલાની જેમ બાંધ્યો હતો.

'અને આ બે પોયરીઓ.' છોકરીઓ તરફ લાઈટ કરતાં કલ્લુ બોલ્યો.

'ઓકે..તો આ છે બહાદુર છોકરીઓ! ગુડ..કલ્લુ, પેલો ત્રીજો છોકરો ક્યાં ગયો?'

'એ ખબર નહિ ક્યાં ગરક થઇ ગ્યો. કાંઈ હમજ ની પડતી.' કલ્લુએ કહ્યું અને ઉમેર્યું.

'પણ સાહેબ તમે ચિંતા ની કરતાં, એને તો હું પાતાળમાંથી કાઢી આવીસ.'

'ઓકે..પણ જોજે એ જંગલમાંથી છટકીને ક્યાંય જાય નહિ!'

'ની જાય...તમતમારે બેફીકર રેવાં. આને તમારી ગાડીમાં ચઢાવું?' એલીયન સામે ઈશારો કરતાં કલ્લુ બોલ્યો. ત્યાં ધીમરાની જીપ આવી પહોંચી.

'હં...એક કામ કર કલ્લુ. હમણાં તારે આ ત્રણેયને કોઈ જગાએ રાખવા પડશે. પેલો છોકરો મળે પછી હું એને મારી લેબોરેટરીમાં લઇ જઈશ.'

'ભલે સાહેબ...'

'તું પૈસાની ચિંતા કરતો નહિ, આમને રાખવાના તને જુદા પૈસા આપીશ. અને એક બીજી વાત. આ લોકોને એવી જગાએ રાખજે, કે જ્યાં કોઈની અવરજવર ના હોય. પાછું કોઈ જોઈ જશે તો....'

'કોઈ નઈ જુએ સાહેબ...આ તૈન જનને પાછલી સીટ પર નાખો.'

જીપની પાછળની સીટ પર લીલીયો, શ્રીયા અને ઝકીયાને બેસાડ્યાં. તેની બાજુમાં ધીમરાના બે માણસો બેઠાં. કલ્લુએ ઈશારો કરતાં ધીમરો જીપ લઈને ચાલવા લાગ્યો. તે સમયે જો કલ્લુ કે કામથની નજર જીપના છાપરા પર પડી હોત તો તેના પર બેઠેલો માનવ આકાર તેમને દેખાયો હોત.

$$$$

પ્રકરણ-૧૩
પાર્થ છટક્યો

રેઇનકોટ અને ફેલ્ટ હેટમાં સજ્જ ડોક્ટર કામથ ડિટેકટીવ જેવા લાગતા હતાં. સ્કોર્પીઓમાં બેસતાં તેમણે કલ્લુને સુચના આપતાં કહ્યું.

'કલ્લુ પેલા છોકરાને ગમે ત્યાંથી શોધી કાઢો. એ મળે એટલે મને જાણ કરજે.'

'હારું સાહેબ. એને તો હવાર હુધીમાં પકડી લેવા.'

'અને પેલા ફોરેસ્ટ ઓફિસર રાઠોડથી બચીને રહેજે. એ પણ આ છોકરાઓની શોધમાં ફરે છે.'

એટલું કહીને કામથે સ્કોર્પીઓ લેબોરેટરી તરફ ભગાવી. દૂર જતી સ્કોર્પીઓની લાઈટ કલ્લુ ક્યાય સુધી જોઈ રહ્યો. હજુપણ વરસાદ પડતો હતો. કલ્લુ ઝાડ નીચે જઈને બેઠો. તેણે મોબાઈલમાં જોયું તો રાતના ચારને સાત મિનીટ થઇ હતી. થાકેલા કલ્લુએ સિગારેટ સળગાવી. તેના ત્રણ સાથીઓ કલ્લુથી થોડે દૂર બેસીને બીડી પીવા લાગ્યા.

&&&

વઘઈની પાસે વાંસદા નેશનલ પાર્ક અને ગીરા વોટર ફોલ આવેલાં છે. વઘઈ અને ગીરા ફોલની વચ્ચે આંબાપાડા ગામ આવેલું છે. ધીમરાએ અંબાપાડા પાસે આવેલી કલ્લુની વાડીમાં જીપ ઊભી રાખી. દંડકારણ્યથી અહીં સુધી આવતાં તેમને પાંત્રીસ મિનીટ લાગી હતી. વરસાદ થોડોક ધીમો પડ્યો હતો. આકાશમાં વાદળો પણ વિખેરાવા લાગ્યાં હતાં. જેના લીધે થોડુક આછું અજવાળું ડીમલાઈટની જેમ નીચે સુધી ફેલાયું હતું. જીપ ઊભી રહેતાં, તેના છાપરા પર બેઠેલો ઓળો કુદકો મારીને નીચે ઉતર્યો અને દોડીને ત્યાં આવેલા એક મકાનની દીવાલ સરસો લપાઈ ગયો.

જીપમાંથી ધીમરો અને તેના માણસો નીચે ઉતર્યા. બે માણસોએ શ્રીયા અને ઝકીયાનો હાથ પકડીને નીચે ઉતર્યા. તે માણસો તેમને મકાન તરફ દોરીને લઇ ગયાં. ધીમરો લીલીયાને જોતો જીપ પાસે ઊભો રહ્યો. થોડીવારે છોકરીઓને મુકીને પેલા બંને પાછા આવી ગયાં. બંનેએ મળીને લીલીયાને ઉઠાવ્યો. સામાન ઉંચકતા હોય તેમ લીલીયાને ઊંચકીને ઓરડીમાં લઇ આવ્યા. તેમની પાછળ ધીમરો પણ આવ્યો.

અંધારા ઓરડામાં એક નાનકડો ગોળો બળતો હતો. તેના પ્રકાશમાં ઓરડાનો વચ્ચેનો ભાગ માંડ દેખાતો હતો. એક ખૂણામાં બિછાવેલા લોખંડના પલંગ પર તેમણે લીલીયાનું પોટલું મુક્યું. ટોર્ચ મારીને જોઈ લીધું કે લીલીયો જાગે છે કે નહિ. લીલીયો હજુ પણ બેહોશ હતો તે જોઇને ધીમરાને શાંતિ થઇ. તેણે પૂછ્યું.

'પેલી બે પોઈરીઓ ક્યાં છે?'

'આ ખૂણામાં છે.' બીજા ખૂણામાં ટોર્ચ મારતાં એક જણ બોલ્યો. ખૂણામાં પડેલા એક બાંકડા પર બેસાડીને બંનેને બાંકડા સાથે બાંધી દીધી હતી. હજુપણ તેમના મ્હોમાં ડૂચો મારેલો હતો. બંને જણ થાકી ગઈ હોવાથી આંખો બંધ કરીને પડી રહી હતી.

'એ પોયરીઓને સાચવજો. ચા-પાણી અને ખાવાનું આપજો.' ધીમરાએ તેના માણસોને સુચના આપી. પેલા બંને એ હકારમાં માથું હલાવ્યું.

'અને પેલા જંગલી માણસનું પણ ધ્યાન રાખજો. એને ઇન્જેક્શન આપેલું છે એટલે તે ઉઠશે નહિ, તો પણ તેને પલંગ સાથે બાંધીને રાખજો. હું જાઉં છું. કાંઈ કામ હોય તો ફોન કરજો.' કહેતો ધીમરો ત્યાંથી જીપ લઈને ચાલ્યો ગયો. પેલાં બંનેએ પોટલું ખોલીને લીલીયાને બહાર કાઢ્યો. એક મોટા જાડા દોરડાંથી તેને પલંગ સાથે કસકસાવીને બાંધ્યો. બહારથી રૂમ બંધ

કરી, તેને તાળું મારીને બંને બહાર આવ્યા. હવે વરસાદ બંધ થઇ ગયો હતો. લીમડાના ઝાડ નીચે પડેલા ખાટલા પર બંનેએ લંબાવ્યું. આખી રાતના ઉજાગરા અને દોડધામને લીધે તે બંને પણ થાકી ગયાં હતાં.

ધીમરો અને તેના બંને માણસો ઓરડાની બહાર નીકળી ગયા પછી, દીવાલ પાછળ લપાયેલો પાર્થ બહાર નીકળ્યો. કોઇ જુએ નહિ તેમ તે ઓરડા તરફ સરક્યો. ઓરડા પાસે આવીને તે નિરાશ થઇ ગયો. ઓરડાને પેલા લોકોએ તાળું માર્યું હતું અને તેની ચાવી તે લોકો પાસે હતી.

જંગલમાં ધીમરા અને કલ્લુની ટોળીએ તેમને ઘેરી લીધાં, ત્યારે પરાગની આંખ ઉઘડી ગઈ હતી. કાળા પડછાયા જોઇને તે ડરી ગયો હતો. ચૂપચાપ પડ્યો પડ્યો તે આ લોકોને જોઈ રહ્યો હતો. આ લોકોએ જેવી લીલીયા પર જાળ નાખી, તેવો જ પરાગ સરકીને ઝાડની પાછળ છુપાઈ ગયો હતો. તે પછી તે મહુડાની પાછળ આવેલા એક લીમડાના ઝાડ પર ચઢી ગયો હતો. ઝાડ પર છુપાઈને તે આ બધાની હરકત જોઈ રહ્યો હતો.

લીલીયો, શ્રીયા અને ઝાકીયાને બાંધીને જયારે જીપમાં નાખ્યા ત્યારે પાર્થ ઝાડ પરથી નીચે ઉતરીને અંધારામાં લપાતો છુપાતો જીપના છાપરા પર ચઢીને સુઇ ગયો હતો. તે સમયે અંધારું અને વરસાદ પડતો હોવાથી કોઈનું ધ્યાન તેના પર પડ્યું ન હતું. જીપના છાપરે બેસીને, પાર્થ આ લોકો સાથે અહીં વાડી સુધી આવી ગયો હતો.

આખી રાત વરસાદમાં પલળવાને લીધે પાર્થ આખો ભીંજાઈ ગયો હતો. તેને ઠંડી પણ લાગતી હતી. તે શ્રીયા, ઝકીયા અને લીલીયાને છોડાવવા આવ્યો હતો પણ ઓરડાને તાળું મારેલું હોવાથી શું કરવું તે તેને સમજાતું ન હતું. ભીનાં કપડાને લીધે તેને ઠંડી વધારે લાગતી હતી. કશી સૂઝ ન પડતાં ઓરડીની પાછળ આવેલી વાડીની કાંટાની વાડના છીંડામાંથી તે બાજુના ખેતરમાં ગયો.

પૂર્વમાં સુરજ વાદળોની ઓથે સંતાઈને ડોકિયાં કરતો હતો. ખાસ્સું અજવાળું થઇ ગયું હતું. ખેતરમાં લીલા ઘાસ પર પડેલાં પાણીનાં ટીંપા ચાંદીની જેમ ચમકતા હતાં. થોડું ચાલ્યા પછી તેને નાનકડી ગાર-માટીની એક ઓરડી દેખાઈ. સાચવીને તે ઓરડી પાસે ગયો.

ઓરડીમાંથી કાંઈ અવાજ આવતો ન હતો. હિમ્મત કરીને તે બંધ દરવાજા પાસે આવ્યો. તિરાડમાંથી તેણે અંદર જોયું. કોઈ દેખાયું નહિ. દરવાજાને ધક્કો મારતા તે ખુલી ગયો. તે ઓરડીમાં દાખલ થયો. અંદર કોઈ ન હતું. એક ખૂણામાં માટીનો ચૂલો હતો. તેના પર એક માટીની હાંડી પડેલી હતી. હાંડી પર એલ્યુમિનિયમનું છીબુ ઢાંકેલું હતું. તેની બાજુમાં એક માટીની કલાડી પડી હતી. તેના પર પિત્તળની થાળી ઢાંકેલી હતી.

બીજા એક ખૂણામાં નીચે એક મોટી માટલી પડી હતી. તેના પર તાંસળુ ઢાંકેલું હતું. તાંસળા પર પિત્તળનું પવાલું ઊંધું પાડેલું હતું. પાર્થને ભૂખ લાગી હતી. કાલે બપોરે બ્રેડ-બટર ખાધા પછી કશું જ ખાધું ન હતું. પાર્થે હાંડી ખોલીને જોયું તો તેમાં લીલા વાંસનું શાક હતું. પાર્થે કલાડી પરથી પિત્તળની થાળી ઉઠાવી, કલાડીમાં નાગલીના રોટલા હતાં. ખાવાનું જોઇને પરાગથી રહેવાયું નહિ. તેણે નાગલીનો રોટલો અડધો કરીને તેના પર ચમચાથી થોડુંક વાંસનું શાક મુક્યું અને ઉભા પગે ત્યાંજ બેસીને ખાવા લાગ્યો.

મહેસાણામાં તેણે ઘણીવાર બાજરીનો રોટલો અને રીંગણ-મેથીનું શાક ખાધું હતું. પણ આ નવી જાતનું શાક અને રોટલો તે પહેલીવાર ખાતો હતો. પરાગને તો શાક અને રોટલો શેના બનેલાં હતાં તેની જ ખબર ન હતી. અડધા રોટલામાં જ તેનું પેટ ભરાઈ ગયું. તેણે બધું હતું તેમ ઢાંકીને મૂકી દીધું અને માટલામાંથી પાણી ભરીને પીધું. ખાધા પછી તેના શરીરમાં જોર આવ્યું હોય તેવું લાગતું હતું. હજુ તેનાં કપડાં ભીનાં હતાં તેના લીધે તેને ઠંડી લાગતી હતી. ઉપરનું ટી શર્ટ તો સુકાઈ ગયું હતું પણ જીન્સનું પેન્ટ સુકાયું ન હતું.

પાર્થે આજુબાજુ નજર દોડાવી. દીવાલ પાસે એક લાકડાનું કબાટ પડ્યું હતું. પાર્થે તે ખોલ્યું. અંદર કપડાં હતાં. પાર્થે બધું ફેંદી કાઢ્યું પણ પેન્ટ કે ચડ્ડી મળ્યાં નહિ. તેના માપનો એક નાનકડો ચણિયો હતો. થોડોક વિચાર કરીને પાર્થે જીન્સના પેન્ટના બદલે ચણિયો પહેરી લીધો. કોરા ચણીયાના લીધે તેને થોડું સારું લાગ્યું. ઓઢણી જેવું એક લાલ કપડું તેણે માથે ઓઢી લીધું. લાલ-પીળો ચણિયો અને લાલ રંગની ઓઢણી પહેરીને પાર્થ ઓરડીમાંથી બહાર આવ્યો. સારું થયું કે તે સમયે ત્યાં અરીસો ન હતો. જો તેણે આ વેશમાં પોતાને અરીસામાં જોયો હોત, તો હસી હસીને તે ગાંડો થઈ ગયો હોત.

ઓરડીમાંથી બહાર નીકળીને તે મનોમન બબડ્યો. 'સારું થજો આ ઓરડીવાળનું. હે ઓરડીવાળા ભઈ, બેન મને માફ કરજો. મેં તમને પૂછ્યા વિના તમારું ખાવાનું ખાધું અને ચણિયો-ઓઢણી લીધાં.' અને આવ્યો તો તે રસ્તેથી, પાર્થ પાછો વાડીમાં આવી ગયો.

&&&

ઇન્સ્પેક્ટર પરમાર અને રાઠોડ તેમના કાફલા સાથે મોડી રાત્રે મહાલ કેમ્પ સાઈટ આવી ગયાં હતાં. પરમારની અને તેના પોલીસોની રહેવાની વ્યવસ્થા કેમ્પમાં ગોઠવીને, રાઠોડ તેના ઘરે ચાલ્યા ગયાં હતાં. રાત્રે મોડે સુધી પરમારને ઊંઘ આવી ન હતી.

'સમજાતું નથી કે ત્રણ બાળકો એકાએક ક્યાં ગુમ થઇ ગયાં હશે? જંગલમાંથી તેમના કોઈ સગડ મળતાં ન હતાં. તે લોકોને કોઈ જાનવરે ફાડી ખાધા હોય તેવું પણ ન હતું, નહિતર તેમની ખવાયેલી લાશ કે હાડકાં પણ મળી આવત.'

'ડોક્ટર કામથની લેબોરેટરી પાસે જંગલની કેડી પરથી શ્રીયાનો મોબાઈલ મળ્યો હતો. એનો અર્થ એ કે છોકરાઓ ત્યાં સુધી તો આવ્યાં જ હશે. અને જો એટલે સુધી આવ્યાં હોય, તો તેમને લેબોરેટરીનું મકાન દેખાયું હોવું જોઈએ. તો પછી ડોકટર કામથ કેમ ના પાડતા હતા? તેમનો ચોકીદાર કહેતો હતો કે ભૂતની સાથે ત્રણ બાળકો હતાં. તો શું એ બાળકો આ ત્રણ તો નહિ હોય? તો પછી એ ભૂત કોને કહેતો હશે? કદાચ આ ત્રણ બાળકોને લેબોરેટરી સુધી મૂકવા કોઇ આદિવાસી માણસ સાથે આવ્યો હોય અને તેને ચોકીદાર ભૂત સમજી બેઠો હોય?'

'તો પછી આ કામથ કેમ જુઠું બોલતો હતો? નક્કી આ બાળકો તેમની લેબોરેટરીમાં હોવાં જોઈએ. તે સમયે લેબોરેટરીની જડતી લીધી હોત તો ખબર પડી જાત. પેલો ચોકીદાર ખોટું તો ના બોલે. મારે એ કામથની ઇન્ક્વાયરી કરવી પડશે.' આ બધું વિચારતા, અડધી રાત સુધી પરમાર પાસાં ઘસતાં રહ્યાં. છેવટે બીજા દિવસે કામથની લેબોરેટરીની જડતી લેવાનું નક્કી કર્યું ત્યારે ઊંઘ આવી.

&&&

રાઠોડની પણ ઊંઘ હરામ થઇ ગઈ હતી. સાત વર્ષની નોકરીમાં આવું કોઈ દિવસ બન્યું ન હતું. અડધું જંગલ શોધી કાઢ્યું તોયે છોકરાંઓ મળ્યા નહિ. 'દીપડો લઇ ગયો હોય એ પણ શક્ય નથી. ત્રણ જણાને એક સાથે દીપડો ઉપાડી જઈ શકે નહિ. તો પછી તેમને કોઈ ગુંડાઓ ઉઠાવી ગયાં હશે? કે પછી મા-બાપના ત્રાસથી કે ભણવું ન ગમતું હોવાથી ભાગી ગયા હશે? એવું હોય તોયે કોઈ જંગલમાં શું કામ ભાગે? ભાગવું હોય તો શહેરમાં જ ના ભાગે?'

'તો પછી બીજું શું હશે? તેમને કોઈ ઉપાડી ગયું હોય એવું બને. કોણ ઉપાડી જાય? હમણાં હમણાં બાળકો ગુમ થવાના કિસ્સા અવારનવાર બને છે. બની શકે કે કોઈ ગેંગ બાળકોને ઉપાડી જતી હોય. જોકે અહીં જંગલમાં આવી કોઈ ગેંગ હોય તે શક્ય નથી. તો શું થયું હશે? તેમને જંગલ ગળી ગયું હશે? કશું સમજાતું નથી. જે હોય તે, કાલે સવારે પરમાર સાહેબ કહે તેમ કરીશું, બીજું શું!' વિચારતાં રાઠોડે જોરથી આંખો બંધ કરીને ઊંઘવા પ્રયત્ન કર્યો. મગજ શાંત થઇ જતાં થોડીવારમાં તે ઘસઘસાટ ઊંઘવા લાગ્યા.

&&&

મોબાઈલની રીંગ વાગવાથી રાઠોડની ઊંઘ ઉડી ગઈ. તેમણે જોયું તો ઇન્સ્પેકટર પરમારનો કોલ હતો.

'હેલો...ગુડ મોર્નિંગ સર...!'

'મોર્નિંગ મોર્નિંગ...એ ગુડ છે કે બેડ એની તો ખબર નહિ પણ સવાર થઇ ગઈ છે અને આપણે ધંધે લાગવાનું છે.'

'યસ સર...તમારો કોલ આવ્યો ત્યારે તો હું ઉઠ્યો. રાત્રે મોડે સુધી ઊંઘ આવી નહોતી.'

'મારે પણ એવું જ હતું. તો તૈયાર થઈને આવો.'

'ઓકે સર, અડધો પોણો કલાકમાં આવું છું.'

'સારું...ચા નાસ્તો સાથે કરીશું. અને હા, પેલા બાળકોના મમ્મી-પપ્પાને બોલાવતા નહિ. એમને આરામ કરવા દેજો.' પરમારની ઈચ્છા તેમને સાથે લઇ જવાની ન હતી.

'શ્યોર સર...હું થોડીવારમાં આવું.'

'ઓકે...' કહેતાં પરમારે ફોન કટ કર્યો.

રાઠોડ તૈયાર થઈને કેમ્પ પર પહોંચ્યા ત્યારે સવારના નવ વાગી ગયાં હતાં. ડ્યુટી બદલાઈ હોય તેમ, રાતનાં કાળાં વાદળોની જગા સફેદ વાદળોએ લઇ લીધી હતી. વરસાદ બંધ થઇ ગયો હતો. સવાર ખુશનુમા હતી. પરમાર સાહેબે ચા-નાસ્તો કરતાં કરતાં રાઠોડને તેમની સ્ટ્રેટેજી સમજાવી. એક ટુકડીને પોલીસ કોન્સ્ટેબલ સાથે જંગલમાં રવાના કરવી અને બીજી ટુકડી સાથે પરમાર અને રાઠોડે ડોક્ટર કામથની લેબોરેટરીમાં જવું. જેથી એક સાથે બે તરફ તપાસ થઇ શકે.

સૌરભ અને યામિનીને રાઠોડે સમજાવીને અહીં કેમ્પમાં રહેવા માટે કહ્યું હતું. શરૂઆતમાં તો બંનેએ તેમની સાથે આવવાની જીદ કરી પણ પછી માની ગયાં હતાં. પરમાર અને રાઠોડ કામથની લેબોરેટરી પર જવા નીકળ્યા ત્યારે અગિયાર વાગવા આવ્યા હતાં.

$$$$

પ્રકરણ-૧૪
બાળકોની શોધમાં

મહાલ કેમ્પ સાઈટમાં સૌરભ અને યામિની એકલાં પડ્યાં. બાળકો ગુમ થયાને આજે બે દિવસ થઇ ગયાં હતાં, તો પણ હજુ તેમનો પત્તો મળ્યો ન હતો. હવે શું કરવું તેની પણ સૂઝ પડતી ન હતી. ઇન્સ્પેકટર પરમાર અને ફોરેસ્ટ ઓફિસર રાઠોડ તેમને શોધવાની મહેનત કરતાં હતાં, એટલું સારું હતું.

‘મને લાગે છે કે આપણે પાર્થ અને ઝકીયાના ઘરે જણાવી દેવું જોઈએ.’ સૌરભે કહ્યું.

‘હા, હવે તો જણાવવું જ પડશે. મને હતું કે એકાદ દિવસમાં મળી જશે પણ..’ યામિની આગળ વાક્ય પૂરું ન કરી શકી.

‘તું ચિંતા ના કરીશ. જે થયું તે એક અકસ્માત હતો, તેમાં આપણે શું કરી શકીએ? હું તેમને કોલ કરું છું.’ કહેતાં સૌરભે પરાગના પપ્પાને કોલ જોડ્યો.

‘હેલો..પ્રફુલભાઈ કેમ છો?’

‘હું તો મઝામાં છું, તમે બધાં કેમ છો? છોકરાઓ શું કરે છે? પાર્થને તો તમારે ત્યાં મજા પડી ગઈ છે. અમદાવાદ આવે એટલે પાછા આવવાનું નામ નથી દેતો.’ પાર્થના પપ્પા ઉત્સાહથી કહેવા લાગ્યા. વચ્ચેથી તેમની વાત કાપતાં સૌરભે કહ્યું.

‘મારે તમને એક વાત કહેવી છે. અમે અહીં પહોંચ્યા તે દિવસે સાંજે શ્રીયા, ઝકીયા અને પાર્થ અહીં નજીકમાં ફોલ જોવા ગયાં હતાં.’ તે પછી સૌરભે તેમને માંડીને આખી વાત કહી. થોડીવાર સુધી તો પ્રફુલભાઈ આ સાંભળીને ડઘાઈ ગયાં. તેઓ આગળ વાત ન કરી શક્યાં. તેમણે તેમની પત્નીને ફોન પકડાવી દીધો. સૌરભે પણ યામિનીને મોબાઈલ પકડાવી દીધો. યામીનીએ પાર્થની મમ્મીને બધી વાત કરી. અને આશ્વાસન આપતાં કહ્યું.

‘તમે ચિંતા ના કરો ભાભી, આજ સાંજ સુધીમાં તો પોલીસ તેમને શોધી કાઢશે.’

બાળકો ખોવાઈ ગયાની જાણ થતાં પ્રફુલભાઈને ધ્રાસકો પડ્યો હતો. તેમણે ડાંગ આવવાની તૈયારી બતાવી પણ યામીનીએ તેમને સમજાવીને આવવાની ના પાડી. થોડીવાર પછી સૌરભે ઝકીયાના પપ્પા ગફુરભાઈને કોલ કર્યો.

‘બોલો સૌરભભાઈ....કેમ છો? સોરી યાર કામમાં હતો એટલે તમને કોલ ના કરી શક્યો.’

‘ઇટ્સ ઓકે, ગફુરભાઈ તમને એક વાત કહેવાની છે?’

‘શું થયું? ઝકીયા તમને ગાંઠતી નહિ હોય. એ બહુ તોફાની છે. એને મોબાઈલ આપોને! હું એને ખખડાવીશ એટલે એ સીધી થઇ જશે.’

‘અરે ના ના ગફુરભાઈ, એવું નથી. વાત એવી છે કે....’ સૌરભે વિસ્તારથી બાળકો ગુમ થયાની આખી વાત કહી અને એ પણ જણાવ્યું, કે પોલીસ તેમને શોધી રહી છે અને જલદી તે મળી જશે. આખી વાત સાંભળ્યા પછી ગફુરભાઈ બોલ્યા.

‘અરે યાર...તમે હોવ પછી મને શેની ચિંતા હોય? અને આ ત્રણે છોકરાઓ હિમ્મતવાળાં છે. મને ઝકીયાની જરાયે ચિંતા નથી. મારું કંઈ કામ હોય તો કહો. ત્યાં મારી જરૂર હોય તો આવી જાઉં. ઝકીયાની અમ્મી જરા ઢીલી છે પણ એને હું સમજાવી દઈશ.’ ગફુરભાઈની વાત સાંભળીને સૌરભને શાંતિ થઇ. આટલું બન્યા પછી પણ તેઓ સ્વસ્થતાથી વાત કરતાં હતાં, તે સાંભળીને સૌરભની હિમ્મત પણ વધી ગઈ. તેમણે યામિનીને બધી વાત કરતાં કહ્યું.

‘કહેવું પડે, ગફુરભાઈ મરદ માણસ છે. એતો સામેથી મને હિમ્મત રાખવાનું કહેતાં હતાં. જો યામિની હવે આપણે પણ જરા કાઠા થઇ જવું પડશે. આપણે બધાં પ્રયત્નો તો કરી રહ્યાં છીએને! સૌ સારાં વાના થશે.’ યામિની પણ સૌરભની વાત સમજી ગયાં હતાં.

&&&

ઇન્સ્પેક્ટર પરમારે કામથ લેબોરેટરીના દરવાજા પાસે આવીને તેમની જીપ ઊભી રાખી. અવાજ સાંભળીને ધોનુએ ઝડપથી દરવાજો ખોલી નાખ્યો, ને સલામ કરતો ઊભો રહ્યો. ધોનુ સામે હસીને પરમારે જીપ કમ્પાઉન્ડમાં લીધી. જીપ એકબાજુ પાર્ક કરીને રાઠોડ અને પરમાર તેમના બે માણસોને લઈને લેબોરેટરીમાં દાખલ થયાં. નીચે જ તેમને ચંપા મળી. તે બધાને નીચે બેસાડીને કામથને ખબર આપવા ઉપર દોડી ગઈ. થોડીજ વારમાં કામથ નીચે આવ્યાં. તેમના ચહેરા પર આશ્ચર્ય રમતું હતું.

'અરે તમે..? બોલો બોલો સાહેબો, ફરીથી કેમ આવવું પડ્યું?'

'શું કરીએ કામથ સાહેબ, અમારે તમારી જેમ લેબોરેટરી સાચવીને તો બેસી રહેવાનું નથી. અમારી તો ડ્યુટી જ રખડપટ્ટીની છે.' પરમારે આજુબાજુ નજર ફેરવતાં કહ્યું.

'હા, એતો છે જ.' બનાવટી હસતાં કામથ બોલ્યાં.

'કામથ સાહેબ અમારે તમારી લેબોરેટરી જોવી છે.' રાઠોડે ઊભા થતાં કહ્યું.

'અરે સાહેબ, એમાં કંઈ જોવા જેવું નથી. પેલાં બાળકો મળ્યાં કે નહિ?'

'એમને શોધવા તો આવ્યાં છીએ.' પરમારના જવાબથી કામથના ચહેરાનો રંગ ઉડી ગયો.

'ચાલો હવે, તમારી લેબ તો બતાવો?' પરમારે કામથના ખભે હાથ મુકતાં કહ્યું.

'હા હા, ચોક્કસ..ચંપા... ઉપરથી વિજય અને વલ્લરીને બોલાવી લાવ. શું લેશો સાહેબો? ચા-નાસ્તો કે જમવાનું બનાવડાવું?'

'પહેલાં લેબ જોઈ લઈએ પછી નક્કી કરીશું.' રાઠોડ નીચેના હોલમાં નજર ફેરવતાં બોલ્યાં.

બે મીનીટમાં વલ્લરી અને વિજય આવી ગયાં. જીન્સનું પેન્ટ અને ટીશર્ટમાં વલ્લરી સુંદર લાગતી હતી. વિજય હજુપણ નાઈટ ડ્રેસમાં હતો. કદાચ તે ઊંઘતો હશે.

'વિજય, તમે સાહેબોને આપણી લેબોરેટરી બતાવો.'

'યસ સર..' કહેતો વિજય આગળ ચાલવા લાગ્યો. કામથે વલ્લરીને સાથે જવા ઈશારો કર્યો. તે પણ પાછળ ચાલવા લાગી. બધા નીચે ગયાં પછી કામથે તેમનો મોબાઈલ કાઢીને એક નંબર જોડ્યો અને દૂર જઈને ધીમેથી વાત કરવા લાગ્યાં.

'હેલો..કલ્લુ, શું થયું પેલા છોકરાનું?.......હજુ નથી મળ્યો..? તમે લોકો કરોછો શું?........હવે સાંભળ અહીં તપાસ માટે પોલીસ આવી છે............એ બધું પછી, પણ એક કામ આજે જ પતાવવાનું છે.............પેલી બે છોકરીઓને જીવતી રાખવામાં જોખમ છે.................શું કરીએ? પરિસ્થિતિ જ ખરાબ છે.................ઓકે.......વેરી ગુડ................રકમ મળી જશે..........પણ એ બધું એવી રીતે પાર પાડજે કે નેચરલ એકસીડન્ટ લાગે..................મને તારા પર વિશ્વાસ છે.........................ઓકે.............અરે હા, સાંભળ...............હમણાં આ લોકો જાય, પછી હું વિજય સાથે ઈન્જેકશન મોકલી આપું છું.................એ ઇન્જેક્શન પેલાને આપવાનું છે..................નહિતર પાછો એ તોફાને ચડશે........................સારું...મુકું છું.' કલ્લુને જરૂરી સૂચનાઓ આપીને કામથ નિશ્ચિંત થઇ ગયાં.

'લેબોરેટરી કેમ ખાલી છે?' લેબમાંથી ઉપર આવતાં પરમારે કામથને પૂછ્યું.

'હું તો તમને પહેલેથી કહેતો'તો.'

'મારો કહેવાનો મતલબ એ હતો કે એમાં કોઈ કામ નથી કરતુ?'

'એતો એવો કોઈ પ્રોજેક્ટ ચાલતો હોય ત્યારે અમે બધાં એમાં કામ કરીએ. હમણાં એવો કોઈ પ્રોજેક્ટ નથી.'

'અચ્છા...એમ વાત છે? ઉપર શું છે?' રાઠોડે સીડી તરફ ઈશારો કરતાં પૂછ્યું.

'ઉપર તો અમારા માટે રહેવાની રૂમો છે.'
'હું જરા જોઈ આવું.' કહેતાં રાઠોડે એક માણસને ઇશારાથી તેની સાથે આવવા કહ્યું. પેલા માણસની પાછળ વિજય પણ ઉપર ગયો.
ઉપર-નીચે, કમ્પાઉન્ડમાં, કિચનમાં, ઓફિસમાં બધેજ ઝીણવટથી તપાસ કરવા છતાં કશું શંકાસ્પદ દેખાયું નહિ. રાઠોડ અને પરમાર નિરાશ થઇ ગયાં. કામથે તેમને આગ્રહ કરીને ચા પીવડાવી.
'તમારી જગા સરસ છે કામથ સાહેબ.' ઊભા થતાં પરમારે કહ્યું. જવાબમાં કામથ હસવા લાગ્યાં.
'બાય ધ વે, પેલાં છોકરાઓની ખબર મળે તો અમને જાણ કરજો.'
'યસ સર, એમાં કહેવું ના પડે.' કામથે મસ્કો મારતાં કહ્યું. આ લોકો જલદી અહીંથી જાય તેમ તે ઈચ્છતા હતાં.
દરવાજામાંથી જીપ બહાર કાઢતાં ફરીથી ધોનુએ સલામ કરી. એક ક્ષણ માટે ધોનુને પૂછવાનો વિચાર પરમારને આવી ગયો પણ પછી 'જવા દે' વિચારીને જીપ જંગલ તરફ મારી મૂકી. જેવી જીપ દેખાતી બંધ થઇ કે તરત જ કામથ ઉપર જવા પગથિયાં ચઢવા લાગ્યા. વલ્લરી અને વિજયને તેમના રૂમમાં આવવાનો ઈશારો કર્યો. બંને તેમની પાછળ ઉપર આવ્યા.
'આ પરમાર આપણી પાછળ પડી ગયો છે. સારું થયું કે કાલે પેલા લોકોને લેબોરેટરીમાં ન લાવ્યાં.' કામથે ખુરશીમાં બેસતાં કહ્યું.
'હા હોં, નહિતર આપણે પકડાઈ જાત.' વિજય બોલ્યો.
'સાંભળ વલ્લરી, એક ઇન્જેક્શન તૈયાર કરીને આ વિજયને આપ...'
'મને ઇન્જેક્શન..? કેમ..મને કંઈ નથી થયું.' વિજય ગભરાઈ ગયો.
'યુ સ્ટુપીડ...તને એટલે..તારે એ ઇન્જેક્શન કલ્લુને પહોંચાડવાનું છે, એમ કહેવા માગું છું.'
'અચ્છા..એમ વાત છે? તો વાંધો નહિ.' વિજયે વલ્લરી સામે જોતાં કહ્યું. વલ્લરી મ્હો પર હાથ રાખીને તેની મુર્ખામી પર હસતી હતી.
'હમણાં કલાકમાં જ તું નીકળ, એ ઇન્જેક્શન જેમ બને તેમ જલદી કલ્લુને પહોંચાડવાનું છે. પુરણેશ્વર મહાદેવમાં કલ્લુનો માણસ છે. એને તારે ઇન્જેક્શન આપીને પાછા આવતું રહેવાનું છે. સમજ્યો?'
'યસ સર સમજી ગયો. લંચ લઈને હું નીકળું. ગાડીમાં જઈને આવતાં કેટલીવાર?'
'વિજય...તારે ગાડી લઈને નથી જવાનું. બાઈક લઈને જજે.'
'ઓકે...પણ...સારું..બાઈક લઈને જઈશ.' કામથની સામે દલીલ કરવાની તેની હિમ્મત ચાલી નહિ.

&&&

ઓરડીની બારીના વેન્ટીલેટરમાંથી ચળાઈને, તડકો સીધો શ્રીયા અને ઝકીયા પર પડતો હતો. બંને જણ હુંફાળા તડકામાં ઊંઘતાં હતાં. તડકો પડવાને લીધે તેમનાં કપડાં હવે સુકાઈ ગયાં હતાં. તેમની સામેના પલંગ પર બાંધેલો લીલીયો પણ જાણેકે ઘસઘસાટ ઊંઘતો હતો. થોડીવારે કિચુડ.. અવાજ સાથે બારણું ખુલ્યું. શ્રીયાની આંખ ખુલી ગઈ. બારણામાંથી આવતા પ્રકાશની વચ્ચે ઊભેલા માણસનો પડછાયો રૂમમાં પડતો હતો. તે ચાલતો ચાલતો અંદર આવ્યો. તેની પાછળ બીજો માણસ પ્રવેશ્યો.
'એય પોયરીઓ...લો ચા-નાસ્તો કરીલો.' પિત્તળના લોટામાં ચા, બે ખાલી કપ અને બિસ્કીટનું પેકેટ શ્રીયાની સામે બાંકડાપર મુકતાં તે માણસ બોલ્યો. તેમના પહેરવેશ પરથી તેઓ આદિવાસી હોય તેવું લાગતું હતું. તેમના ચહેરાના ભાવ શૂન્ય હતાં. જાણેકે રોબોટ જોઈ

લ્યો. અવાજથી ઝકીયા પણ જાગી ગઈ. તેણે માથું હલાવીને હાથ-મ્હો ખોલવા ઈશારો કર્યો. એક માણસે બંનેના મ્હો અને હાથ ખોલી નાખ્યાં. શ્રીયાએ ઊંડો શ્વાસ લીધો. ઝાકીયાએ બંને હાથ ઊંચા કરીને આળસ મરડી. શ્રીયાએ પણ હાથ ઊંચા-નીચા કર્યા. કાલ રાતના બંધાયેલા હોવાથી તેમના હાથ-પગ અકડાઈ ગયાં હતાં.

બંનેને ભૂખ લાગી હતી. શ્રીયાએ લોટામાંથી કપમાં ચા રેડી. ઝકીયાએ બિસ્કીટનું પેકેટ ખોલ્યું. બધું ભૂલીને બંને ચા-નાસ્તો કરવા લાગ્યાં. ચા-નાસ્તો પતી ગયાં પછી એક માણસ ઝકીયાના હાથ બાંધવા આવ્યો. શ્રીયા ટચલી આંગળી ઉંચી કરતાં બોલી.

'અમારે બાથરૂમ જવું છે.' ઝકીયાએ પણ હકારમાં ડોકું હલાવ્યું.

પેલો માણસ બીજા તરફ જોઈ રહ્યો. બીજા માણસે ઇશારાથી હા કહી. પેલા માણસે ઝકીયાના પગેથી દોરડું છોડતાં કહ્યું.

'એક પોયરીને લઇ જહું. બારે જવું પડહે.' કહેતો તે આગળ થયો.

ઝકીયા તેની પાછળ ચાલી. જતાં જતાં તે શ્રીયા સામે જોઇને હસી. શ્રીયા પણ હસી પડી. શ્રીયાની પાસે બીજો માણસ ઊભો રહ્યો હતો. તેના હાથમાં ધારિયું હતું. તે વિચિત્ર નજરે લીલીયાને જોઈ રહ્યો હતો. શ્રીયા વિચારવા લાગી. 'અત્યારે લીલીયો જાગે તો કેવું સારું! ભાગવાનો મોકો મળી જાય. બહાર બીજા કોઈ માણસો હોય તેમ લાગતું નથી. હોય તોયે શું? લીલીયો બધાંને પહોંચી વળે તેવો છે. પાર્થીયો ક્યાં ભાગી ગયો હશે? જો તેને કોઈની મદદ મળી હશે, તો તે મમ્મી-પપ્પા પાસે પહોંચી જશે. એવું થયું હોય તો સારું.' શ્રીયાના વિચારો આગળ ચાલે તે પહેલાં તો પેલો માણસ ઝકીયાને લઈને પાછો આવી ગયો.

'બાપરે...એટલું ગંદુ ટોઇલેટ હતુંને...' વિચિત્ર મ્હો કરીને ઝકીયા બોલી.

'જેવું હોય તેવું....મારે પણ જવું તો પડશે જ.' કહેતાં શ્રીયા ઊભી થઇ. પેલો માણસ શ્રીયાને બહાર લઇ ગયો. બીજા માણસે ઝકીયાના હાથ-પગ બાંધી દીધાં. ઝકીયા લીલીયાને દયામણી નજરે જોઈ રહી. તે ટૂંટિયુંવાળીને પડ્યો હતો. થોડીવારે શ્રીયા પણ આવી ગઈ. તેના હાથ-પગ પણ બાંધી દીધાં. પેલા માણસો દરવાજો બધ કરીને ચાલ્યા ગયાં. ફરી પાછાં બંને જેલ અવસ્થામાં બાંકડા પર બેસીને લીલીયાની મદદની રાહ જોવા લાગ્યાં.

ઓરડીની પાછળ છુપાઈને બેઠેલા પાર્થે બે માણસોને ઓરડીમાં જતાં જોયાં. તે તેમની પાછળ પાછળ ઓરડીના દરવાજા પાસે આવ્યો. ઓરડીના દરવાજા પાછળ સંતાઈને તે બધું જોવા લાગ્યો. લીલીયો હજુ જાગ્યો ન હતો, તે પણ તેણે જોયું. છેલ્લે પેલાં માણસોએ બહાર નીકળતી વખતે શ્રીયા અને ઝકીયાના હાથ-પગ બાંધ્યા હતા. તેમનું મ્હો ખુલ્લું રાખ્યું. કદાચ એ લોકો મ્હો બાંધવાનું ભૂલી ગયાં હશે.

'આ બે જણા આઘાપાછા થાય ત્યારે બધાંને સોડાવી લઇસ. લીલીયો હજુ બેભાન સઅ. એને ભાનમાં લાવવો પડસે. એકવાર લીલીયો જાગી ગ્યો, તો બેડો પાર સમજો. સાંજ સુધીમાં તો મોકો મલવો જોઈએ.' એક ઝાડ પાછળ છુપાઈને બેઠેલાં પાર્થના મનમાં વિચારો વીજળીવેગે દોડતાં હતાં.

$$$$

પ્રકરણ-૧૫
પાર્થની મુંજવણ

શ્રીયા અને ઝકીયાને પાર્થે જોઈ હતી. બંનેને સાજી સારી જોઇને પરાગને હાશ થઇ હતી. ઓરડીની બહાર આવેલાં ટોઇલેટમાં બંનેને વારાફરતી લાવ્યા ત્યારે પરાગે દૂર ઝાડ પાછળ સંતાઈને બંનેને જોઈ હતી. તેમનું ધ્યાન ખેંચવા માટે પાર્થે હાથ ઉંચો કરીને હલાવ્યો હતો પણ કોઈએ તેની તરફ જોયું ન હતું. એકાદવાર શ્રીયાની નજર તેના તરફ પડી હતી પણ તે પાર્થને ઓળખી શકી ન હતી. તેનું કારણ એ હતું કે પરાગે છોકરીનાં કપડાં પહેર્યા હતાં. તે વાત પાર્થને પાછળથી સમજાઈ હતી. તે સમયે જો પાર્થે બુમ પાડી હોત, તો શ્રીયા તેનો અવાજ ઓળખી જાત પણ બુમ પાડવામાં પકડાઈ જવાનો ડર હતો.

વાડીમાં આમતેમ આંટા મારીને પરાગ કંટાળ્યો હતો. પેલાં બે જણ ઝાડ નીચે ખાટલામાં બેસીને વાતો કરતાં બીડીઓ પીતાં હતાં. તેમની નજર ચૂકાવીને દરવાજે જવું મુશ્કેલ હતું. માનો કે નજર ચૂકાવીને દરવાજા પાસે પહોંચી જવાય, તો પણ દરવાજા પર તાળું મારેલું હતું.

પાર્થ પેલા બે જણથી ખાસો દૂર પાછળની બાજુએ વડના ઝાડ નીચે બેઠો હતો. તેણે પહેરેલો ચણિયો હવે તેને ફાવી ગયો હતો. જીન્સના પેન્ટ કરતાં ચણિયો તેને વધારે કમ્ફર્ટેબલ લાગતો હતો. શ્રીયા, ઝકીયા અને લીલીયાને કેવી રીતે છોડાવવા તેના વિચારોમાં તે ખોવાઈ ગયો હતો.

પેલાં બે માણસોએ શ્રીયા અને ઝકીયાને ચા-નાસ્તો કરાવ્યો હતો, તેથી બંનેને હવે સારું લાગતું હતું. તેમના મ્હો પર કપડું બાંધેલું નહિ હોવાથી બંને વાતો પણ કરી શકતાં હતાં. બંધાયેલાં અને ઓરડીમાં પુરાયેલા હોવા છતાં બંને નચીંત બનીને વાતો કરતાં બેઠાં હતાં.

'ઝકીયા આ લોકો કોણ હશે?'

'કોણ તે ગુંડાઓ. બીજું કોણ હોય.'

'એતો મનેય ખબર છે. કાલે રાત્રે આપણે ઝાડ નીચે સુતાં હતાં, ત્યારે આ લોકોએ આપણને ઊંઘતાં ઝડપી લીધા હતાં. જો આપણે જાગતાં હોત તો ક્યારનાએ ભાગી નીકળ્યાં હોત.'

'હા, શ્રીયા પણ શું થાય? આપણે તો આ લીલીયા પર ભરોસો મુકીને સુઈ ગયા હતાં. આપણને શી ખબર કે લીલીયો પણ નહી જાગે!'

'પણ આ લીલીયો ઉઠ્યો કેમ નહિ હોય?'

'તે રાત્રે લીલીયો મહુડાના ઝાડપર ચઢીને મહુડાનાં ફૂલ અને પત્તાં ખાઈ ગયો હતો, તેના લીધે તેને ઘેન ચડ્યું હશે. મારાં પપ્પા એકવાર કહેતાં હતાં કે મહુડાના ફૂલમાંથી દેશી દારુ બને છે. કદાચ તેમાં કોઈ આલ્કોહોલિક તત્વ હોય, જેના લીધે લીલીયાને નશો થયો હોય!'

'હા હોં ઝકીયા, તારી વાત સાચી છે. આ લીલીયાને મહુડાનો જ નશો ચડ્યો હશે.'

'જો એ હોશમાં હોત તો કોઈની તાકાત છે કે તેને કોઈ પકડી શકે!'

'પેલા દીપડાને પૂંછડી પકડીને કેવો વીંઝ્યો હતો?'

'બિચારો દીપડો ઊભી પુંછડીએ ભાગ્યો હતો.' કહેતી ઝકીયા ખખડીને હસવા લાગી. શ્રીયા પણ હસવા લાગી. આવી ગંભીર પરિસ્થતિમાં પણ બંને મુક્ત મને હસતાં હતાં.

'જોને બિચારો કેવો માંદાની જેમ પડ્યો છે?'

'એક તો મહુડાનો નશો ચડ્યો'તો તેમાં પેલા ગુંડાએ તેને ઇન્જેક્શન ઠોકી દીધું.'

'એટલા માટે જ એ હજુ હોશમાં નથી આવ્યો. પણ ગમે ત્યારે એ હોશમાં આવશે તું જોજે.'

'મને પણ એમજ લાગે છે. પાર્થીયો જો મમ્મી-પપ્પા પાસે પહોંચી ગયો હોય તો સારું.'

'હા, એ બહાર છે એટલે કંઇક કરશે ખરો. પોલીસ પાસે જાય તોયે સારું.'

'પણ એ થોડો ડરપોક છે. પેલા દિવસે પણ કેવું કરતો હતો?'

'હા, પણ હવે તો એ લીલીયાનો દોસ્ત બની ગયો છે, એટલે એના દોસ્ત માટે કંઇક તો કરશે.'
'મને પણ એવું લાગે છે. ઝકીયા તને તરસ લાગી છે?'
'હા, પણ આપણને કોણ પાણી પીવડાવશે?' કહેતી ઝકીયાએ નિસાસો નાખ્યો. શ્રીયા પણ નિરાશ થઈને બેસી રહી. ઊંડે ઊંડે બંનેના મનમાં આશા હતી કે પાર્થ તેમને છોડાવશે.

&&&

પેલા માણસોના અવાજથી પાર્થ સતર્ક થઇ ગયો. ઊભા થઈને તેણે જોયું તો બે માણસો થાળી અને માટલું લઈને ઓરડી બાજુ જતાં હતાં. પરાગ લપાતો છુપાતો ઓરડીની પાછળની બાજુએ પહોંચ્યો. ઓરડીની પાછળ એક બારી હતી. બારી અંદરથી બંધ હતી અને જમીનથી પાંચ ફુટ જેટલી ઉંચી પણ હતી. પાર્થ બારીની નીચે જઈને ઊભો રહ્યો. હાથ ઉંચો કરીને તેણે બારીને અડવા પ્રયત્ન કર્યો પણ તેનો હાથ પહોંચ્યો નહિ. તેણે આજુબાજુ જોયું. થોડે દુર ઓઈલનું એક નાનકડું પીપડું પડેલું હતું.

પાર્થે પીપડા પાસે જઈને જોયું તો પીપડું ખાલી હતું. ધીરે ધીરે પીપડું ખસેડીને તે બારી પાસે લઇ આવ્યો. પીપડું સરખું ગોઠવીને તે ઉપર ચઢ્યો. બહારથી બારી ખોલવાનો તેણે પ્રયત્ન કર્યો પણ તે ખુલી નહિ. 'બારી જૂની લાકડાની સઅ. જામ થઇ ગઈ લાગસઅ. કદાચ અંદરથી સ્ટોપર વાખેલી હસે. હા, ઉપર જાળિયું સઅ.' મનમાં બોલતો પાર્થ બારીના સળિયા પકડીને ઉંચો થયો. બારીના જાળીયામાંથી તેણે અંદર જોયું. ડાબીબાજુ શ્રીયા અને ઝકીયા એક બાંકડા પર બંધાયેલાં બેઠાં હતાં.

જમણી બાજુ લોખંડના એક પલંગમાં લીલીયો ગૂંચળું વાળીને પડ્યો હતો. લીલીયાને આવી હાલતમાં જોઇને પાર્થને દુઃખ થયું. વધારેવાર લટકી શકાય તેમ નહિ હોવાથી તે નીચે ઉતરી ગયો.

&&&

બાર વાગે ફરીથી ઓરડીનો દરવાજો ખુલ્યો. એક માણસ ખાવાનું લઈને આવ્યો. શ્રીયા અને ઝ્કીયાની સામે તેણે થાળી મૂકી. તેમાં નાગલીના રોટલા અને રીંગણ બટેટાનું શાક હતું. ખાવાનું જોઇને બંનેના મ્હોમાં પાણી આવી ગયું. બીજો એક માણસ પાણીનું એક માટલું અને લોટો મૂકી ગયો.

પેલાં માણસે તેના હાથમાં રહેલું ધારિયું એક બાજુ મુકીને શ્રીયા અને ઝકીયાના હાથ છોડ્યા. શ્રીયા ઊભી થઈને માટલામાંથી લોટો ભરીને પાણી પીવા લાગી. તેણે લોટો ઝકીયાને આપ્યો. ઝકીયાએ પણ પાણી પીધું. તે પછી બંનેએ એકજ ડીશમાંથી રોટલો ને શાક ખાધું. નાગલીના રોટલા તેમણે પહેલીવાર ખાધા. નાગલીને રાગી પણ કહે છે. રાગી પચવામાં હલકી હોય છે. તેમાં કેલ્શીયમ પણ વધારે હોય છે. શ્રીયાને બાજરીનો રોટલો ભાવતો ન હતો. હોટલમાં ખાવાનું હોત તો તેણે નાગલીનો રોટલો ચાખ્યો પણ ન હોત. અહીં તો છૂટકો ન હતો, વળી ભૂખ પણ કકડીને લાગી હતી.

શ્રીયા અને ઝકીયા ખાતાં હતાં ત્યારે પેલો માણસ લીલિયાની નજીક જઈને તેને જોવા લાગ્યો. લીલા રંગના આ વિચિત્ર માણસને જોઇને તેને નવાઈ લાગતી હતી. લીલીયો હજુ પણ સુષુપ્ત અવસ્થામાં હતો. શ્રીયાએ પેલાં માણસોને ટોઇલેટ લઇ જવા વિનંતી કરી. પેલો માણસ વારાફરતી તેમને ટોઇલેટ લઇ ગયો. બહાર જતાં પહેલાં પેલાં માણસે બંનેના હાથ બાંધી દીધાં. બારણાને બહારથી તાળું વાસીને તે ચાલ્યો ગયો. ફરી એકવાર શ્રીયા અને ઝકીયા ઓરડામાં કેદ થઇ ગયાં.

&&&

ઓરડી પાછળથી છુપાઈને પાર્થે જોયું, તો પેલાં બે માણસો શ્રીયા અને ઝ્કીયાને

ખાવાનું ખવડાવીને બહાર આવ્યાં. તેઓ લીમડાના ઝાડ નીચે ખાવા બેઠા. આ મોકાનો લાભ લઈને પાર્થ ફરીથી પીપડા ઉપર ચઢ્યો. જાળિયામાંથી ડોકિયું કરીને તેણે શ્રીયા અને ઝકીયાને બોલાવતાં કહ્યું,

'સી..સ....સીસીસ...શ્રીયા...ઝકીયા....' ઝકીયાએ અવાજ સાંભળીને પાછળ જોયું. તેની નજર બારીના જાળિયા પર પડી. કોઈ તેમને બોલાવી રહ્યું હતું. જાળીયામાં તેનો ચહેરો ઝાંખો-પાંખો દેખાતો હતો. ઝકીયાએ શ્રીયાને કહ્યું,

'શ્રીયા..ત્યાં જો, કોઇ આપણને બોલાવે છે.'

'શ્રીયા...હું....!!' પાર્થ બોલ્યો. શ્રીયા તેને ઓળખી ગઈ.

'અરે..આતો પાર્થીયો છે...પાર્થીયા તું અહીં ક્યાંથી?' શ્રીયા ઉત્સાહમાં મોટેથી બોલી ગઈ. ઝકીયાએ તેને ટપારતાં કહ્યું,

'ધીરે...ધીરે....કોઇ સાંભળી જશે.'

'ઓકે...સોરી...સોરી...!'

'શ્રીયા, ઝકીયા તમે ચિંતા ના કરો હું તમને સોડાવીસ.'

'પણ તું...ક્યાંથી આવ્યો?' ઝકીયાએ ધીરેથી પૂછ્યું,

'એ બધી બહુ લાંબી વાત સે. લીલીયો હજુ ભાનમાં નથી આયો?'

'ના, એને ગમેતેમ કરીને જગાડવો પડશે.' શ્રીયા ધીરે ધીરે બે પગે કુદતી કુદતી બારી તરફ સરકતાં બોલી.

'તમે એને પાણી પીવડાવો તો એ ભાનમાં આવસે.'

'પાણી...? પાણી પીવડાવવાથી થોડો ભાનમાં આવે?' ઝકીયાને સમજાતું ન હતું.

'હા..યાર, પાર્થીયો સાચું કહે છે. પેલા દિવસે આપણે એને બહુ બધું પાણી પીવડાવ્યું હતું. યાદ આવ્યું?' શ્રીયાએ ઝકીયાને લેબોરેટરીવાળી વાત યાદ કરાવી.

'હા હા....યાદ આવી ગયું. એ આઈડિયા બરાબર છે.'

'તમે એને પાણી પીવડાવો. હું થોડીવારમાં આવું સું.'

'ક્યાં જાય છે પાર્થીયા?'

'નીચે, હું લટકીને વાત કરું સું. હવે વધારે વાર નહિ લટકાય...!' કહેતો પાર્થ નીચે ઉતરી ગયો. તેના હાથની હથેળીઓ લાલ થઇ ગઈ હતી.

પીપડા પરથી નીચે ઉતરીને તેણે દીવાલની આડશે ડોકિયું કરીને પેલાં લોકોને જોયાં. તેઓ જમીને ઊભાં થયાં હતાં. એક માણસ આ બાજુ આવી રહ્યો હતો. પાર્થ ઝડપથી ઓરડીની બીજીબાજુ દોડ્યો. દીવાલ ઓથે છુપાઈને તે જોવા લાગ્યો. પેલો માણસ પાછળની બાજુ આવીને વાડ પાસે પેશાબ કરવા ઊભો રહ્યો.

પાર્થને થયું. 'આનું ધ્યાન પીપડા પર ના પડે તો સારું.'

પેશાબ કરીને તે ઓરડીની દીવાલ તરફ ફર્યો. તેની નજર પીપડા પર પડી. તે સમયે પાર્થના ધબકારા વધી ગયાં. જોકે પીપડું જોવા છતાં, તે માણસને ખબર પડી નહિ. તે પાછો ચાલ્યો ગયો. તેના ગયા પછી, પાર્થ પાછળની બાજુ આવી ગયો. તેને હાશ થઇ.

&&&

લેબોરેટરીમાંથી બાઈક લઈને વિજય નીકળ્યો ત્યારે બપોરના બે વાગી ગયાં હતાં. સવારનો વરસાદ રહી ગયો હોવાથી વાતાવરણ ખુશનુમા હતું. જંગલના રસ્તેથી બાઈક તેણે રોડ પર લીધી. દસ મીનીટમાં તો વિજય કિરણેશ્વર મહાદેવ પહોંચી ગયો. મંદિરના ચોકમાં એક હટ્ટોકટ્ટો આદિવાસી બેઠેલો હતો. બેઠો બેઠો તે બીડી પીતો હતો. વિજયને જોઇને બીડી નીચે નાખીને તે ઊભો થઇ ગયો. વિજય તેની પાસે પહોંચ્યો. પેલાએ હળવું સ્મિત આપ્યું. વિજય

તેની સામે શંકાની નજરે જોઈ રહ્યો. પેલો બોલ્યો.
'કલ્લુભાઈનો માણહ સું.' વિજય ધારીને તેને જોઈ રહ્યો. ખીસામાંથી મોબાઈલ કાઢીને કલ્લુને લગાવ્યો.
'કલ્લુભાઈ..વિજય બોલું છું. હું મંદિરમાં પહોંચી ગયો છું............ઓકે...આપી દઉં છું.......હા હા... કહી દઈશ.' વિજયે મોબાઈલ પેન્ટના ખીસામાં મુકીને પીઠ પાછળ ભરાવેલી બેગ ઉતારી અને તેમાંથી એક બોક્ષ કાઢીને પેલા માણસને આપ્યું. તે માણસ બોક્ષ લઈને મંદિરની બહાર ચાલવા લાગ્યો.
વિજય મંદિરમાં મહાદેવના દર્શન કરીને થોડીવાર ત્યાં રોકાયો. પંદર મિનીટ પછી તે પણ બાઈક લઈને લેબોરેટરી તરફ જવા નીકળી પડ્યો. વિજય જાણતો ન હતો કે તે લેબોરેટરીમાંથી નીકળ્યો ત્યારનો એક માણસ બાઈક પર તેનો પીછો કરી રહ્યો હતો. તેણે ઇન્સ્પેકટર પરમારને કોલ જોડ્યો.
'સર...ડામોર બોલું છું.'
'બોલ ડામોર શું ખબર છે?'
'સર...કામથના આસીસ્ટન્ટ વિજયનો મેં પીછો કર્યો હતો. તે માણસ પૂર્ણેશ્વર મંદિરમાં ગયો હતો. તેણે ત્યાં ગુંડા જેવા માણસને એક નાનકડું બોક્ષ આપ્યું હતું અને તે પાછો લેબોરેટરી ગયો હતો.'
'હં...એનો અર્થ એ કે આ લોકો કોઈ કાવતરું કરી રહ્યાં છે. ઠીક છે ડામોર, તું એ લોકોની હિલચાલ પર નજર રાખજે. એવું કંઈ લાગે તો મને ફોન કરજે.'
'યસ સર....જરૂર..'
ઇન્સ્પેકટર પરમારે કોન્સ્ટેબલ ડામોરને કામથ લેબોરેટરી ઉપર નજર રાખવા મુક્યો હતો. ડોક્ટર કામથ અને તેના સાથીદારો કોઈ કાવતરામાં સામેલ હોય, તેવો તેમને વહેમ પડ્યો હતો. બાળકોને ગુમ કરવામાં તેમનો હાથ હશે એવો તેમનો અંદાજ હતો. ડામોરે તેમને જે માહિતી આપી તે પરથી તેમની શંકા દ્રઢ થતી જતી હતી. પરમાર અને રાઠોડ વઘઈ ચેકપોસ્ટ પાસે આવેલા એક ગેસ્ટહાઉસમાં રોકાયા હતાં. મોબાઈલ ખીસામાં મુકીને ડામોરે પેલાં માણસની જીપ પાછળ તેનું બાઈક દબાવ્યું.
પરમાર સાથે વાત કરવામાં પેલો માણસ આગળ નીકળી ગયો હતો. જોકે ડામેરે તેને વઘઈ તરફ જતાં જોયો હતો. ડામોરે તેની બાઈકની સ્પીડ વધારી. બે કિલોમીટર આગળ ગયા પછી તેને બાઈક નજરે પડી. ડામોરે બાઈક ધીમું પાડ્યું. થોડું અંતર રાખીને તે પીછો કરતો રહ્યો. વઘઈથી તે આંબાપાડા તરફ વળ્યો. ડામોરે જોયું તો થોડે દુર આવેલા એક ફાર્મના દરવાજામાં બાઈક ઘુસી.
ડામોરે બાઈક ઉભું રાખીને પરમારને સમાચાર આપ્યા. પરમારે તેને ફાર્મની આસપાસ રોકાઈને નજર રાખવા કહ્યું. જો ડામોરે ફાર્મમાં જઈને જોયું હોત તો તેને શ્રીયા, ઝકીયા અને પાર્થ મળી ગયાં હોત. સાથે સાથે લીલીયો પણ મળ્યો હોત!

$$$$

પ્રકરણ-૧૬
કેદમાંથી છૂટવાનો પ્રયત્ન

અંદર ઓરડીમાં શ્રીયા અને ઝકીયા લીલીયાને પાણી પીવડાવવા માટે મથતાં હતાં. બંને પગે કુદકા મારીને શ્રીયા માટલા પાસે આવી. તેણે બાંધેલા હાથે લોટો પકડીને માટલીમાંથી પાણી ભરવા પ્રયત્ન કર્યો પણ પાણી ઊંડું હોવાથી ભરી શકાયું નહિ. તેણે ઝકીયા સામે જોયું.

'હાથ ખોલ્યા વિના પાણી નહિ ભરી શકાય.' ઝકીયા બોલી. તે આજુબાજુ જોવા લાગી. તે બારી પાસે પહોંચી. બારીની રફ દીવાલની ધાર સાથે દોરડું ઘસાય તો તૂટી જાય તેમ હતું. તેણે બંને હાથે જોર લગાવીને દોરડું ઘસવા માંડ્યું. થોડીવારમાં તો તેના ચહેરા પર પરસેવો બાઝી ગયો. પંદર મીનીટની મહેનતના અંતે તેના હાથ મુક્ત થઇ ગયાં. તેના હાથનું બંધન તૂટી ગયું.

ઉત્સાહમાં તે શ્રીયા તરફ દોડવા ગઈ અને ધડામ દઈને નીચે પટકાઈ. તેને ભાન ન રહ્યું કે તેના પગ બંધાયેલા છે.

'ઝકીયા....' શ્રીયાથી બુમ પડાઈ ગઈ.

ઝકીયાએ તેને ચૂપ રહેવા ઈશારો કર્યો. નીચે પડી ત્યારે તેણે બે હાથનો ટેકો લીધો હોવાથી ખાસ વાગ્યું ન હતું. બેઠાં થઈને તેણે પગે બાંધેલી દોરી છોડી નાખી. ઉભી થઈને તે શ્રીયા તરફ દોડી, ને તેને ભેટી પડી.

'પહેલાં મારા હાથ તો ખોલ..!' ઝકીયાએ ઝડપથી તેના હાથ અને પગનાં દોરડાં ખોલી નાખ્યાં. બંને જણ દોડીને લીલીયા પાસે જઈને ઊભા રહ્યાં. અચેતન લીલીયાના માથા પર શ્રીયા હાથ ફેરવતાં બોલી.

'લીલીયા...ઉઠ ઊભો થા...' ઝ્કીયાએ લીલીયાનો હાથ ખેંચતાં કહ્યું.

'લીલીયા...બહુ ઉંઘી લીધું, હવે તો જાગ....!' પણ તેમની કાક્લુદીની અસર લીલીયા પર ન થઇ.

'ઝકીયા પાણી લઇ આવ...' ઝકીયા દોડીને લોટો ભરી લાવી. શ્રીયાએ લીલીયાને સીધો સુવડાવીને તેનું મ્હો ખોલ્યું. ઝકીયાએ તેના મ્હોમાં પાણીની ધાર કરી. ધીરે ધીરે તેમણે આખું માટલું પાણી પીવડાવી દીધું. જાણે લીલીયો હમણાં જ જાગવાનો હોય તેમ, બંને જણ પલંગ પર બેઠાં બેઠાં તેના જાગવાની રાહ જોવા લાગ્યાં.

&&&

પાર્થ ઓરડી પાછળથી નીકળીને ફરીથી તેની મૂળ જગાએ જઈને ઝાડની નીચે બેસી ગયો. પેલાં બંને જણ બીડીઓ પીતાં વાતો કરતાં હતાં. ક્યાંય સુધી તેઓ વાતો કરતાં રહ્યાં. પાર્થ તેમના ઊંઘી જવાની કે આઘાપાછા થવાની રાહ જોઈ રહ્યો હતો. થોડીવારમાં એક માણસ બાઈક લઈને આવ્યો. તેણે પેલાં બે માણસોને કશીક વાત કરી અને તેમને એક બોક્ષ આપીને ચાલ્યો ગયો. તે જેવો બહાર આવ્યો કે ડામોર સાવધાન થઇ ગયો. ફરીથી તેણે પરમાર સાથે વાત કરી. પરમારે તેને ફાર્મ પર નજર રાખવા કહ્યું.

પેલા માણસે આ લોકોને એક લાંબુ નાનકડું બોક્ષ આપીને કંઇક કહ્યું હતું. તે લોકો ખાસા દૂર હોવાથી પાર્થને તેમની વાતો સંભળાઈ નહિ. તે બોક્ષમાં શું હશે તે જાણવા પાર્થ લપાતો છુપાતો તેમની નજીક સરક્યો. તે પેલાં લોકોથી દસ ફૂટ દુર એક ફૂલના છોડની પાછળ છુપાઈને ઊભો રહ્યો. પેલાં બંનેમાંથી એક જણના હાથમાં પેલું પૂંઠાનું બોક્ષ હતું. તેણે બોક્ષ ઉપર બાંધેલી દોરી છોડીને બોક્ષ ખોલી અંદરથી ઈન્જેકશન કાઢ્યું. ઈન્જેકશન જોઇને પાર્થને

આખી વાત સમજાઈ ગઈ. તે મનમાં બોલ્યો.
'અરે આતો પેલીનું ઇન્જેક્શન.....' લેબોરેટરીમાં વલ્લરીના હાથમાં તેણે આવું જ ઇન્જેક્શન જોયું હતું તે યાદ આવ્યું.
'જો આ ઇન્જેક્શન લીલીયાને આલશે તો એ ભાનમાં નઈ આવે. મારે કંઇક કરવું પડશે.' વિચારતો પાર્થ ઊભો થઇ ગયો. આ બે ગુંડાઓ પાસેથી ઇન્જેક્શન કેવી રીતે પડાવવું તે વિચારવા લાગ્યો. બહુ વિચારવા છતાં તેને કોઈ ઉપાય સૂઝતો ન હતો. જાણે કે તેની બુદ્ધિ અદૃશ્ય થઇ ગઈ હતી. તેને પોતાના પર ગુસ્સો આવતો હતો. ગુસ્સામાં તેણે પોતાના માથામાં બે ત્રણ ટપલીઓ પણ મારી. જોકે તેનાથી કોઈ ફરક પડ્યો નહિ. પાર્થ વિચારતો હતો ત્યાં પેલાં બે માંથી એકે કહ્યું.
'પેલાને ઇન્જેસન આલીએ...ચાલ..' કદાવર લાગતા માણસે ઇન્જેક્શન હાથમાં રમાડતાં કહ્યું.
'મને તો એવું આવડતું નથી છે.' બીજો પાતળો માણસ બોલ્યો.
'તું ચાલની...એતો હું ખોસી દેવાં. ઈમાં કંઈ જોર ની પડવાનું હોંકે..'
આ સાંભળીને પાર્થ બેબાકળો બની ગયો. તે છુપાતો છુપાતો ઓરડીની પાછળની બાજુ ભાગ્યો. 'હવે એકજ રસ્તો રહ્યો હતો. શ્રીયા અને ઝકીયાને જાણ કરવાનો. જો તે લોકો ગુંડાઓને રોકી શકે તો ઠીક છે, નહિ તો.....' તે આગળ વિચારી શક્યો નહિ.
પાર્થ ફટાફટ પીપડા પર ચઢીને જાળિયામાંથી ડોકિયું કર્યું. તેણે જોયું તો શ્રીયા અને ઝકીયા લીલીયાના પલંગ પર બેઠેલાં હતાં. તેણે ધીરેથી બુમ પાડી.
'સીસ...શ્રીયા...!!' ઝકીયાનું ધ્યાન બારી તરફ ગયું. તેણે કહ્યું.
'પાર્થીયો આવ્યો....' બંને ઉભાં થઈને બારીની નજીક આવ્યાં.
'તમે સુટી કેવી રીતે ગયાં?'
'જાતે..આ ઝકીયાએ દોરડી કાપી કાઢી.'
'એ સારું કર્યું. હવે સાંભળો...પેલાં બે ગુંડાઓ લીલીયાને ઇન્જેક્શન આપવા આવસઅ. ગમે તેમ કરીને તમે એમને રોકજો.'
'જો ફરીથી લીલીયાને ઇન્જેક્શન આપ્યું તો પતી ગયું, શ્રીયા આપણે કંઇક કરવું પડશે.'
'હા, પણ શું કરીએ?' શ્રીયા વિચાર કરતાં બોલી.
'તમે બે જણ જલદી વિચારો. હમણાં પેલાં આવી પોંચસે.' પાર્થ બોલ્યો.
શ્રીયા કંઈ કહેવા જાય તે પહેલાં દરવાજાનું તાળું ખોલવાનો અવાજ આવ્યો.
'તમે લીલીયાને બચાવી લેજો..' કહેતો પાર્થ નીચે ઉતરી ગયો.
શ્રીયા અને ઝકીયા ઝડપથી દોડીને તેઓ બેઠાં હતાં તે બાંકડા પર આવીને બેસી ગયાં. બંનેએ પોતાના હાથ પર દોરી વીંટી દીધી. જેથી બંને બંધાયેલા લાગે. દરવાજો ખોલીને બંને મવાલીઓ અંદર આવ્યાં. તેમને જોઇને શ્રીયા બોલી.
'ભાઈ..ઓ ભાઈ...અમારે બાથરૂમ જવું છે.'
'હા...અમને લઇ જાઓ ને બહુ જોરથી બાથરૂમ લાગ્યું છે.'
'હમણાં તમને બાર લઇ જવાના છે. પે'લાં આ ઇન્જેક્શન આલવા દે.' પહેલવાન જેવા માણસે કહ્યું. તે લીલીયા તરફ આગળ વધ્યો. તેની પાછળ બીજો પાતળો માણસ પણ ચાલ્યો.
ઝકીયાએ શ્રીયાને ઈશારો કરીને તેની પાછળ આવવા કહ્યું. પેલો પહેલવાન લીલીયા પાસે પહોંચ્યો. તે લીલીયાને જોઈ રહ્યો. સુકલકડી શરીર અને લીલી ચામડી ધરાવતો લીલીયો તેને કોઈ જંગલી માણસ લાગતો હતો. 'આવાં જંગલી માણસની કામથને શી જરૂર પડી હશે?' વિચારતાં તેણે બોક્ષમાંથી ઇન્જેક્શન કાઢ્યું. બોક્ષના બીજા ખાનામાં મુકેલી નીડલ બીજા હાથમાં લઈને ફીટ કરવા ગયો, તે જ સમયે પાછળથી તેને તેના સુકલકડી સાથીદારનો ધક્કો

વાગ્યો.
ધક્કો વાગવાને કારણે તેના હાથમાં રહેલું ઇન્જેક્શન છટકીને નીચે પછડાયું અને તેની સિરીંજ હથેળીમાં ઘુસી ગઈ. દર્દથી તે ચીસ પાડી ઉઠ્યો. તેણે ધક્કો મારનાર તેના સાથીને ગાળ દઈને એક ઝાપટ ઠોકી દીધી. પેલો ગાલ પંપાળતો ખુલાસો કરવા ગયો, ત્યાં નીચે પડેલા ઇન્જેક્શનને ઝકીયાએ લાત મારીને શ્રીયા તરફ ધકેલ્યું. હવે પેલાં માણસને ખબર પડી કે પાછળથી ઝકીયાએ તેને ધક્કો મારતાં તે તેને અથડાયો હતો.
જેવું ઇન્જેક્શન શ્રીયા પાસે આવ્યું તેવું જ તેણે હાથમાં લઈ લીધું. આ જોઇને તે શ્રીયા તરફ દોડ્યો. તે શ્રીયાની નજીક પહોંચે તે પહેલાં શ્રીયાએ તેને જોરથી જમીન પર પછાડ્યું. કાચનું ઇન્જેક્શન ફૂટી ગયું અને તેમાંથી દવા જમીન પર રેલાઈ ગઈ. આ જોઇને પેલાં પહેલવાનને શ્રીયા પર ગુસ્સો આવ્યો. તે બરાડ્યો.
'પકડ એ પોઈરીને...!' આ બધું જોઈ રહેલો પાતળો માણસ જાણે ભાનમાં આવ્યો હોય તેમ ઝકીયાને પકડવા ભાગ્યો. ઝકીયાએ દરવાજા તરફ ભાગતાં બુમ પાડી.
'શ્રીયા ભાગ...!' શ્રીયા પણ બારણા તરફ ભાગવા લાગી.
અંદરથી સ્ટોપર લાગવેલો દરવાજો ઝડપથી ખોલીને ઝકીયા બહાર ભાગી. તે બહાર ઊભેલાં એક માણસ સાથે અથડાઈ ગઈ. તે માણસે ઝકીયાના ગળે તેનો એક હાથ ભરાવી દીધો. પાછળ આવતી શ્રીયા કંઈ વિચારે તે પહેલાં પાછળ આવતાં પહેલવાને તેનો હાથ પકડીને ખેંચ્યો. જાણે બ્રેક વાગી હોય તેમ શ્રીયા ત્યાં જ ખોડાઈ ગઈ. દૂર ઊભો રહીને આ બધું જોતા પાર્થે આંખો બંધ કરી દીધી. તે ઓરડીની લગોલગ દરવાજાની દીવાલ પાછળ ઊભો હતો.
'હવે ખેલ ખલાસ...' પાર્થ મનોમન બોલ્યો.
ઝકીયાને પકડનાર માણસ, પહેલવાન સામે જોઇને હસ્યો. પહેલવાને શ્રીયાનો હાથ પકડીને પાછળની તરફ મરડ્યો. શ્રીયાએ દર્દથી બુમ પાડી.
'હારુ થયું તું આવ્યો.' પહેલવાને પેલાં નવા માણસને કહ્યું.
ત્રણે જણે ભેગાં થઈને શ્રીયા અને ઝ્કીયાના હાથ બાંધીને મ્હો પર કપડું બાંધી દીધું. બંનેને રૂમમાં લાવીને બાંકડા સાથે બાંધી દીધાં, જેથી ચસકી ન શકે. સુકલકડી માણસે ઇન્જેક્શનના ટુકડા વીણીને કપડાથી દવા લુછી નાખી. ત્રણે જણે રૂમમાંથી બહાર આવીને તાળું મારી દીધું.
'પોયરીએ ઇન્જેક્શન તોડી નાખ્યું, હવે શું કરવા?'
'કશું નહિ, કોઈને કે'વાનું ની, સમજ્યો?'
'એમ કેવાં કે ઇન્જેક્શન આલી દીધું. કોઈને ખબર હઉ ની પડે.'
'આ પોઈરીઓને તો અંધારું થાય એટલે આપડે ગીરા ધોધમાં લઇ જઈને ધક્કો મારવાનો હે.'
'શું વાત કરતો છે?'
'કલ્લુએ એના માટે જ મને મોકલ્યો હે.'
'બે પોયરીને પતાવી દેવાની...?'
'હા... કોઈને ખબર હઉ ની પડે. ની પતાવીએ તો પોલીસનું લફરું ઊભું થાહે.'
ત્રણે જણની વાતો પાર્થને સ્પષ્ટ રીતે સંભળાતી હતી. રાત્રે શ્રીયા અને ઝ્કીયાને ગીરા ધોધમાં ધક્કો મારીને ડુબાડી દેવાની હતી તે વાત સાંભળીને પાર્થ ઢીલો થઇ ગયો. તેને રડવું આવતું હતું.

&&&

પવન ગાંડો થયો હોય તેમ જંગલમાં ઘુમરીઓ લેતો ફરતો હતો. તેના સપાટામાં આવતાં ઝાડ વાંકા વળીને તેને રસ્તો આપતાં હતાં. જે ઝાડ ઝુકે નહિ તેને પવન પોતાની તાકાતથી જમીનદોસ્ત કરી દેતો હતો. ઘેટાંનાં ટોળાને હાંકતો હોય તેમ પવન વાદળોને હાંકતો આગળ

ધસી રહ્યો હતો. કાળા ડીબાંગ વાદળો ઘેરાતાં સાંજ વહેલી પડી ગઈ હતી. વરસાદ ગમે ત્યારે તૂટી પડે તેવું લાગતું હતું.

પવનના સુસવાટા અને કાળા વાદળોને જોતો પાર્થ નિરાશ થઈને બેઠો હતો. તેના મનમાં એકજ આશા હતી. હવે તો લીલીયો જ શ્રીયા અને ઝકીયાને બચાવી શકે તેમ છે. એટલું સારું થયું હતું કે લીલીયાને ઇન્જેક્શન આપવામાં કલ્લુના ગુંડાઓ નિષ્ફળ ગયા હતાં.

'ભાગી છૂટવાનો એક મોકો મળ્યો હતો તે પણ ગુમાવવો પડ્યો. પેલો ત્રીજો ગુંડો જો ન આવ્યો હોત તો આપણે બંને ભાગવામાં સફળ થઇ ગયાં હોત. હવે પાછાં કેદમાં પુરાઈ જવું પડ્યું. અધૂરામાં પૂરું હાથ-પગ અને મ્હો પણ બાંધી દીધાં, જેથી એકબીજા સાથે વાત પણ ન થઇ શકે.' ઝકીયા સાથે આંખોથી વાત કરતી હોય તેમ શ્રીયા વિચારતી હતી.

'આ લીલીયો કેમ હજુ જાગ્યો નહિ હોય? સારું થયું એનું ઇન્જેક્શન આપણે તોડી નાખ્યું. હવે તો પાર્થ પોલીસને લઈને આવે તો સારું.' ઝકીયા પણ આંખોથી શ્રીયા સાથે વાત કરતી હોય તેમ તેને જોઈ રહી હતી.

'જાળિયામાંથી ઠંડો પવન આવે છે. બહાર અંધારું પણ થયું લાગે છે. નક્કી ક્યાંક વરસાદ પડતો હશે.'

'બારણાંની તિરાડમાંથી આવતો પવન સુસવાટા મારે છે. વાવાઝોડું આવ્યું લાગે છે.'

'હવે શું કરીશું શ્રીયા? આપણે તો પાછાં ફસાઈ ગયાં!'

'તું ચિંતા કરીશ નહિ, બધું બરાબર થઇ જશે.'

'હવે તો પાર્થીયો આપણને બચાવે તો સારું.'

'લીલીયો જાગે તો કોઈની જરૂર નહિ પડે.'

'હા, પણ એતો નિરાંતે ઊંઘે છે. ઝકીયા તને શું લાગે છે?'

'મને તો કશું લાગતું નથી. મારું મગજ કામ કરતું નથી.'

'ખબર નહિ, મમ્મી-પપ્પાનું શું થયું હશે?'

'એ લોકો પણ ટેન્શનમાં હશે. આપણને શોધતા હશે.'

બંને બહેનપણીઓ આંખોના હાવભાવથી એકબીજા સાથે વાતો કરતી હતી. તેઓ એકબીજાના મનોભાવ સમજતાં હતાં. બહાર તોફાને ચઢેલા પવનની જેમ તેમનું મન પણ વિચારોની ઘુમરીમાં અટવાયું હતું.

બહાર બેઠેલાં પેલાં ત્રણમાંથી એક જણે કલ્લુને ફોન કરીને આગળ શું કરવું તે પૂછી લીધું. કલ્લુનો હુકમ તેણે બાકીના બે જણને જણાવ્યો. પહેલવાને ઉપર આકાશ તરફ જોઇ પરસ્થિતિનો તાગ કાઢતાં સુકલકડી માણસને સુચના આપી. સુકલકડી નવા આવેલાં માણસની જીપમાં જઈને દોરડું લઇ આવ્યો. ત્રણે જણ ઓરડી તરફ જવા લાગ્યાં.

પવનથી બચવા પાર્થ, ઝાડને લપાઈને બેઠો બેઠો આ લોકોની હરકત જોઈ રહ્યો હતો. તેમને ઓરડી તરફ જતાં જોઇને તે ચમકીને ઊભો થયો. પાર્થ સમજી ગયો, કે હવે તે લોકો શ્રીયા અને ઝકીયાને લઇ જઈને....!

$$$$

પ્રકરણ-૧૭

બાળકોની મદદે લીલીયો

અડધો કલાક સુધી વાવાજોડું તેના તોફાની પંજાથી જંગલને ધમરોળતું રહ્યું. ઘાઘરી અને ઓઢણીને સાચવવામાં પાર્થ થાકી ગયો હતો. ઓઢણી પકડે તો ઘાઘરી ઉડવા લાગે અને ઘાઘરી સંભાળે તો ઓઢણી પવનમાં ખેંચાઇ જાય. ઓઢણી પકડીને અને ઘાઘરી પગમાં દબાવીને તે ઝાડ નીચે બેઠો બેઠો પેલાં લોકો પર નજર રાખી રહ્યો હતો. તે લોકો ઓરડીમાં ગયાં હતાં, તેનો મતલબ તે સમજી ગયો હતો. તેને શ્રીયા અને ઝ્કીયાની ચિંતા થતી હતી.

તેમને બચાવવા માટે કોઈ ઉપાય સૂઝતો ન હતો. તે એકલો પેલાં ત્રણ ગુંડાઓ સામે લડવા માટે સક્ષમ ન હતો. આટલામાં એવું કોઈ દેખાતું ન હતું કે જેની મદદ લઇ શકાય. તેની પાસે મોબાઈલ પણ ન હતો. એક એક પળ તેને એક એક કલાક જેટલી મોટી લાગતી હતી.

થોડીવારમાં ઓરડીનો દરવાજો ખુલ્યો. પેલાં ત્રણ ગુંડાઓ શ્રીયા અને ઝ્કીયાને દોરડેથી બાંધીને બહાર લઇ આવ્યાં. તેમના મ્હો પર કપડું બાંધેલું હતું અને બંનેના હાથ પાછળ બાંધીને બંનેના દોરડાનો એક એક છેડો પહેલવાને પકડ્યો હતો. બે જણે તેમને જીપની પાછળની સીટમાં બેસાડયા. નવા આવેલા ગુંડાએ જીપ ચાલુ કરી. પહેલવાન, પાછળ શ્રીયા અને ઝ્કીયાની બાજુમાં બેસી ગયો. ધૂળની ડમરી ઉડતી હોવાથી પાર્થને સ્પષ્ટ દેખાતું ન હતું.

ઘરરરરર...અવાજ અને આંચકા સાથે જીપ ભાગી. પાર્થ જીપની પાછળ ભાગ્યો પણ ત્યાં ઊભેલા સુકલકડી માણસને જોઇને તે અટકી ગયો. પેલો માણસ હજુ પણ જીપને જોઈ રહ્યો હતો. પાર્થ તરફ તેની પૂંઠ હતી. પાર્થે જોયું તો ઓરડીનું બારણું ખુલ્લું હતું. પેલાં લોકો શ્રીયા અને ઝ્કીયાને બહાર લાવ્યા પછી બારણું બંધ કરવાનું ભૂલી ગયાં હતાં. પાર્થના મનમાં વિચાર ઝબકયો.

પેલો માણસ ઓરડીનો દરવાજો જુએ અને તે બંધ કરે તે પહેલાં પાર્થ દોડ્યો. ઝડપથી ઓરડીમાં આવીને તેણે અંદરથી દરવાજો બંધ કરીને સ્ટોપર વાસી દીધી. ચાલીસ ફૂટ દોડવામાં તો તેને હાંફ ચઢી ગઈ. ઓરડી બંધ કરીને તે લીલીયા પાસે આવ્યો. હજુ પણ લીલીયો ઊંઘતો હતો.

સુકલકડી થોડીવારે લીમડાના ઝાડ પાસે પાથરેલા ખાટલા તરફ ગયો. જતાં જતાં તેની નજર બારણા પર પડી. બારણું વાસેલું હોવાથી તે સમજ્યો કે તેના માણસોએ તે બંધ કર્યું છે. ઝાડ નીચે આવીને તે ખાટલા પર બેઠો અને બીડી સળગાવી.

પાર્થે લીલીયાને ઢંઢોળ્યો પણ તે તો મડદાની જેમ પડ્યો રહ્યો. પાર્થે તેના કાન પાસે મ્હો લઇ જઇને થોડીક મોટેથી બુમ મારી.

‘લીલી..યા....!’ પાર્થની એ બુમ લીલીયાને સંભળાઈ નહિ. પાર્થે તેને આખેઆખો હચમચાવી નાખ્યો. તેને શ્રીયા અને ઝકીયા યાદ આવી ગયાં. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. અચાનક તેને ચાનક ચઢી હોય તેમ તે લીલીયાના ચહેરા ઉપર થપ્પડો મારતો કહેવા લાગ્યો.

‘ઉઠ..લીલીયા...ઉઠ....તું ઉંઘી રઈસ તો પેલાં બે મરી જસે.....ઉઠ જલ્દી ઉઠ.....શ્રીયા ને ઝકીયાને બચાવ.....લીલીયા.....લીલીયા.....’ બોલતો બોલતો પાર્થ રડવા લાગ્યો. તેના ગળામાં ડૂમો બાઝી ગયો હોવાથી તે આગળ બોલી શક્યો નહિ. લીલિયાની છાતી પર માથું મુકીને તે હીબકાં ભરવા લાગ્યો. વરસાદ પણ પાર્થના દુઃખમાં સહભાગી થતો હોય તેમ મુશળધાર વરસી પડ્યો.

&&&

થોડીવાર પહેલાં ડામોરે એક જીપ ફાર્મમાં જતી જોઈ હતી. અડધો કલાકમાં તે જીપ બહાર

નીકળીને વઘઈ તરફ ગઈ હતી. તે સમયે આંધી અને વાવાજોડું એટલું બધું હતું કે જીપમાં કોણ બેઠું હતું તે પણ દેખાયું નહિ. ડામોર પણ આંધીથી ત્રાસી ગયો હતો. તેણે પરમારને ફોન કરીને જીપના સમાચાર આપ્યા. પરમારે કહ્યું, 'જ્યાં સુધી હું કહું નહિ ત્યાં સુધી તું ત્યાં જ રહેજે. ડામોરને લાગતું હતું કે જીપ નીકળી ગઈ છે. હવે અંદર કોણ હશે? તેણે અંદર જઈને તપાસ કરવાનું વિચાર્યું પણ અંદર કેટલાં માણસો હશે અને તે કોણ હશે તેનો અંદાજો ન હતો, એટલે એકલા અંદર જવામાં જોખમ હતું. એટલામાં અચાનક ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો.

વરસાદથી બચવા ડામોર બાઈક રોડ પાસે મુકીને સાઈડમાં આવેલાં એક ઝુંપડાની ઓથે જઈને ઊભો રહી ગયો. દોડીને જવા છતાં તે અડધો પલળી ગયો હતો. અત્યારે વરસાદ તેને દુશ્મન જેવો લાગતો હતો.

&&&

વાવાઝોડાના લીધે જીપ ધીમે ચાલતી હતી ત્યાં વરસાદ તૂટી પડ્યો. સાંબેલાધારે વરસાદ પડવો શરુ થયો હોઈ, રોડપર કશું દેખાતું ન હતું. જીપ ચલાવતો ગુંડો અકળાયો. ગાળ બોલીને તેણે જીપ ધીમી પાડી.

'અતારના આ વરસાદ કંઈથી મંડાણો?' પહેલવાન રોષે ભરાઈને બોલ્યો.

'ધીમે ધીમે જઈસુ, કામ તો પતાવવા પડહે કે ની?'

કશો જવાબ આપ્યા વિના પહેલવાને ખીસામાંથી બીડી સળગાવીને ડ્રાઈવરને આપી. બીજી બીડી સળગાવીને પોતે પીવા લાગ્યો. બીડીની વાસથી શ્રીયા અને ઝકીયાને અકળામણ થતી હતી પણ તેઓ કશું કરી શકે તેમ ન હતાં. બંનેના મ્હો પણ બાંધેલા હતા એટલે તેઓ વાત પણ કરી શકતાં ન હતાં. આ લોકો તેમને ક્યાં લઇ જાય છે, તેની પણ તેમને ખબર ન હતી.

'કદાચ આ લોકો અમને પેલી લેબોરેટરીમાં લઇ જતાં હશે પણ ત્યાં શું કામ લઇ જાય? અમે લીલીયાને ભગાડીને લઇ ગયાં તે પેલી સ્ત્રીને નહિ ગમ્યું હોય, એટલે તેણે અમને પકડવા ગુંડાઓ મોકલ્યા હશે.' શ્રીયા મનમાં વિચારતી હતી.

તો બીજી બાજુ ઝકીયા વિચારતી હતી. 'આ ગુંડાઓ અમને કોની પાસે લઇ જતાં હશે? ક્યાંક કોઈને વેચવા માટે તો નથી લઇ જતાં ને! એવુંજ હશે, નહિતર આટલા તોફાની વરસાદમાં કોઈ નીકળે નહિ. પાર્થીયાએ અમને જોયા હોય તો સારું.'

ગુંડાઓ ગીરા ધોધમાં તેમને ડુબાડી દેવા લઇ જાય છે, તે વાતની ખબર જો શ્રીયા અને ઝ્કીયાને હોત, તો આવી અટકળો કરવાને બદલે તેઓ ભાગી જવાનું વિચારતાં હોત. થોડે આગળ જઈને જીપ કાચા રસ્તે ફંટાઈ. ચઢાણવાળા રસ્તા પર જીપ જતી હતી. વરસાદ એકધારો પડ્યે જતો હતો. ઘેરાયેલા વાદળાને લીધે સાંજના સાત વાગે પણ રાત જેવું અંધારું હતું. ઉપરથી પડતો વરસાદ ઝાડ પરથી રેલાઈને નીચે પડતો હતો. વાદળોની ગર્જના વચ્ચે ક્યારેક વીજળી ચમકી જતી હતી.

થોડે ઉપર ગયાં પછી પથરાળ જમીન આવી. પેલા ગુંડાએ જીપ એકબાજુ ઉભી રાખી. વરસાદના અવાજની સાથે સાથે પાણીના ઝરણાનો અવાજ સાંભળવા લાગ્યો. પહેલવાને નીચે ઉતરીને શ્રીયા અને ઝ્કીયાને કહ્યું,

'ચલો...નીચે ઉતરો...' શ્રીયા ઝકીયા તરફ જોતી બેસી રહી. ઝકીયા પણ બેસી રહી. તેમને સમજાતું ન હતું કે આટલા વરસાદમાં આ લોકો તેમને ક્યાં લઇ જતાં હતાં?

'નીચે ઉતરો...સંભળાતું નથી?' પહેલવાને ઘાંટો પાડીને બંનેના હાથ બાંધેલું દોરડું જોરથી ખેંચ્યુ.

શ્રીયા અને ઝકીયા ના છૂટકે નીચે ઉતર્યા. નીચે ઉતરતાની સાથેજ મુશળધાર

વરસાદમાં બંને પલળી ગયાં. પહેલવાન દોરડું ખેંચતો આગળ ચાલવા લાગ્યો. શ્રીયા અને ઝકીયા પાછળ ઘસડાતાં ચાલવા લાગ્યાં. તેમની પાછળ બીજો ગુંડો આવતો હતો. લગભગ દસ મિનીટ સુધી વરસાદમાં પહેલવાન તેમને પથ્થરો પર ચલાવતો રહ્યો. પથ્થર પર વહેતું પાણીનું લેવલ વધતું જતું હતું. તેઓ જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ પાણી પડવાનો અવાજ પણ વધતો ગયો. શ્રીયા અને ઝકીયાને સમજાઈ ગયું કે તેઓ કોઈ ધોધની નજીક જઈ રહ્યાં હતાં. તેમના ગોઠણ સુધી પાણી આવી ગયું હતું. પહેલવાન અટક્યો. તેણે પાછળ ચાલતાં ગુંડાને કહ્યું.

'થોડાં વચ્ચે જવું પડશે. આ લોકોને પકડ.' પેલાએ આગળ આવીને ઝકીયા અને શ્રીયાના હાથ મજબુતીથી પકડી લીધાં. તેમની સાથે કશુંક ખોટું થઇ રહ્યું છે, તેનો અંદાજ બંનેને આવી ગયો. શ્રીયા 'ઉંહ....ઉંહ...' કરતી ઉભી રહી ગઈ. ઝકીયા પણ ઊભી રહી. પેલા ગુંડાએ પાછળથી ધક્કો મારતાં કહ્યું.

'બસ હવે થોડે દૂર જવાનું છે. પછી કાયમની શાંતિ થઇ જસે.'

સાંભળીને શ્રીયા અને ઝકીયા ચમક્યાં. વીજળીના ઉજાસમાં બંનેએ એકબીજા સામે જોયું અને ભાગવાનો નિર્ણય કરી લીધો. પેલો ગુંડો તેમને આગળ ધક્કો મારે તે પહેલાં ઝકીયાએ ઉંચે કુદીને પેલાને પાછલા પગે જોરદાર કિક મારી. પાછળ ચાલતા ગુંડાએ આવા હુમલાની કલ્પના પણ કરી ન હતી. તે 'ઓય...મા....' કરતો નીચે બેસી ગયો. ઝકીયાની લાત બરાબર તેના પેટ ઉપર વાગી હતી. પેલાનો અવાજ સાંભળીને આગળ ચાલતો પહેલવાન કંઈ વિચારે તે પહેલાં, ઝકીયા અને શ્રીયાએ દોરડું જોરથી ખેંચ્યું. પહેલવાન અસાવધ હોવાથી તેના હાથમાંથી દોરડું છટકી ગયું.

શ્રીયા અને ઝકીયા બંધાયેલા હાથે દોડવા લાગ્યાં. અંધારામાં કઈ તરફ જવું તે નક્કી નહિ કરી શકતાં બંને જમણીબાજુ દોડવા લાગ્યાં. પહેલવાન અને બીજા ગુંડાને ખબર પડી ગઈ કે તેમના હાથમાંથી છોકરીઓ છટકી ગઈ છે. બંને તેમની પાછળ દોડ્યા. શ્રીયા અને ઝકીયા જોર લગાવીને અંધારામાં દોડતાં હતાં. તે સમયે વીજળી થઇ. વીજળીના અજવાળામાં બંનેએ જે દૃશ્ય જોયું તેનાથી ગભરાઈને બંને ત્યાંજ ખોડાઈ ગયાં. તેમના શ્વાસ ધમણની જેમ ચાલતાં હોવા છતાં, જાણે તે અટકી ગયાં હોય તેવું લાગતું હતું. જો તેમના મ્હો પર પટ્ટી બાંધી ન હોત તો તેઓ જરૂર ચીસ પાડી ઊઠયાં હોત.

તેમનાથી ચાર ડગલાં આગળ જ પથ્થર પૂરો થતો હતો અને ખીણ શરુ થતી હતી. ખીણમાં પથ્થરો પરથી ધસમસતું પાણી, ધોધ સ્વરૂપે નીચે પડતું હતું. જો વીજળી ન ચમકી હોત તો બંને ધોધના ઊંડા ધરામાં પટકાયા હોત. મોત તેમનાથી ચાર ડગલાં આગળ હતું. થોડી ક્ષણોમાં સ્વસ્થ થઈને બંને પાછળ ફરીને ભાગવા ગયાં, તે જ સમયે પેલાં બે ગુંડા તેમની સામે આવીને ઊભાં રહ્યાં. ચાર ડગલાં પાછળ પણ મોત તેમની રાહ જોતું હતું. શ્રીયા અને ઝકીયા કંઈ વિચારે તે પહેલાં પહેલવાને દોડીને ઝકીયાને બાથમાં જકડી લીધી. બીજા ગુંડાએ શ્રીયાને બોચીમાંથી પકડી લીધી. બંનેને તેઓ પથ્થરની કરાડ પર ઘસડી લાવ્યાં.

ડોકું હલાવીને શ્રીયા અને ઝકીયા ગુંડાઓને વિનવતાં હતાં. તેમના મ્હો બાંધેલા હોવાથી તેઓ બોલી શકતાં ન હતાં. મોતના ભયથી બંને રડવા લાગ્યાં. તેમની આંખોમાંથી આંસુ દદડીને વરસાદમાં ભળી જતાં હતાં. છેવટના ઉપાય તરીકે બંને નીચે બેસી પડ્યા અને પથ્થરના ખાંચામાં પગ ભરાવીને બચવા પ્રયત્ન કરવા લાગ્યા.

જોકે તેમના પ્રયત્નો કારગર નીવડ્યા નહિ. ગુંડાઓએ તેમનું પાશવી જોર અજમાવીને બંનેને જોરથી ધક્કો માર્યો. થોડીક ક્ષણોમાં તો બંને જળધોધમાં ફંગોળાઈને ઊંડા ધરામાં અદૃશ્ય થઇ ગયાં. બંને ગુંડાઓએ એકમેક સામે જોઇને મુક્ત હાસ્ય વેર્યું. એક નજર નીચે

નાખીને બંને વિજયની અદામાં જીપ તરફ ચાલ્યા.

ઝકીયા અને શ્રીયા ઉપરથી નીચે પડ્યાં ત્યારે તેમને લાગ્યું કે હમણાં જ તેમનું હૃદય બંધ થઇ જશે. નીચે ઊંડા ધરામાં બંને થોડેક ઊંડે સુધી ગયાં. શ્રીયાને તરતાં આવડતું ન હતું. ઝકીયાને તરતાં આવડતું હતું. તેના હાથ બંધાયેલાં હોવા છતાં તે પગ હલાવીને તરવા લાગી. અંધારું હોવાથી તેને શ્રીયા દેખાઈ નહિ. તે કશું વિચારે તે પહેલાં તો કોઈએ તેનો હાથ પકડીને ઝડપથી ઉપરની તરફ ખેંચી. થોડીક સેકન્ડમાં તો તે ઉપર આવી ગઈ. સપાટી ઉપર આવીને તેણે ઊંડો શ્વાસ લીધો ત્યાં તો કોઈએ તેને ફૂલની જેમ ઊંચકીને કિનારા પર મૂકી દીધી.

$$$$

પ્રકરણ-૧૮
કામથ અને કલ્લુ ગેંગની ધરપકડ

'કોણ હશે? શ્રીયાનું શું થયું હશે?' ઝકીયા વિચારતી હતી, ત્યાં વીજળી થઇ. તેના ઝબકારામાં તેણે જે જોયું તેનાથી તે આનંદિત થઇ ઉઠી.

ઝકીયાએ જોયું, તો તેની બાજુમાં શ્રીયા ઉંધી સુતી હતી અને લીલીયો તેની પીઠ દબાવીને પેટમાંથી પાણી કાઢતો હતો. શ્રીયા પાણી પી ગઈ હતી.

'લીલીયા...ઓહ..શ્રીયાને શું થયું છે?'

'પાણી ભરાઈ ગયું છે. હમણાં ઓલ રાઈટ થઇ જશે.' લીલીયાએ કહ્યું.

થોડીવારમાં શ્રીયા સળવળી. લીલિયાએ તેને ચત્તી કરી. શ્રીયાએ આંખો ખોલી. લીલીયાને જોઇને તે એકદમ બેઠી થઇ ગઈ.

'લીલીયા... ઝ્કીયાને બચાવ...!' હજુ તેની નજર ઝકીયા પર નહોતી પડી.

'હું અહીં જ છું શ્રીયા. લીલીયાએ જ આપણને બચાવ્યાં છે.' કહેતી ઝકીયા શ્રીયાને વળગી પડી.

'લીલીયા...થેંક યુ યાર...!' કહેતી શ્રીયા લીલીયાને વળગી પડી. ઝકીયા પણ લીલીયાને ભેટી પડી. શ્રીયા અને ઝ્કીયાની આંખોમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. ત્રણેય એકબીજાની હુંફ અનુભવી રહ્યાં. વરસાદ થોડો ધીમો પડી ગયો હતો.

'પાર્થીયો ક્યાં છે લીલીયા..?'

'એ ઉપર આપણી રાહ જુએ છે.' લીલીયાએ કહ્યું.

'ગ્રેટ...ચાલો ઉપર...ત્યાં પેલાં ગુંડાઓ પણ હશે.' તે જ સમયે જીપનો અવાજ સંભળાયો.

શ્રીયા, ઝકીયા અને લીલીયો, પથ્થરો ચઢીને ઉપરની તરફ ભાગ્યા. રસ્તાની બંને બાજુએ નાની નાની હાટડીઓ હતી. દિવસે ત્યાં બેસીને અહીંના લોકો ફળ-ફૂલ અને અહીંની વસ્તુઓ વેચતા હશે. ઉપર જતાં તેમને દૂર જતી જીપનો અવાજ સંભળાયો.

'લીલીયા એ ગુંડાઓને પકડવા પડશે.'

'તમે અહીં ઊભા રહો, હું પકડું છું.' કહેતો લીલીયો જીપના અવાજની દિશામાં દોડ્યો.

'પાર્થીયા....! પાર્થીયા.....!!'

'પાર્થ.....ઓ પાર્થ....!' ઝકીયા અને શ્રીયા બુમ પાડીને પાર્થને શોધવા લાગ્યાં.

થોડે દૂર જતાં પાર્થનો અવાજ સંભળાયો.

'શ્રીયા...ઝકીયા....આ બાજુ આવો. હું અહીંયા સુ.'

અવાજની દિશામાં શ્રીયા અને ઝકીયા દોડ્યાં. થોડેક ગયાં પછી આછા અજવાળામાં સામેથી કોઈ આદિવાસી છોકરી આવતી દેખાઈ. તેને જોઇને શ્રીયા અને ઝકીયા વિચારમાં પડી ગયાં. નજીક આવતાં બંને તે છોકરીને જોઈ રહ્યાં. તે પાર્થ હતો. તેના ડ્રેસના કારણે શ્રીયા અને ઝકીયા તેને ઓળખી શક્યાં ન હતાં.

'સું થયું...? કેમ ચૂપ થઇ ગયાં?' પાર્થનો અવાજ સાંભળીને બંનેને નવાઈ લાગી. થોડીવાર પછી તેમને સમજાયું કે છોકરીના વેશમાં પાર્થ હતો.

'પાર્થીયા...તું છે?' શ્રીયાને નવાઇ લાગી.

દોડીને તેઓ એકબીજાને ભેટી પડ્યાં. બંનેને સાજાં જોઇને પાર્થ ખુશીનો માર્યો કશું બોલ્યા વિના રડવા લાગ્યો. ત્રણે જણ એક પથ્થર પર બેઠા. શ્રીયા અને ઝકીયાએ શું બન્યું

હતું તેની વાત કરી.

'અમને તો હતું કે બસ, હવે અમે નહિ બચીએ. એટલામાં લીલીયાએ આવીને અમને બચાવી લીધાં.'

'હા પણ મને એ નથી સમજાતું કે લીલીયો અહીં આવ્યો કેવી રીતે?' ઝ્કીયાએ પૂછ્યું.

'અને તેં આ છોકરીના કપડાં કેમ પહેર્યા છે?' શ્રીયા બોલી.

જંગલમાંથી જીપ પર બેસીને તે કેવીરીતે આવ્યો હતો તે અને છોકરીનાં કપડાં કેવી રીતે પહેરવાં પડ્યાં તે વાત પાર્થે માંડીને કરી. તેની વાત સાંભળીને શ્રીયા તો હસી હસીને બેવડ વળી ગઈ. પાર્થ અને ઝકીયા પણ હસવા લાગ્યાં. પાર્થે વાત આગળ વધારતાં કહ્યું.

'પેલાં બે ગુંડાઓ તમને લઈને જીપમાં નીકળ્યા એ મેં જોયું'તું. પછી તો ઓરડીનું બારણું ખુલ્લું જોઇને હું અંદર પેઠો અને અંદરથી બારણું બંધ કરી દીધું. પેલો તીજો ગુંડો બાર હતો. અંદર આવીને મેં લીલીયાને કેટલોયે ઢંઢોળ્યો, એને કેટલાયે લાફા માર્યા ત્યારે એ ઉઠ્યો. મેં લીલીયાને બધી વાત કરી. મારી વાત સાંભળીને લીલીયાએ મને પૂછ્યું.'

'એમને ગુંડાઓ ક્યાં લઇ ગયાં છે?'

મેં કહ્યું, 'ગીરા ધોધ પર. એ લોકો શ્રીયા અને ઝ્કીયાને ગીરા ધોધમાં નાખી દેવાના સે.'

ગીરા ધોધનું નામ સાંભળીને એણે આંખો બંધ કરી. થોડીવારે આંખો ખોલીને મને કે'વા લાગ્યો.

'ચાલ આપણે ગીરા ધોધ જઈએ.' એણે તો મને ઊંચકીને એના ખભે બેસાડી દીધો અને દોડવા માંડ્યો. તેણે લાત મારીને દરવાજો તોડી નાખ્યો. બહાર ઉભેલો પેલો ગુંડો એને પકડવા દોડ્યો. એ નજીક આયો ત્યારે લીલીયાએ હાથેથી એક ઝાપટ મારી. પેલો દૂર... ઉડીને ઝાડને અથડાયો. અને પછી તો લીલીયો જે દોડ્યો સઅ...જે દોડ્યો સઅ...ફાસમફાસ..'

'પછી તેને ખબર કેવી રીતે પડી કે અમને અંદર નાખી દીધા છે?'

'અમે ત્યાં પહોંચ્યા તારે, એ ગુંડાઓ તમને બેને નીચે નાંખવાની તૈયારીમાં હતાં. લીલીયો જોર લગાવીને દોડ્યો. એ તમને બચાવે, એ પે'લાં તો એ લોકોએ તમને નીચે ધક્કો મારી દીધી'તો, એટલે તમને બચાવવા માટે, એ પણ ધરામાં કુદી પડ્યો.'

'જો તમે લોકો થોડાં લેટ પહોંચ્યા હોત તો અમે....' શ્રીયાના મ્હો પર હાથ મુકતાં પાર્થે કહ્યું.

'જે થયું નથી એના વિષે વિચારીને સું ફાયદો? તું જો, હમણાં લીલીયો પેલાં બે ગુંડાઓની સી દશા કર સઅ.'

ત્રણે જણ વાતો કરતાં હતાં ત્યાં લીલીયો પેલાં બે ગુંડાઓને ઢસડીને લઇ આવ્યો અને તેમની આગળ ઢગલો કરતો હોય તેમ નાખ્યા. પેલાં બંને માર ખાઈ ખાઈને અધમુઆ થઇ ગયાં હતાં. હવે તેઓ ભાગી શકે તેમ ન હતાં. વરસાદ પણ બંધ થઇ ગયો હતો.

&&&

થાક, ભૂખ અને ઊંઘના કારણે શ્રીયા, ઝકીયા અને પાર્થ, લીલીયાને વળગીને ઊંઘી ગયાં. ઊંઘ આવવાનું એક કારણ એ હતું કે લીલીયો જીવતો જાગતો તેમની પાસે હતો. તેમને લીલીયા ઉપર વિશ્વાસ હતો. અડધી રાત થઇ હશે ત્યાં દુરથી જીપનો અવાજ સંભળાયો. લીલીયો બેઠો થઇ ગયો. શ્રીયા, પાર્થ અને ઝકીયા પણ જાગી ગયાં. દૂરથી જીપની લાઈટો દેખાવા લાગી.

'જીપ લઈને કોણ આવતું હશે?' શ્રીયા બોલી.

'આપણે સંતાઈ જવું પડશે. ક્યાંક પેલાં ગુંડાઓના માણસો હશે તો?' ઝ્કીયાએ કહ્યું.
'હા હોં, ઝકીયા સાચું કે'છે.' બોલતો પાર્થ ઊભો થઇ ગયો. તેની સાથે બધાં ઊભાં થઇ ગયાં.
'ચાલો દુર અંધારામાં ઊભા રહીએ.' શ્રીયાએ કહ્યું.
'તમે અહીં ઊભાં રહો. હું સંતાઈ જાઉં છું.' લીલીયો બોલ્યો. ત્રણેય આશ્ચર્યથી લીલીયાને જોઈ રહ્યાં.
'હું ઠીક કહું છું.' કહેતો લીલીયો અંધારામાં ઓગળી ગયો.
'એની વાત સાચી છે. એ એલીયન છે, તે વાત આપણા સિવાય કોઈ જાણતું નથી.' ઝકીયા બોલી.
પેલી જીપ નજીક આવી. તેની લાઈટનું અજવાળું ત્રણ જણ પર પડ્યું. તેમનાથી થોડે દુર જીપ ઉભી રહી. જીપમાંથી ઇન્સેપેક્ટર પરમાર, ફોરેસ્ટ ઓફિસર રાઠોડ, કોન્સ્ટેબલ ડામોર અને બીજા બે પોલીસો નીચે ઉતર્યા.
'અરે...આતો છોકરાઓ છે. પેલાં ખોવાઈ ગયાં હતાં એ લાગે છે.' દૂરથી પરમાર બોલ્યા.
'બધાં છોકરાઓની પાસે આવીને ઊભા રહ્યાં. રાઠોડે પુછ્યું.
'તમે જંગલમાં ખોવાઈ ગયાં હતાં?'
'હા...અમને ગુંડાઓ ઉપાડી ગયાં હતાં.' શ્રીયા બોલી.
'કોણ ગુંડાઓ...?' પરમારે પૂછ્યું.
'આ નીચે પડ્યા સઅ એ..બીજું કોણ હોય...!' પાર્થે નીચે પડેલા ગુંડાઓને બતાવતાં કહ્યું.
અત્યાર સુધી કોઈની નજર ગુંડાઓ પર પડી ન હતી. પરમારે બધાને આઘા ખસેડીને જીપની લાઈટના અજવાળામાં ગુંડાઓને જોયાં. ડામોરે કહ્યું.
'અરે આતો મરી ગ્યા લાગે સે.' તેણે નીચા નમીને બે જણને તપાસ્યાં અને બોલ્યો.
'ના ના હજુ તો એ જીવે સે. બેહોશ થઇ ગ્યા લાગે સે.'
'આટલા જોરદાર કોણે માર્યા?' શ્રીયા તરફ જોઇને પરમારે પૂછ્યું.
'અમે માર્યા...' શ્રીયા કંઈ બોલે તે પહેલાં ઝકીયાએ કહ્યું.
'તમે....? યે બાત કુછ હજમ નહિ હુઈ...! પરમારે હસતાં હસતાં કહ્યું.
'તો હાજમોલા ખાવ...!' પાર્થ બોલ્યો. પરમાર ભોંઠા પડી ગયાં. તેમણે પાર્થ સામે આંખો કાઢીને જોયું. પાર્થે વાત ફેરવતાં કહ્યું.
'એતો સાહેબ...અમારા ફ્રેન્ડ લીલીયાએ માર્યા.' પાર્થે લોચો માર્યો.
'લીલીયો....? કોણ લીલીયો..? ક્યાં છે...?' રાઠોડ સવાલોની ગોળીઓ ફોડતાં પૂછવા લાગ્યાં.
'લીલીયો...? હા...એ કોઈ આદિવાસી હતો. અમે પણ એને ઓળખતાં નથી.' શ્રીયાએ પાર્થ સામે આંખો કાઢતાં કહ્યું. પાર્થ તેનો ઈશારો સમજી ગયો.
'હા સર, એ લીલીયો અને તેની સાથે બીજા ચારપાંચ માણસો હતાં.' ઝકીયાએ શ્રીયાની વાતમાં સૂર પૂરાવ્યો.
શ્રીયાએ તેમને બધી વાત કહેવાની શરુ કરી. તે લોકો જંગલમાં ભૂલા પડ્યા હતાં, ત્યારથી લઈને દીપડા સાથેના જંગની વાત, કામથ લેબોરેટરીમાં પ્રાણીઓ ઉપર થતાં અત્યાચારો અને ગેરકાયદે પ્રવૃત્તિઓની વાત, ડોક્ટર કામથના દાણચોર કલ્લુ પગી સાથેની સાંઠગાંઠની વાત, લેબોરેટરીમાંથી કેવી રીતે ભાગ્યા અને કેવી રીતે ફરીથી પકડાયા તેની વાત, તેમને મારી નાખવા ગુંડાઓએ તેમને ગીરા ધોધમાં નાખી દીધાં અને તેમાંથી કેવી રીતે આદિવાસીઓએ બચાવ્યાં અને ગુંડાઓને માર્યા તેની વાત. આ બધી વાતો ખુબજ સરસ રીતે શ્રીયાએ વર્ણવી. શ્રીયાએ એટલી ખુબીથી બધી વાતો કરી હતી કે તેને પરમાર અને રાઠોડ સાચી માની ગયાં. આમ તો

બધી વાતો સાચી હતી. તેમાં શ્રીયાએ ફક્ત એકજ વાત છુપાવી હતી. તેણે આ બધી વાતમાં લીલીયાનો ઉલ્લેખ કર્યો ન હતો. છેલ્લે આદિવાસી લીલીયાએ તેમને બચાવ્યાં હતાં, તે વાત પોલીસના મનમાં ઠસાવી દીધી.

લીલીયા ઉપર કોઈ મુસીબત ન આવે તે માટે શ્રીયાએ એલીયનની વાત છુપાવી હતી. તે પછી પરમારે બે ઘાયલ ગુંડાઓ માટે બીજા વાહનની વ્યવસ્થા કરીને તેમને હોસ્પિટલ મોકલી આપ્યાં. તેઓ ત્રણેય બાળકોને તેમની જીપમાં બેસાડીને ગેસ્ટહાઉસમાં લઇ ગયાં. તેમની જીપ પાછળ ચોક્કસ અંતર રાખીને લીલીયાને દોડતો શ્રીયાએ જોયો હતો. ગેસ્ટહાઉસમાં પરમારે ત્રણેયને ચા-નાસ્તો કરાવીને કોઈ આદિવાસી છોકરાઓના કપડાં મંગાવીને પહેરાવ્યાં. ફ્રેશ થયા પછી પરમારે શ્રીયાના પપ્પા, સૌરભને કોલ કરીને ખુશ ખબર આપ્યા અને તેમની સાથે વાત કરાવી. સૌરભ અને યામિની, તે જ સમયે તેમની કાર લઈને ત્રણેયને લેવા માટે નીકળી ગયાં.

પરમારે તેમની હેડ ઓફિસે કોલ કરીને ડોક્ટર કામથ અને કલ્લુ પગીના કારનામાની જાણ કરીને તેમને એરેસ્ટ કરવાની સુચના આપી દીધી. કલ્લુ પગીનું સરનામું પેલાં બે ગુંડાઓ પાસેથી મળી ગયું હતું. વહેલી સવારે છ વાગે ડોક્ટર કામથની લેબોરેટરી પર પોલીસે છાપો મારીને ડોક્ટર કામથ, વલ્લરી અને વિજયને પકડી લીધાં. તેના અડધા કલાકમાં બીજી ટીમે કલ્લુ પગી, ધીમરો અને તેના સાથીદારોને ઝબ્બે કર્યા. વર્ષોથી પોલીસને હાથતાળી આપીને છટકી જતો કલ્લુ પગી આજે આબાદ ઝડપાઈ ગયો હતો.

સવારે પોણા છ વાગ્યા પહેલાં સૌરભ અને યામિની વઘઈ ગેસ્ટહાઉસમાં પહોંચી ગયાં. ત્રણેય બાળકોને સાજાસારા જોઇને યામીનીના જીવમાં જીવ આવ્યો. બંને જણના મનમાં અનેક સવાલો રમતા હતાં પરંતુ બાળકો થાકેલા હતાં એટલે સવાલો મનમાં દબાવીને તેમણે વહાલ વરસાવ્યું. ત્રણેય બાળકો સૌરભ અને યામિનીની હૂંફમાં નિશ્ચિંત થઈને સુઈ ગયાં. બધાંને આખી રાતનો ઉજાગરો હતો.

&&&

યામીનીએ બાળકોને સવારે સાડા અગિયારે ઉઠાડ્યા. તે પહેલાં તેમણે ઇન્સ્પેકટર પરમાર અને ફોરેસ્ટ ઓફિસર સાથે વાત કરીને લીગલ પ્રોસીઝર વિશે જાણી લીધું હતું. પરમારે તેમને એકાદ દિવસ રોકાઈ જવા કહ્યું હતું.

બાળકો ઉઠીને તૈયાર થઇ ગયાં. આજે તેઓ ફ્રેશ લાગતા હતાં. પરમારે ગેસ્ટહાઉસમાં જ તેમના નિવેદનો લઈને આખો કેસ તૈયાર કર્યો. તેમણે સૌરભ અને યામીનીના નિવેદનો પણ લીધાં. આ બધી પ્રોસીઝરમાં બપોર થઇ ગઈ. તે પછી નવરાં પડ્યા, ત્યારે બાળકોએ સૌરભ અને યામિનીને તેમની આખી સ્ટોરી કહી સંભળાવી. તેમણે યામિનીને પણ એલીયન લીલિયાની વાત કરી ન હતી. શ્રીયાનું માનવું હતું કે અત્યારે લીલિયાની વાત કરીએ, તો તે લોકો કદાચ આ વાત પોલીસને પણ કહી દે.

સાંજે સુરતથી એક પત્રકાર અને એક લોકલ ટીવી ચેનલવાળા આવ્યાં હતાં. ત્રણેય બાળકોએ ઉત્સાહથી તેમને ઇન્ટરવ્યુ આપ્યો હતો. તે આખો દિવસ ભરચક રહ્યો હતો. બીજા દિવસે સવારે નવ વાગે તેઓ અમદાવાદ જવા નીકળ્યાં હતાં.

'દોસ્તો, અમે અમારી ડાંગની અદભૂત સફર પૂરી કરીને, પાછા અમદાવાદ જઈ રહ્યા છીએ. અમારી આ રોમાંચક સફરની વાત તમને અમદાવાદ પહોંચીને જણાવીસું, ત્યાં સુધી...બાય બાય..ટાટા..!' પાર્થે પોતાના અંદાજમાં કેમેરા સામે જોઇને કહ્યું અને તે અંદર બેસી ગયો. મોબાઈલ બંધ કરીને શ્રીયા પણ દરવાજો ખોલીને અંદર બેસી ગઈ. તે સાથેજ તેમની કાર અમદાવાદ તરફ દોડવા લાગી.

'લીલીયો દેખાયો નહિ..?!' શ્રીયા ધીમા અવાજે બોલી.

‘ખબર નહિ ક્યાં ગુમ થઇ ગયો!’ ઝકીયાને પણ નવાઈ લાગતી હતી.
‘એ એના ગ્રહ પર પાછો જતો રહ્યો લાગે સે.’
‘મને નથી લાગતું તે આપણને મળ્યા વિના જાય.’ શ્રીયા વિશ્વાસથી બોલી.
ગઈકાલે પોલીસ તે લોકોને ગેસ્ટહાઉસ લઇ આવી, તે પછી લીલીયો દેખાયો ન હતો. છેલ્લે શ્રીયાએ તેને જીપની પાછળ દોડતો જોયો હતો. ત્રણેય જણ ઉદાસ થઈને એકબીજા સામે જોઈ રહ્યાં. લીલીયો તેમને મળ્યા વિના જતો રહ્યો, તેનું દુઃખ ત્રણેયના ચહેરા પર ડોકાતું હતું. પાછળની સીટ પર મુકેલી પાણીની બોટલ લેવા શ્રીયા પાછળ ફરી. તેની નજર, તેમની કારની પાછળ આવતી ટ્રક પર પડી. તે ટ્રકની ઉપરની કેબીન પર, એક આદિવાસી માણસ પાઘડી પહેરીને બેઠો હતો.
શ્રીયા તેને જોઈ રહી. આ માણસને ક્યાંક જોયો હોય તેવું તેને લાગ્યું. તે વિચારતી હતી ત્યાં પેલાં માણસે તેના માથેથી પાઘડી ઉતારી. સુરજના પ્રકાશમાં તેની ટાલ ચમકવા લાગી. શ્રીયા તેને ઓળખી ગઈ. આવેશમાં તેનાથી બુમ પડાઈ ગઈ.
‘લીલીયો....!!’ શ્રીયાનો અવાજ સાંભળીને ઝકીયા અને પાર્થ ઉંધા ફરીને જોવા લાગ્યાં. ટ્રક પર બેઠેલા લીલીયાને જોઇને ત્રણેયના ચહેરા ખીલી ઉઠયા. તેમની આંખોમાં લીલીયો અંજાઈ ગયો.
‘કોણ લીલીયો...?’ યામિનીએ પૂછ્યું.
‘કંઈ નહિ, એતો એમજ...!’ કહેતી તે સીધી બેસી ગઈ. તેની સાથે પાર્થ અને ઝકીયા પણ સીધાં ફરીને બેસી ગયાં.
ઘડી પહેલાં મુરઝાયેલા ત્રણેયના ચહેરા ઉપર રોનક આવી ગઈ. તેઓ એકબીજાની સામે જોઇને મનમાં ને મનમાં મલકાતાં હતાં. લીલીયો તેમની સાથે અમદાવાદ આવી રહ્યો હતો, તેમના આનંદની કોઈ સીમા ન હતી.

$$$$

(Words- 29185)
Date- 31-03-2019

વાચક મિત્રો, તમને લીલિયાની આ વાર્તા ગમી હશે. ડાંગની આ સાહસકથા અહીં પૂરી થાય છે. આ શ્રેણીની બીજી વાર્તા વાંચવા માટે રાહ જુઓ. ટૂંક સમયમાં જ તમારી સમક્ષ, શ્રીયા ટોળી અને લીલીયાના પરાક્રમોનો બીજો ભાગ આવશે. લીલીયો અમદાવાદમાં પહોંચે છે? તે ત્યાં જઇને શું કરે છે? ક્યાં રહે છે? તે લોકો લીલીયાને તેમની સાથે ઓસ્ટ્રેલીયા કેવી રીતે લઇ જાય છે? ત્યાં તેઓ કેવી મુસીબતમાં ફસાય છે? તેમાંથી કેવી રીતે બહાર નીકળે છે? આ બધું જાણવા માટે બીજા ભાગની રાહ જુઓ.

$$$$

Manhar Oza
Mobile- 9712388433
Email- ozamanhar@yahoo.com
A/6 Shivdarshan Apartment, Nr. Naranpura char rasta,
Ahmedabad-389913 .